દૈનિક મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 175 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ સુદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 July 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૨૫ જુલાઈ ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઉત્તર ગુજરાતમાં મેઘતાંડવ

the ultimate
OLD GOLD
UPGRADE
TODAY'S GOLD RATE
₹ 13,257/-
PER 1 GRAM OF 22KT
BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
ANTARA
GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

## પાટણના સાંતલપુરમાં ૧૨ ઇંચ વરસાદઃ અમદાવાદ અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ અટક્યો, પણ પ્રજાની હાલાકીની વર્ષા તો ચાલુ જ છે



**જળપ્રલયઃ** પૂરગ્રસ્ત નવસારીના મેંઢાર ગામમાં ફસાયેલા લોકોને ઍરલિફ્ટ્સ કરતું તટરક્ષક દળ અને જળબંબોળ થયેલો જિલ્લાનો અન્ય વિસ્તાર. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને લીધે સામાન્ય જનજીવન હજી ખોરવાયું છે. ટ્રેનો અને વાહનવ્યવહાર લગભગ ઠપ થઈ ગયો છે અથવા બહુ જ ધીમી ગતિએ ચાલી રહ્યો છે. (પીટીઆઇ)



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના અનેક જિલ્લામાં શુક્રવારે અષાઢી મેઘાએ મહેર કરી હતી. જોકે હવે મેઘરાજાએ દક્ષિણ ગુજરાત અને અમદાવાદમાં થોડો પોરો લીધો હતો અને ઉત્તર ગુજરાતના જિલ્લામાં તાંડવ કર્યું છે. સાંજે છ વાગ્યા સુધીમાં રાજ્યના ૨૫૩ તાલુકાઓમાં વરસાદ પડ્યો હતો, સૌથી વધુ વરસાદ પાટણ જિલ્લાના સાંતલપુરમાં ૧૨.૧૭ ઇંચ વરસાદ પડ્યો હતો. જ્યારે રાધનપુરમાં ૯.૨૫ ઇંચ, ભાભરમાં ૭.૦૯ ઇંચ, દાંતીવાડામાં ૬.૮૫ ઇંચ, દિયોદરમાં ૬.૭૩ ઇંચ, મહેમદાવાદમાં ૬.૬૯ ઇંચ, થાનગઢમાં ૬.૪૬ ઇંચ, વાંકાનેરમાં ૬.૨૨ ઇંચ, નડિયાદમાં ૫.૪૩ ઇંચ, ધનસુરામાં ૪.૪૯ ઇંચ, ખેરાલુમાં ૪.૪૫ ઇંચ, હડદમાં ૪.૪૫ ઇંચ, ઓગડમાં ૪.૨૫ ઇંચ, દહેગામમાં ૪.૨૧ ઇંચ અને વિરપુરમાં ૪.૦૨ ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો.

હવામાન વિભાગ અનુસાર આગામી ૨૪ કલાકમાં અમદાવાદ, આણંદ, બનાસકાંઠા, ગાંધીનગર, ખેડા, મહેસાણા, મોરબી, પાટણ, સુરેન્દ્રનગરમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવના છે.

છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ ખેડા જિલ્લાના મહેમદાબાદ તાલુકામાં નોંધાયો છે, જ્યાં ૧૯.૯૬ ઇંચ વરસાદ પડ્યો હતો. બીજા ક્રમે અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં ૧૮.૬૨ ઇંચ વરસાદ નોંધાયો હતો. આ સિવાય નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં ૧૭.૭૬ ઇંચ, વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ૭.૦૯ ઇંચ અને નવસારીના ખેરગામ તાલુકામાં પણ ૧૭.૦૯ ઇંચ જેટલો અતિભારે વરસાદ વરસ્યો હતો. શુક્રવારે સવારના છ વાગ્યાથી લઈને સાંજના છ વાગ્યા સુધીમાં

(જુઓ પાનું ૨) ▶▶

## નવસારીમાં ઘરનાં છાપરાં પર ફસાયેલા 30 જણને ઍરલિફ્ટ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વરસાદી આફતના મારા વચ્ચે ફસાયેલા લોકો અને તંત્ર માટે ટૅક્નોલૉજી મદદે આવી છે. હેલ્પલાઈન અને અન્ય સુવિધાઓ વચ્ચે સોશ્યલ મીડિયાએ પણ તંત્ર અને જરૂરિયાતવાળા લોકો વચ્ચે સેતુ જેવું કામ કર્યું છે. આવા જ એક કિસ્સામાં સોશ્યલ મીડિયાને કારણે પૂરગ્રસ્ત વિસ્તારમાં ફસાયેલા લોકોને તંત્રએ એરલિફ્ટ કર્યા હતા.

સૂત્રો દ્વારા મળતી વિગતો અનુસાર નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ભાટ ગામમાં ઝીંગા તળાવમાં ફસાયેલા ૩૦ થી વધુ લોકોને ભારતીય કોસ્ટ ગાર્ડના હેલિકૉપ્ટરની મદદથી એરલિફ્ટ કરીને સલામત સ્થળે પહોંચાડવામાં આવ્યા હતા. ગુરુવારે અંબિકા નદીમાં પાણીનું સ્તર ઝડપથી વધી જતાં આ લોકો ફસાઈ ગયા હતા.

ફસાયેલા લોકોએ મદદ માટે અપીલ કરતો એક વીડિયો રેકોર્ડ કર્યો હતો, જે સોશ્યલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો હતો. ગુજરાત પોલીસે તાત્કાલિક આ પોસ્ટની નોંધ લીધી અને સંબંધિત અધિકારીઓને જાણ કરી હતી. જિલ્લા વહીવટીતંત્ર, ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ, ભારતીય કોસ્ટ ગાર્ડ અને અન્ય એજન્સીઓએ સાથે મળી શુક્રવારે એરલિફ્ટ ઓપરેશન દ્વારા ફસાયેલા તમામ લોકોને સફળતાપૂર્વક

(જુઓ પાનું ૨) ▶▶

# સરકાર ઍક્શનમાંઃ એનટીએના ૪૭ અધિકારીને પાણીચું

## જેન-ઝીના આંદોલન પછી સરકાર જાગીઃ આમાંના કેટલાકની સામે કાનૂની કાર્યવાહીની પણ તૈયારી

નવી દિલ્હીઃ જેન-ઝીના દેશવ્યાપી આંદોલન પછી નીટ પેપર લીક વિવાદમાં એક મોટો સખત દંડૂકો ઉગામતા, નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) એ ૪૭ અધિકારીને પાણીચું આપી દીધું છે અને તેમાંથી કેટલાક સામે કાનૂની અને ફોજદારી કાર્યવાહી કરવાની તૈયારી કરી રહી છે, તેમ અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું.

ઉચ્ચ શિક્ષણ સચિવ વિનીત જોશીને પંચાયતી રાજ મંત્રાલયમાં બદલી કરવામાં આવ્યાના એક દિવસ પછી આ પગલું આવ્યું છે.

એનટીએમાં મોટા પાયે ફેરફાર થવા જઈ રહ્યા છે અને વધુ સુધારાત્મક પગલાં લેવામાં આવશે. ઓછામાં ઓછા ૪૭ અધિકારીઓને બરતરફ કરવામાં આવ્યા છે, અને તેમાંના કેટલાક સામે કાનૂની અને ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે, એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

પેપર લીક અને સીબીએસઈ (સીબીએસઈ)ના માર્ક્સમાં ગડબડોને લઈને ફાટી નીકળેલા આક્રોશને કારણે ટોચના અધિકારીઓની બદલીઓનો સિલસિલો શરૂ થયો છે.

વિદ્યાર્થીઓનો રોષ એક વિશાળ વિરોધ

(જુઓ પાનું ૨) ▶▶

## પેપર લીક માટે ૧૦ વર્ષની જેલ, એક કરોડ રૂપિયાનો દંડ થશે

### ખરડાના મુસદ્દાને કૅબિનેટની મંજૂરીઃ સંસદમાં આગામી સપ્તાહે રજૂ કરાશે

નવી દિલ્હીઃ કેન્દ્રના પ્રધાન મંડળે પ્રશ્નપત્ર ફોડવાના કિસ્સામાં કડક સજા અને દંડની જોગવાઇ ધરાવતા ખરડાના મુસદ્દાને શુક્રવારે મંજૂરી આપી હતી. આ ખરડો આગામી સપ્તાહે સંસદમાં રજૂ કરાશે.

ખરડામાં પેપર ફૂટવાના ગુનામાં સંડોવાયેલી વ્યક્તિઓને દસ વર્ષની જેલ અને રૂપિયા એક કરોડનો દંડ કરવાની જોગવાઇ છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ સંબંધમાં જાહેરાત કરી, તેના થોડા કલાક પછી કેન્દ્રના કૅબિનેટે આ ખરડાના મુસદ્દાને મંજૂર કર્યો હતો. અગાઉના સંબંધિત ખરડામાં સાર્વજનિક પરીક્ષા (પબ્લિક એક્ઝામિનેશન્સ)માંની ગેરરીતિ નાથવા

(જુઓ પાનું ૨) ▶▶

## ધર્મેન્દ્ર પ્રધાનનું આજે રાજીનામું?

### આજ સુધીનો સમય સરકારે જવાબ માટે માગ્યો હોવાનો સીજેપીનો દાવોઃ મંત્રણામાં સરકારે સીજેપીની બે માગણી 'સૈદ્ધાંતિક' રીતે સ્વીકારી

નવી દિલ્હીઃ કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના પ્રવક્તાઓ - આશુતોષ રાંકા અને સૌરવ દાસે કેન્દ્રના પ્રધાનો - જે. પી. નડ્ડા અને જિતેન્દ્ર સિંહને શુક્રવારે મળ્યા બાદ દાવો કર્યો હતો કે સરકારે અમારી બે માગણીને 'સૈદ્ધાંતિક' રીતે સ્વીકારી છે અને શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી અંગે જવાબ આપવા આવતી કાલ (શનિવાર બપોર) સુધીનો સમય માગ્યો હતો.

દેશની મેડિકલ કૉલેજોમાંની પ્રવેશ પરીક્ષા 'નીટ-યુજી'ના પેપર ફૂટવાને મુદ્દે કેન્દ્રના શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું માગવાની સાથે દેશભરમાં થઇ રહેલા વિરોધ પ્રદર્શનની શરૂઆત બાદ સીજેપીના નેતાઓએ સરકાર સાથે આ બીજી વખત બેઠક યોજી હતી. કૉક્રોચ જનતા પાર્ટીના પ્રવક્તા

(જુઓ પાનું ૨) ▶▶

## પેપર લીક કેસમાં નિર્ણાયક પગલાં લેવાશેઃ મોદી

### મોડી રાતે વડા પ્રધાને સેલ્ફી વીડિયો દ્વારા સંદેશો પાઠવ્યો

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે મોડી રાતે ૧૧.૫૨ વાગ્યે પોસ્ટ કરેલા સેલ્ફી વીડિયો મેસેજમાં કબૂલ કર્યું હતું કે 'નીટ'ના પેપર ફૂટવાની ઘટના 'અસાધારણ' છે અને અમારી સરકાર તેના સંબંધમાં નિર્ણાયક પગલાં લેશે.

મોદીએ પોસ્ટ કરેલા આ સેલ્ફી વીડિયો મેસેજનો સમય બધાને આશ્ચર્ય પમાડે છે, કારણ કે તેમણે અગાઉ નોટબંધી વખતે કે ઑપરેશન સિંદૂર જેવા બહુ જ મહત્ત્વના સમયે પણ મોડી રાતે સંદેશો નહોતો આપ્યો. તેમણે આ ટૂંકા સંદેશામાં જણાવ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▶▶

## નીટ પેપર લીક રોકવાના પગલાં પર અમે નજર રાખીશું : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે શુક્રવારે કેન્દ્રને કહ્યું કે તે નીટ પરીક્ષા પેપર લીકને રોકવા માટે લેવામાં આવેલા પગલાં પર નજીકથી નજર રાખશે, સાથે ભાર મૂક્યો હતો કે વર્ષોથી આડેધડ લેવાતાં પગલાં મુશ્કેલીનું કારણ બની રહ્યું છે.

ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશન સહિત અનેક અરજીઓની સુનાવણી કરી રહેલા ન્યાયાધીશ પી.એસ. નરસિંહા અને આલોક આરાધેની બેન્ચે સોલિસિટર જનરલ તુષાર મહેતાને જણાવ્યું હતું કે સરકારે પારદર્શિતા, રાધાકૃષ્ણન સમિતિની ભલામણોના અમલીકરણ અને આઇઆઈટી મૉડેલને કેવી રીતે અનુસરવામાં આવશે તે તરફ લેવામાં આવેલા પગલાં સૂચવવા જોઈએ.

નીટ-યુજી પેપર લીકને પગલે શિક્ષણ મંત્રાલય દ્વારા સાત સભ્યની રાધાકૃષ્ણન સમિતિની સ્થાપના

(જુઓ પાનું ૨) ▶▶

## વિદ્યાર્થીઓ પર પોલીસનું દમનઃ સુપ્રીમ કોર્ટમાં ૨૭મીએ સુનાવણી

નવી દિલ્હીઃ 'નીટ' પેપર લીકને મામલે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસ દ્વારા કરવામાં આવેલા કથિત અત્યાચાર સંબંધિત અલગ અલગ બે અરજીની સુપ્રીમ કોર્ટ ૨૭મી જુલાઈએ સુનાવણી કરશે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી તેમ જ વી. મોહાન્નાની બનેલી ખંડપીઠે આ મામલો તેમની સમક્ષ રજૂ કરવામાં આવ્યા બાદ અરજીની સુનાવણી કરવા સહમતી દર્શાવી હતી.

પોલીસે વિદ્યાર્થીઓ વિરુદ્ધ વધારે પડતું આકરું વલણ અપનાવ્યું હતું એમ જણાવતાં વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણે કહ્યું હતું કે અમારી અને પોલીસ વચ્ચે કોર્ટ ઊભી છે.

સુપ્રીમ કોર્ટને અરજીની સુનાવણી હાથ ધરવાની વિનંતી કરતાં તેમણે કહ્યું હતું કે આ પ્રકારની સ્થિતિ દૈનિક ધોરણે સર્જાઈ રહી હોવાને કારણે આ અરજીની સુનાવણી તાકીદે હાથ ધરવી જોઈએ. શંકરનારાયણે ખંડપીઠને

(જુઓ પાનું ૨) ▶▶

## આખરે સરકારના આશ્વાસન પછી વાંગચૂકના ઉપવાસનો અંત

નવી દિલ્હીઃ સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચૂકે સરકાર તરફથી તેમની માંગણીઓ પૂર્ણ થવાની બાંહેધરી મળ્યા બાદ આખરે તેમના અનિશ્ચિત કાળના ઉપવાસનો અંત કર્યો હતો. વાંગચૂકે ગુરુવારની મધરાતે ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં કેન્દ્રીય પ્રધાનો જે. પી. નડ્ડા અને જિતેન્દ્ર સિંહને મળ્યા બાદ અને સરકાર તરફથી ખાતરી મળ્યા બાદ તેમનો ઉપવાસ સમાપ્ત કરવાની જાહેરાત કરી હતી. વાંગચૂકે એક પોસ્ટમાં જણાવ્યું કે હમણાં જ કેન્દ્રીય પ્રધાન જે. પી. નડ્ડા, ડો. જિતેન્દ્ર સિંહ અને લેહ-લદ્દાખની અપેક્સ બોડીના વરિષ્ઠ નેતાઓની ઉપસ્થિતિમાં આખરે મેં ૨૬ દિવસ પછી મારો ઉપવાસ સમાપ્ત કર્યો હતો.

## પેલેટ ગન પીડિતને રાહુલ ગાંધી મીડિયા સામે લાવ્યા

નવી દિલ્હીઃ કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના વિરોધ દરમિયાન ઇજાગ્રસ્ત થયેલા એક વ્યક્તિને મીડિયા સમક્ષ લાવ્યા હતા. રાહુલ મીડિયા સમક્ષ એ આંદોલનકારી વિદ્યાર્થીને લાવ્યા હતા કે જેને ૨૦ જુલાઇના રોજ વિરોધ પ્રદર્શન દરમિયાન સુરક્ષા કર્મચારીઓએ પેલેટ ગનથી ગોળી મારી હતી.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે ધમેન્દ્ર પ્રધાનને 'ગુનાઇત શિક્ષણ પ્રધાન' ગણાવ્યા અને ભારતની શિક્ષણ પ્રણાલીના પતનનું પ્રતીક ગણાવીને તેમને હટાવવાની માંગ કરી હતી. રાહુલ ગાંધીએ વિદ્યાર્થીઓ પર ગોળીબાર અને લાઠીચાર્જ કરનારાઓ વિરુદ્ધ કાર્યવાહી કરવાની પણ માગ કરી હતી. તેમજ તેમણે વડા પ્રધાન

(જુઓ પાનું ૨) ▶▶

## કોર્ટની કાર્યવાહી સોશ્યલ મીડિયા પર પૉસ્ટ નહીં કરી શકાયઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટના સંબંધિત સેક્રેટરી જનરલ કે હાઈ કોર્ટના રજિસ્ટ્રાર જનરલની આગોતરી મંજૂરી વિના સોશ્યલ મીડિયા અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મ પર કોર્ટની કાર્યવાહીનું રેકોર્ડિંગ, વીડિયો અપલૉડ, પૉસ્ટ, રિપૉસ્ટ કરવા પર સુપ્રીમ કોર્ટે શુક્રવારે પ્રતિબંધ મૂક્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી તેમ જ વી. મોહાન્નાની બનેલી ખંડપીઠે સોશ્યલ મીડિયા સહિત અને ડિજિટલ પ્લેટફોર્મ પર કોર્ટની કાર્યવાહીનું જીવંત પ્રસારણ, વીડિયો, ઑડિયોનો પ્રસાર જેવી બાબતોના દુરુપયોગ સંબંધિત અરજીને મામલે કેન્દ્ર સરકાર અને સંબંધિત


(જુઓ પાનું ૨) ▶▶

## હિમાચલમાં પર્વત પરથી મોટો પથ્થર પડતાં ૧૩નાં મોત

નવી દિલ્હીઃ હિમાચલ પ્રદેશના લાહૌલ અને સ્પિટી વિસ્તારમાં શુક્રવારે પર્વત પરથી એક મોટી શિલા અચાનક ધસી પડતાં છ મહિનાનાં એક બાળક સહિત ૧૩ જણનાં મોત થયાં હોવાનું પોલીસે કહ્યું હતું.

હિમાચલ પ્રદેશના લાહૌલ અને સ્પિટી વિસ્તારમાં ઉદયપુર-પાન્ગી રોડ પરથી પસાર થઈ રહેલી એસયુવી કાર પર આ શિલા પડી

(જુઓ પાનું ૨) ▶▶



**કાટમાળઃ** હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લાની પાંગી વેલી ખાતે ભેખડો ધસી પડવાથી નુકસાન પામેલા વાહનનો કાટમાળ. (પીટીઆઇ)

## ભારત પર ૧૦ ટકા અમેરિકી ટૅરિફ

વૉશિંગ્ટનઃ બળજબરીપૂર્વકના શ્રમથી બનાવવામાં આવેલી વસ્તુઓ વિરુદ્ધ ચાલી રહેલી વ્યાપક ઝુંબેશના ભાગરૂપ અમેરિકાએ ભારત અને વિશ્વના અન્ય ૧૬ દેશમાંથી આયાત કરાતી વસ્તુઓ પર ૧૦ ટકા ટૅરિફ લાદ્યો છે.

૩ જૂને અમેરિકાએ ટ્રેડ ઍક્ટની કલમ ૩૦૧ અંતર્ગત ટૅરિફ લાગુ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો તે સમયે ભારતનો ૧૨.૫ ટકા ટૅરિફ લાગુ પડે તેવા દેશોમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જોકે ત્યાર બાદ ભારતે વિદેશ વેપાર નીતિમાં સુધારો કરી બળજબરીપૂર્વકના શ્રમથી બનાવવામાં આવેલી વસ્તુઓની આયાત પર પ્રતિબંધ મૂકવાના લીધેલા નિર્ણયની અમેરિકાએ નોંધ લીધી હતી.

૧૪મી જુલાઈએ આ પ્રતિબંધ અમલમાં મૂકવા

(જુઓ પાનું ૨) ▶▶

## કેન્દ્રીય પ્રધાન રવનીતસિંહ બિટ્ટુનું રાજીનામું

નવી દિલ્હીઃ એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મુએ શુક્રવારે રેલવે અને ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગના રાજ્ય કક્ષાના કેન્દ્રીય પ્રધાન રવનીત સિંહ બિટ્ટુનું રાજીનામું સ્વીકારી લીધું છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સલાહ પર, રાષ્ટ્રપ્રમુખે કેન્દ્રીય મંત્રી પરિષદમાંથી બિટ્ટુનું રાજીનામું તાત્કાલિક અસરથી સ્વીકારી લીધું છે. રાષ્ટ્રપ્રમુખ હાલમાં ત્રણ દેશોના પ્રવાસે વિદેશમાં છે. ૨૦૨૪થી કેન્દ્રીય

(જુઓ પાનું ૨) ▶▶

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પેપર લીકનો કાયદો તો છે જ છતાં પેપર કેમ ફૂટ્યાં?

**મેડિકલ** કોલેજોમાં એમબીબીએસ સહિતના અંડર ગ્રેજ્યુએટ કોર્સીસ માટેની નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ એક્ઝામિનેશન NEETનું પેપર ફૂટી ગયું તેની સામે શરૂ થયેલા આંદોલન સામે અંતે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે ઝૂકવું પડ્યું છે. મોદી સરકારે પડ્યા પછીય ટંગડી ઊંચી રાખવા માટે શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી હજુ સ્વીકારી નથી પણ સોનમ વાંગચૂકને પારણાં કરાવવાં પડ્યાં ને પેપર લીક કેસમાં આકરી સજા કરાવવા માટે હજુ બે વર્ષ પહેલાં જ બનાવેલા કાયદામાં સુધારો કરવાની તૈયારી બતાવવી પડી એ જ બતાવે છે કે, કેન્દ્ર સરકાર ઝૂકી ગઈ છે.

સૌથી મોટી વાત એ છે કે, વીસ દિવસથી ચાલતા આંદોલન અંગે એક હરફ પણ નહીં ઉચ્ચારનારા આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે મધરાતે વીડિયો મેસેજ મૂકીને વિદ્યાર્થીઓને ખાતરી આપવી પડી કે, પેપર લીકના કેસમાં હવે એકદમ ઝડપથી કાર્યવાહી કરાશે, કેસ ચલાવવા માટે ફાસ્ટ ટ્રેક અદાલતો બનાવાશે અને કાયદામાં સુધારો કરાવીને આકરી સજાની જોગવાઈઓ સાથેનો નવો કાયદો અમલી બનાવાશે.

કલાકોમાં ૨૦૨૪ના કાયદામાં સુધારાની જોગવાઈઓ પણ તૈયાર થઈ ગઈ ને શુક્રવારે પબ્લિક એક્ઝામિનેશન્સ (પ્રીવેન્શન ઓફ અનફેયર મીન્સ) એક્ટ, ૨૦૨૪માં સુધારાના મુસદ્દાને કેબિનેટે મંજૂરી પણ આપી દીધી. દિલ્હીમાં ફાસ્ટ ટ્રેક કોર્ટ પણ સ્થપાઈ ગઈ ને પેપર લીક કેસનો ત્રણ મહિનામાં નિકાલ લાવવાનું ફરમાન પણ બહાર પાડી દેવાયું. કાયદામાં સુધારાનો ખરડો સોમવારે સંસદમાં રજૂ કરવાનો નિર્ણય પણ લેવાઈ ગયો છે એ જોતાં સરકાર અચાનક જ અકલ્પનિય સ્ફૂર્તિથી વર્તી રહી છે એ સ્પષ્ટ છે. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો ઘાંઘી થઈ ગઈ છે ને કોઈ પણ રીતે જેન-ઝીને રાજી કરીને આંદોલનનો સંકેલો કરાવવા માગે છે.

મોદી સરકાર કાયદામાં સુધારો કરીને પેપર લીક થતાં રોકી શકશે કે કેમ તેમાં શંકા છે કેમ કે કાયદો તો અત્યારે છે જ પણ છતાં પેપર લીક થાય જ છે. ૨૦૨૪માં નીટનું પેપર લીક થયું એ પહેલાં જ મોદી સરકારે પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એક્ટ ૨૦૨૪ બનાવી નાંખેલો. મે મહિનામાં પેપર લીક થયું જ્યારે ફેબ્રુઆરીમાં સંસદ દ્વારા ખરડો પસાર કરી દેવામાં આવ્યો હતો. એ છતાં પેપર ફૂટી ગયું એટલે મોદી સરકારે જાહેરનામું બહાર પાડીને પાછલી અસરથી એટલે કે ૨૧ જૂન, ૨૦૨૪થી તેનો અમલ શરૂ કરી દીધો હતો.

આ કાયદા હેઠળ સરકારી નોકરીઓની ભરતી માટેની પરીક્ષાઓમાં છેતરપિંડી બદલ ઓછામાં ઓછી ત્રણ વર્ષની જેલની સજા અને ૧૦ લાખ રૂપિયાનો દંડ થાય છે. ગેંગ બનાવીને પેપર લીક કરવાને ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ગણીને ગેંગમાં સામેલ લોકોને પાંચથી ૧૦ વર્ષની જેલ અને ૧ કરોડ રૂપિયાનો દંડ કરવાની જોગવાઈ છે. પાંચ વર્ષની કેદની સજાની જોગવાઈ પરીક્ષાનું સંચાલન કરતી સંસ્થા, સેવા પૂરી પાડનાર અથવા અન્ય રીતે સામેલ સંસ્થા કે કંપનીઓને પણ લાગુ પડે છે. આ કાયદામાં ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમમાં સામેલ આરોપીઓની સંસ્થા કે કંપનીઓની મિલકતો જકરવાની પણ જોગવાઈ છે ને પરીક્ષાનો ખર્ચ સંસ્થા પાસેથી વસૂલવાની પણ જોગવાઈ છે.

આ બધી જોગવાઈઓ હોવા છતાં બે વર્ષમાં જ નીટનું પેપર ફૂટી ગયું એ શું બતાવે છે ? એ જ કે આ દેશમાં કાયદાનો કોઈને ડર નથી ને સરકારમાં આ ડર પેદા કરવાની તાકાત નથી. સરકારમાં તાકાત નથી કેમ કે, સરકારમાં બેઠેલા લોકો જ દમ વગરના છે અને ભ્રષ્ટ પણ છે. નીટ સહિતની પરીક્ષાઓ લેવા માટે બનાવાયેલી નેશનલ ટેસ્ટિંગ એજન્સી છે સરકારી એજન્સી પણ પ્રાઈવેટ કોન્ટ્રાક્ટરોના ભરોસે ચાલે છે. કેમ ? આ સવાલનો જવાબ બધાં જાણે છે ને એટલે જ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) કે તેના કોન્ટ્રાક્ટરોને કશું કરાતું નથી પણ કાયદો બદલવા જેવાં ફાલતુ પગલાં લેવાં પડે છે. બાકી દમ હોત તો એનટીએને વિખેરી નંખાઈ હોત ને હાલના કાયદા હેઠળ કોન્ટ્રાક્ટરોને અંદર કરીને આકરો દંડ વસૂલાયો હોત. મોદી સરકારે એવું કશું કર્યું નથી એ જ બતાવે છે કે, સરકારને ખરેખર રસ શામાં છે. આકરો કાયદો ને એ બધું તો ઘોડા છૂટ્યા પછી તબેલાને તાળાં મારવાની વાતો છે, અસલી કસોટી તો પેપર લીક જ ના થાય એવી સિસ્ટમ ઊભી કરવાની છે ને એ આ સરકારથી થતું નથી.

કાયદો આકરો થવાથી પેપર લીક થતાં બંધ થશે એવી આશા નથી પણ વિદ્યાર્થીઓના આંદોલને આ દેશમાં હજુ લોકશાહી જીવંત છે તેનો અહેસાસ કરાવ્યો તેનો આનંદ છે. સત્તા મળી ગઈ એટલે દેશ કોઈના બાપની જાગીર નથી બની જતો ને સત્તામાં બેઠા પછી મનફાવે એમ વર્તવાનો અધિકાર નથી મળી જતો તેનું ભાન ભાજપની સરકારને આ દેશના યુવાઓ એટલે કે જેન-ઝીએ કરાવી દીધું છે તેનો પણ આનંદ છે.

કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)આ આંદોલન શરૂ કર્યું ત્યારે સરકારમાં બેઠેલા લોકોએ આવુ તો બધું ચાલ્યા કરે એમ માનીને તેને ગણકારતા પણ નહોતા. આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિતના ભાજપના કોઈ નેતા આ દેશના યુવાનોના મન કી બાતને સમજવા તૈયાર નહોતા. મોદી સાહેબ ઓસ્ટ્રેલિયા ને ન્યુઝીલેન્ડ ને બધે ફર્યા કરતા હતા ને પેપર લીક વિશે એક શબ્દ બોલવાની તમા નહોતા કરતા.

હવે પેપર લીકને ઘોર પાપ ગણાવવું પડે છે, અક્ષમ્ય અપરાધ કહેવો પડે છે, અડધી રાત્રે મોદી સાહેબે વીડિયો મેસેજ મૂકવો પડે છે, યુવાનોને ફ્રેન્ડ્ઝ કહીને સંબોધવા પડે છે એ શું બતાવે છે ? સોનમ વાંગચૂકે ૨૬ દિવસ પહેલાં ઉપવાસ શરૂ કરેલા ને સરકારમાં બેઠેલાં લોકોને વાંગચુક જીવે છે કે મરે છે તેની જ પડી નહોતી ને હવે અડધી રાત્રે મંત્રીઓને દોડાવીને વાંગચૂકને જ્યુસ પિવડાવીને પારણાં કરાવવાં પડે છે એ શું સૂચવે છે ? એ જ કે જનતા સર્વોપરિ છે ને જનતાની આંખ ફરે છે ત્યારે ભલભલાની છપ્પનની છાતી સંકોચાઈ જાય છે.

ભારતનું ભાવિ કેવું હશે એ ખબર નથી પણ એક વાતનો આનંદ છે કે, આ દેશના યુવાનોની નસોમાં વહેતું લોહી પાણી નથી થઈ ગયું. આ દેશમાં મીડિયા, કહેવાતા બુદ્ધિ જીવીઓ, ન્યાયવિદો, શિક્ષણવિદો વગેરે બધા જ નપાણિયા પુરવાર થયા, પેપર લીકના કારણે વીસ-વીસ છોકરાં-છોકરીઓએ આપઘાત કરીને જીવ આપી દીધા ને સરકાર કશું ના બન્યું હોય એ રીતે વર્તતી હતી તેની સામે કાયરતાપૂર્ણ મૌન ધરીને બેસી રહ્યા ત્યારે યુવાઓએ અવાજ બુલંદ કરીને અહંકારી સરકારને ઝૂકવાની ફરજ પાડી એ મોટી વાત છે. આ જુસ્સો અને ઝઝૂમવાની તાકાત જોઈને લાગે છે કે, આ દેશમાં હજુ મર્દાનગી જીવે છે. બે વર્ષ પહેલાં ઉત્તર ભારતના ખેડૂતોએ આ અહેસાસ કરાવેલો ને હવે જેન-ઝીએ કરાવ્યો. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ, શનિવાર, તા. ૨૫-૭-૨૦૨૬, દેવશયની એકાદશી (દ્રાક્ષ), સૌરાષ્ટ્રમાં મોળાકત પ્રારંભ

- ભારતીય દિનાંક ૩, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અષાઢ સુદ -૧૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અષાઢ, તિથિ સુદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી ૧૦મો આવા, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૧મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર જયેષ્ઠા
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૩, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૦૯-૫૯, રાત્રે ક. ૨૦-૫૧
- ઓટઃ બપોરે ક. ૧૫-૫૬, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૨૮ (તા. ૨૬)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, અષાઢ શુક્લ - એકાદશી. દેવશયની એકાદશી (દ્રાક્ષ), સૌરાષ્ટ્રમાં મોળાકત પ્રારંભ, રવિનારાયણ એકાદશી (ઓરિસ્સા), વિષ્ણુ શયનોત્સવ, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૧-૩૪, વિંછુડો, ચાતુર્માસારંભ, સૂર્ય મહાનક્ષત્ર પુષ્યમાં, વાહન ઉંદર,
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શનિ-બુધ ગ્રહદેવતાનું પૂજન હનુમાન ચાલીસા સુંદરકાંડ, હનુમાનભક્તિ, દેવદર્શન, ઔષધ ઉપચાર, પ્રયાણ મધ્યમ, નિત્ય થતાં યંત્ર, વાહન, ખેતીવાડી, પશુ લે-વેંચ સંબંધિત કામકાજ, પ્રાણી પાળવા, જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા.
- આચમનઃ ચંદ્ર-શનિ ત્રિકોણ કરકસરિયા, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ ઉડાઉ સ્વભાવ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ કજિયાખોર
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ, ચંદ્ર પૃથ્વીથી અત્યંત દૂર જાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-વૃષભ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## 'વંદે માતરમ્'નું અપમાન એક ગુનોઃ રાજ્યસભામાં ખરડો રજૂ

નવી દિલ્હીઃ સરકારે શુક્રવારે રાજ્યસભામાં રાષ્ટ્રગીત 'વંદે માતરમ' માં કોઈપણ અવરોધ અથવા અપમાનને ફોજદારી ગુનો ગણવા માટે એક બિલ રજૂ કર્યું હતું.

રાજ્ય કક્ષાના ગૃહ પ્રધાન નિત્યાનંદ રાયે 'રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ (સુધારા) બિલ, ૨૦૨૬' રજૂ કર્યું હતું, જેનો ડાબેરી પક્ષોના સભ્યો સહિત ઘણા વિપક્ષી સભ્યોએ આ પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો. આ બિલ રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ અધિનિયમ, ૧૯૭૧માં સુધારો કરશે, જે દેશના રાષ્ટ્રીય પ્રતીકો - રાષ્ટ્રધ્વજ, બંધારણ અને રાષ્ટ્રગીત સહિત - નું અપમાન અથવા અનાદર - ને ફોજદારી ગુનો બનાવે છે, જે માટે ત્રણ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. તે વંદે માતરમને રાષ્ટ્રગીત, 'જન ગણ મન' જેટલું જ વૈધાનિક રક્ષણ આપવા માગે છે. વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠની વર્ષભરની ઉજવણી વચ્ચે સરકારનું આ પગલું આવ્યું છે. હાલમાં, પ્રસ્તાવિત કાયદાના ઉદ્દેશ્યો અને કારણોના નિવેદનમાં જણાવાયું છે કે વંદે માતરમ ગીતના અપમાનને રોકવા માટે કોઈ ચોક્કસ કાનૂની જોગવાઈ નથી. ■

## મણિપુર હિંસા કેસ માટે સ્પેશ્યલ કોર્ટ રચવાનો સર્વોચ્ચ અદાલતનો પ્રસ્તાવ

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૨૩માં મણિપુરમાં થયેલી વંશીય હિંસા સંબંધિત ફોજદારી કેસની સુનાવણી દૈનિક ધોરણે હાથ ધરવા સ્પેશ્યલ કોર્ટની રચના કરવાનો સુપ્રીમ કોર્ટે શુક્રવારે પ્રસ્તાવ મૂક્યો હતો.

વહેલામાં વહેલી તકે તપાસ પૂરી કરવાનો અને અસરગ્રસ્તોને ચાર્જશિટની નકલ મળે તેની ખાતરી કરવાનો પણ સુપ્રીમ કોર્ટે તપાસ એજન્સીઓને આદેશ આપ્યો હતો. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી તેમ જ વી. મોહાન્નાની બનેલી ખંડપીઠે એ હકીકતની નોંધ લીધી હતી કે ફોજદારી કેસને મામલે અનેક અસરગ્રસ્તો અને તેમના પરિવારજનોને સીબીઆઈ અને રાજ્યની સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સિટ) દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશિટની નકલ હજુ સુધી નથી મળી. ૩ મે ૨૦૨૩ના મણિપુરમાં ભડકી ઊઠેલી વંશીય હિંસામાં ૨૦૦ કરતાં પણ વધુનાં મોત અને સેંકડો લોકો ઘાયલ થયાં હોવા ઉપરાંત હજારો લોકોને સ્થળાંતર કરી જવાની ફરજ પડી હતી. (એજન્સી) ■

## સંસદના ચોમાસુ સત્રનું પહેલું સપ્તાહ ધોવાયું

નવી દિલ્હીઃ 'નીટ' પેપર લીકને મુદ્દે સંસદના બંને ગૃહમાં ચર્ચા થાય તે અગાઉ વિપક્ષ શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનાં રાજીનામાંની માગણીને મામલે અડગ રહેતાં સરકાર અને સંસદનાં ચોમાસુ સત્રનું પ્રથમ અઠવાડિયું ધોવાઈ ગયું હતું.

વિપક્ષ પર આક્રમક પ્રહાર કરતા સરકારે કહ્યું હતું કે ચર્ચા અગાઉ જ બહાના કાઢવા અને આગોતરી શરતો મૂકવાની બાબત દેશને ખોટો સંદેશો આપશે. સંસદના ચોમાસુ સત્રના પ્રથમ અઠવાડિયામાં લોકસભા અને રાજ્યસભા પ્રત્યેકમાં એક ખરડો રજૂ કરવા સિવાયની કોઈ કામગીરી થઈ શકી નહોતી.

સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા ૩૪થી વધારીને ૩૮ કરવા સંબંધિત વટહુકમનું સ્થાન લેતો ખરડો લોકસભામાં રજૂ કરવામાં આવ્યો હતો, પરંતુ દરરોજ તેનું લિસ્ટિંગ થયું હોવા છતાં ચર્ચા અને મંજૂરી માટે તે હાથ પર લઈ શકાયો નહોતો. (એજન્સી) ■

## આસામમાં પૂરની સ્થિતિ વણસીઃ ૪૭નાં મોત

ગુવાહાટીઃ આસામમાં પૂરની સ્થિતિ વધુ વણસી છે. સતત વરસાદના લીધે અનેક નદીઓનું જળસ્તર વધી ગયું છે. રાજ્યમાં પૂરના કારણે ૪૭ લોકોનાં મોત થયા છે. તેમજ ૧૧ જિલ્લાઓમાં ૭.૨૧ લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

મુખ્ય પ્રધાન હિમંત બિસ્વા સરમાએ જણાવ્યું કે લગભગ ૪૦ લોકો હજુ પણ ગુમ છે. તેમજ મૃત્યુઆંક વધવાની ધારણા છે. સરમા વધુ વણસતી પરિસ્થિતિનો તાગ મેળવવા માટે પૂરગ્રસ્ત જિલ્લાઓના જિલ્લા કમિશનરો અને વરિષ્ઠ અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સ કરશે.

તેમણે અહીં પત્રકારોને જણાવ્યું કે પરિસ્થિતિમાં થોડો સુધારો થયો છે, પરંતુ અમે હજુ પણ લગભગ ૨૦ ટકા અસરગ્રસ્ત લોકો સુધી પહોંચી શક્યા નથી. મને આશા છે કે આજે અમે તેમના સુધી પહોંચી જઇશું. તેમણે કહ્યું કે પ્રાપ્ત માહિતી મુજબ લગભગ ૪૦ લોકો ગુમ છે અને મૃત્યુઆંક વધવાની આશંકા છે.

સરમાએ જણાવ્યું કે સરકાર પૂરપીડિતોની સાથે ઉભી રહેશે અને તમામ શક્ય મદદ કરશે. કેન્દ્ર સરકારની એક ટીમ પચીસ જુલાઇના રોજ રાજ્યની મુલાકાત લઇને પૂરથી થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરશે. ■

## બાંગ્લાદેશના પ્રમુખ મોહમ્મદ શહાબુદ્દીનનું રાજીનામું

ઢાકાઃ બાંગ્લાદેશના પ્રમુખ મોહંમદ શહાબુદ્દીને શુક્રવારે રાજીનામું આપી દીધું હતું. શહાબુદ્દીને તેમના પાંચ વર્ષના કાર્યકાળની સમાપ્તિના બે વર્ષ પહેલા જ રાજીનામું ધરી દીધું છે. આ જાણકારી આંતરરાષ્ટ્રીય મીડિયા અહેવાલમાં સ્થાનિક મીડિયાને ટાંકીને આપવામાં આવી છે.

તેમનું રાજીનામુ એવા સમયે આવ્યું છે જ્યારે સરકાર તેમના પદ પર યથાવત્ રહેવાથી નાખુશ હોવાના અહેવાલો હતા. જેનું કારણ તેમના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીના સાથે સંબંધો હોવાનું માનવામાં આવી રહ્યું હતું. શહાબુદ્દીનનું રાજીનામુ હસીના દ્વારા ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પરત ફરવાની અને યુદ્ધ અપરાધ ટ્રિબ્યુનલ દ્વારા દોષિત ઠેરવવામાં આવે તો આત્મસમર્પણ કરવાની જાહેરાત કર્યાના થોડા દિવસો પછી આવ્યું છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે ઓગસ્ટ ૨૦૨૪માં વિદ્યાર્થીઓના નેતૃત્વ હેઠળના બળવામાં સત્તા પરથી હાંકી કાઢવામાં આવ્યા બાદથી હસીના ભારતમાં રહે છે. બાંગ્લાદેશના બંધારણ મુજબ સંસદના અધ્યક્ષ હાફિઝ ઉદ્દીન અહેમદ દેશના નવા પ્રમુખની પસંદગી ન થાય ત્યાં સુધી વચગાળાના પ્રમુખ તરીકે સેવા આપશે.

મીડિયા અહેવાલ મુજબ સરકારે તેમને પદ છોડવાનું કહ્યું હતું કારણ કે હસીનાએ દેશમાં પાછા ફરવાની યોજનાની જાહેરાત કર્યા પછી પણ તેમણે હસીના સાથે લાંબા સમયથી ચાલતો સંબંધ જાળવી રાખ્યો હતો. હસીનાના ભૂતપૂર્વ સાથી અને હવે પ્રતિબંધિત અવામી લીગના ઉમેદવાર એવા શહાબુદ્દીન ૨૦૨૩માં પાંચ વર્ષના કાર્યકાળ માટે બિનહરિફ ચૂંટાયા હતા.

શહાબુદ્દીન ભૂતપૂર્વ અવામી લીગ સરકારના છેલ્લા બંધારણીય પદાધિકારી હતા કે જેઓ ૨૦૨૪ના બળવા પછી પણ પદ પર યથાવત હતા. બાંગ્લાદેશી મીડિયા અહેવાલો અનુસાર સરકાર શહાબુદ્દીથી તેમણે તાજેતરમાં હસીનાનો ફરી સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હોવાની વાતથી નારાજ હતી. ■

## ઈરાકમાંના અમેરિકાના લશ્કરી મથક પર હુમલા

ઇરબિલ (ઇરાક): ઉત્તર ઇરાકમાંના અમેરિકાનાં દળોના મથક પર શુક્રવારે ડ્રોન્સ દ્વારા હુમલા કરાયા હતા.

દરમિયાન, બાહરીનમાં શુક્રવારે દુશ્મનોના હુમલાની ચેતવણી આપતી સાઇરન અનેક વખત વગાડાઇ હતી.

અમેરિકા છેલ્લા ૧૩ દિવસથી ઇરાન પર સતત હુમલા કરી રહ્યું છે અને ઇરાનના લશ્કરનાં મથકો તેમ જ આંતરિક માળખાને ભારે નુકસાન પહોંચાડ્યું હોવાનો દાવો કર્યો હતો. તહેરાને જવાબમાં હોર્મુઝ ખાડીમાંનાં જહાજો પર હુમલા કર્યા હતા.

રાતા સમુદ્રમાંના સઉદી અરેબિયાના તેલના બે ટૅન્કર પર હુમલા કરાયા હતા.

ઇરાનના આરોગ્ય મંત્રાલયે કબૂલ કર્યું હતું કે અમેરિકા દ્વારા તાજેતરમાં ફરી શરૂ કરાયેલા હુમલામાં અમારા ઓછામાં ઓછા ૫૫ જણ માર્યા ગયા હતા અને ૬૦૦થી વધારે ઘાયલ થયા હતા.

ઇરાકના અંશતઃ સ્વાયત્ત કુર્દિશ વિસ્તારના એક શહેરમાં ઓછામાં ઓછા સાત ધડાકા થયા હતા. આ વિસ્તારમાં અમેરિકાના લશ્કરી મથક છે.

અમેરિકાના નૌકાદળનો પાંચમો કાફલો જ્યાં છે, તે બાહરીનમાં શુક્રવારે ઇરાન દ્વારા હુમલા કરાયા હતા.

અમેરિકા દ્વારા ઇરાનના કેશમ ટાપુ પર બૉમ્બમારો કરાયો હતો. નૈર્ઋત્ય ઇરાનના ખુઝેસ્તાન પ્રાંત અને દક્ષિણ ઇરાનના ફારસ પ્રાંતમાં પણ હુમલા કરાયા હતા. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### ઉત્તર ગુજરાતમાં

૧૨૦ તાલુકામાં એક ઇંચ કરતાં વધુ પાણી વરસ્યું હતું. જ્યારે ૬૪ તાલુકાઓમાં બે ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો. ૨૭ તાલુકામાં ત્રણ ઇંચથી વધુ મેઘમહેર નોંધાઇ હતી. આ સાથે સૌરાષ્ટ્રના મોરબી અને સુરેન્દ્રનગરમાં પણ વરસાદે હાજરી નોંધાવી હતી.

દરમિયાન, વલસાડ અને નવસારીમાં બચાવકામગીરી પુરજોશમાં કરવામાં આવી રહી છે. વરસાદે આ બન્ને જિલ્લાને ધમરોળ્યા બાદ હવે જનજીવનને સામાન્ય કરવાનો મોટો પડકાર તંત્ર સામે છે. નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. તેમણે ઉમરગામના વિવિધ વિસ્તારોની મુલાકાત દરમિયાન વરસાદથી થયેલા નુકસાનનું નિરીક્ષણ કરી વહીવટી તંત્રને ઝડપથી સર્વે પૂર્ણ કરી અસરગ્રસ્તોને સમયસર સહાય પહોંચાડવા સૂચનાઓ આપી હતી.

ગુજરાતમાં પડી રહેલા વરસાદને કારણે રાજ્યની જીવાદોરી સમાન નર્મદા ડેમમાં ૪૨૦.૨૭ ફૂટની સપાટીએ ૬૮.૫૭ ટકા પાણીનો સંગ્રહ નોંધાયો હતો, જેમાં ૨૮,૩૭૦ ક્યૂસેક પાણીની આવક સામે ૬૨૪.૬૩ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું હતું. રાજ્યના અન્ય ૨૦૫ જળાશયોમાં કુલ ૨,૪૪,૩૨૨ મિલિયન ક્યૂબિક ફૂટ પાણીનો સંગ્રહ થયો હતો, જે કુલ સંગ્રહ ક્ષમતાના ૪૩.૭૯ ટકા જેટલો છે. રાજ્યના કુલ ૨૦૬ જળાશયો પૈકી ૧૧ ડેમ ૧૦૦ ટકા ભરાઈ ચૂક્યા હતા, જ્યારે ૨૪ ડેમ ૭૦થી ૧૦૦ ટકા, ૨૪ ડેમ ૫૦થી ૭૦ ટકા, ૫૬ ડેમ ૨૫થી ૫૦ ટકા અને ૯૧ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયેલા હોવાનું સરકારે જણાવ્યું હતું. જળાશયોની વધતી જતી સપાટીને ધ્યાનમાં રાખી તંત્ર દ્વારા રાજ્યમાં ૧૮ ડેમ પર હાઈ અલર્ટ, ૦૪ ડેમ પર અલર્ટ અને ૧૩ ડેમ પર વોર્નિંગ જાહેર કરવામાં આવી હતી. ■

### નવસારીમાં ઘરનાં

બચાવવામાં આવ્યા હતા. ગુજરાત પોલીસની જીપી સ્મેશ (સોશ્યલ મીડિયા મોનિટરિંગ, એનાલિસિસ અને સપોર્ટ હબ) ટીમ રાજ્યભરમાં ૨૪+૭ એલર્ટ મોડમાં કાર્યરત છે. અત્યાર સુધીમાં, ટીમે ૧૫ થી વધુ સોશ્યલ મીડિયા પોસ્ટ્સ પર કાર્યવાહી કરી છે જેમાં લોકોએ મદદની અપીલ કરી હોય. ત્યારબાદ તે સંબંધિત જિલ્લા અધિકારીઓ સાથે ચોક્કસ લોકેશન વિગતો શેર કરવામાં આવી છે અને ચાલુ રાહત અને બચાવ કામગીરી કરવામા આવી છે. ■

### સરકાર એક્શનમાં

પ્રદર્શનના રૂપમાં બહાર આવ્યો છે જે જંતર મંતર ખાતે થઈ રહ્યો છે. આ પગલું એજન્સીની કામગીરીમાં સુધારો કરવાના વ્યાપક પ્રયાસોનો એક ભાગ છે, જેમાં આગામી દિવસોમાં વધુ સુધારાત્મક પગલાં લેવાય તેવી અપેક્ષા છે.

કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી) જંતર મંતર ખાતે વિરોધ પ્રદર્શન કરી રહી છે અને નીટ પેપર લીક વિવાદ મુદ્દે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરી રહી છે, તેવા સમયે આ નિર્ણય સામે આવ્યો છે. ■

### પેપર લીક કેસમાં

ઓછામાં ઓછા ત્રણથી પાંચ વર્ષની કેદ અને છેતરપિંડીના ગુના (ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ્સ)માં સંડોવાયેલી વ્યક્તિઓને પાંચથી દસ વર્ષની જેલ તેમ જ ઓછામાં ઓછા રૂપિયા એક કરોડના દંડની જોગવાઇ હતી. અગાઉ, સરકારે પેપર લીકના વિવાદને નાથવા ૨૦૨૪માં સંબંધિત કાયદો ઘડ્યો હતો.

સાર્વજનિક પરીક્ષામાંની ગેરરીતિ રોકવા માટેના ખરડા પબ્લિક એક્ઝામિનેશન્સ (પ્રિવેન્શન ઑફ અનફૅર મીન્સ) એક્ટ, ૨૦૨૪ને રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂએ મંજૂરી આપી તેના ચાર મહિના પછી આ ખરડાને ૨૦૨૪ના જૂનમાં નૉટિફાઇ કરાયો હતો. (એજન્સી) ■

### ધર્મેન્દ્ર પ્રધાનનું

આશુતોષ રાંકાએ ચેતવણી આપી હતી કે દેશના શિક્ષણ પ્રધાનના રાજીનામામાં વિલંબ થશે, તો અમારું આંદોલન વધુ ઉગ્ર બનાવીશું.

તેણે જણાવ્યું હતું કે ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું જોઇએ અથવા તેમને બરતરફ કરવા જોઇએ. અમે આ મુદ્દે સરકાર સાથે વિગતે વાત કરી હતી. સરકારે અમારી આ માગનો જવાબ આપવા શનિવાર બપોર સુધીનો સમય માગ્યો હતો.

સીજેપી અને જે. પી. નડ્ડા વચ્ચે શુક્રવારે બે કલાક બેઠક ચાલી હતી. આ બેઠક દરમિયાન સીજેપીની ત્રણ માગણી અને પરીક્ષા પદ્ધતિમાંના પાંચ સુધારા અંગે ચર્ચા કરાઇ હતી. નડ્ડાએ જણાવ્યું હતું કે અમે સીજેપીના નેતાઓને શનિવારે બપોરે ફરી મળીશું અને સરકારમાં આ મુદ્દે થયેલી ચર્ચાની વિગત જણાવીશું. (એજન્સી) ■

### પેપર લીક

મિત્રો, હું જાણું છું કે પેપર ફૂટવાની ઘટના અસાધારણ ગણાય. તેને લીધે લાખો વિદ્યાર્થીઓ અને તેઓના માતા-પિતાને બહુ જ તકલીફ પડી હતી. આ પ્રકરણમાં અત્યાર સુધીમાં અનેક પગલાં લેવાયા છે. ગુનેગારોને પકડી લેવાયા છે અને તેઓ હાલમાં જેલમાં છે.

દેશના અનેક યુવાનો સોશ્યલ મીડિયા પર મોડી રાતે પણ સક્રિય રહેતા હોવાથી કદાચ તેઓ માટેનો સંદેશો વડા પ્રધાને મોડી રાતે આપ્યો હશે.

મોદીએ આ વીડિયો સંદેશામાં વિપક્ષો અને દેશના હિતની વિરુદ્ધ પ્રવૃત્તિ કરી રહેલા લોકો પર કોઇ શાબ્દિક પ્રહાર નહોતા કર્યા. તેમણે આ સંદેશામાં માત્ર વિદ્યાર્થીઓની સમસ્યાની જ વાત કરી હતી. (એજન્સી) ■

### નીટ પેપર

કરવામાં આવી હતી જેથી પરીક્ષા પ્રક્રિયામાં સુધારા, ડૅટા સુરક્ષા પ્રોટોકોલમાં સુધારો અને રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી (એનટીએ) ની રચના અને કામગીરી અંગે ભલામણો કરી શકાય. એક અરજીમાં નીટ-યુજી કરાવવા માટે જવાબદાર એનટીએને બદલવા અથવા પુનર્ગઠન કરવાનો નિર્દેશ માંગવામાં આવ્યો હતો, જે મેડિકલ પ્રવેશ પરીક્ષાનું સંચાલન કરવા માટે એક મજબૂત અને સ્વાયત્ત સંસ્થા સાથે કરવામાં આવે.

મહેતાએ જણાવ્યું હતું કે કેટલાક વિકાસ થયા છે અને સરકાર પરીક્ષા પ્રક્રિયાના વ્યાપક સુધારા અંગે વિગતવાર અહેવાલ ફાઇલ કરશે, જે રાધાકૃષ્ણન સમિતિની ભલામણોથી આગળ હોઈ શકે છે. ■

### કોર્ટની કાર્યવાહી

અન્યોનો પ્રતિભાવ માગ્યો હતો અને સુપ્રીમ કોર્ટના સંબંધિત સેક્રેટરી જનરલ કે હાઈ કોર્ટના રજિસ્ટ્રાર જનરલની આગોતરી મંજૂરી વિના સોશ્યલ મીડિયા અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મ પર કોર્ટની કાર્યવાહી સંબંધિત રેકોર્ડિંગ, વીડિયો અપલૉડ, પૉસ્ટ, રિપૉસ્ટ કરવા પર સુપ્રીમ કોર્ટે શુક્રવારે પ્રતિબંધ મૂક્યો હતો. (એજન્સી) ■

### વિદ્યાર્થીઓ પર

જણાવ્યું હતું કે દેશભરમાં કરવામાં આવેલા વિરોધપ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓ પર આચરવામાં આવેલી હિંસા સંબંધિત બે અલગ અલગ અરજી દાખલ કરવામાં આવી હતી. મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું કે આ બંને અરજીની સુનાવણી ૨૭મી જુલાઈએ હાથ ધરવામાં આવશે. (એજન્સી) ■

### પેલેટ ગન

નરેન્દ્ર મોદીને વિદ્યાર્થીઓની માફી માગવા પણ કહ્યું હતું.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે કહ્યું હતું કે જ્યાં સુધી શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન પરીક્ષાના પેપર લીક માટે જવાબદારી સ્વીકારીને રાજીનામું ન આપે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હીમાં વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર થયેલા કથિત પોલીસ અત્યાચાર બદલ માફી ન માંગે ત્યાં સુધી સરકાર સાથે કોઈ ચર્ચા કરવામાં આવશે નહીં. સંસદ ભવનના સંકુલમાં બોલતા, તેણે એવો પણ દાવો કર્યો હતો કે તેને ગૃહના ફ્લોર પર બોલવાની મંજૂરી આપવામાં આવી ન હતી. ■

### હિમાચલમાં પર્વત

હતી. ઘટનાના સમયે કારમાં ૧૫ જણ સવાર હતા. કાર કુલુથી કિલાર જઈ રહી હતી તે સમયે માર્ગમાં કાડુ નાળા નજીક આ ઘટના બની હતી. પર્વત પરથી મોટી શિલા પડવાને કારણે કાર સંપૂર્ણપણે કચડાઈ ગઈ હતી અને કારના પાછળના હિસ્સામાં આગ ફાટી નીકળી હતી. (એજન્સી) ■

### ભારત પર

ભારતે સત્તાવાર નીતિમાં સુધારો કર્યો હતો. અમેરિકાએ ભારત સહિત વિશ્વના ૬૦ દેશમાં બળજબરીપૂર્વકના શ્રમ સંબંધિત તપાસ આરંભી હતી જેને પગલે ભારતે વિદેશ વેપાર નીતિમાં સુધારો કરી બળજબરીપૂર્વકના શ્રમથી બનાવવામાં આવેલી વસ્તુઓની આયાત પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો હતો. (એજન્સી) ■

### કેન્દ્રીય પ્રધાન

પ્રધાનમંડળનો હિસ્સો હતા બિટ્ટુ અને તેઓ આવતા વર્ષે પંજાબમાં યોજાનારી આગામી ચૂંટણીઓ પર ધ્યાન કેન્દ્રિત કરે તેવી શક્યતા છે. પંજાબના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન બિયંત સિંહના પૌત્ર બિટ્ટુ ૨૦૨૪માં ભાજપમાં જોડાયા હતા અને લોકસભા ચૂંટણી લડ્યા હતા પરંતુ તેમાં તેઓ હારી ગયા હતા. (એજન્સી) ■










# થાણેના સિનિયર સિટિઝને ક્રિપ્ટોકરન્સી ફ્રોડમાં ૬૫.૯૫ લાખ રૂપિયા ગુમાવ્યા

થાણે: થાણેના ૬૫ વર્ષના સિનિયર સિટિઝનને ક્રિપ્ટોકરન્સીમાં રોકાણને બહાને સાયબર ઠગોએ ૬૫.૯૫ લાખ રૂપિયાનો ચૂનો ચોપડ્યો હતો.

થાણેના કલવા પોલીસ સ્ટેશનમાં ગુરુવારે આ પ્રકરણે નોંધાયેલી ફરિયાદને આધારે બે મોબાઇલ ફોન એપ્લિકેશનના ઓપરેટર્સ અને અન્યો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા તેમ જ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર ૯ જાન્યુઆરીથી ૧૭ જુલાઇ દરમિયાન આ છેતરપિંડી આચરવામાં આવી હતી. આકર્ષક વળતરની લાલચ આપીને ફરિયાદીને મોબાઇલ ફોન એપ્લિકેશન દ્વારા ૯૫ હજાર રૂપિયાનું રોકાણ કરવાની ફરજ પાડવામાં આવી હતી. જ્યારે ફરિયાદીએ મૂળ રકમ ઉપરાંત મળેલું વળતર ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે એપ્લિકેશન ઇન્ટરફેસે તેના ટ્રાન્ઝેક્શન બ્લોક કરી દીધા હતા.ત્યાર બાદ પોતાની ઓળખ સુશાંત આરોરા અને સંજીવ કુમાર તરીકે આપનારા બે આરોપીએ વ્હૉટ્સઍપ અને ઑડિયો કૉલથી ફરિયાદીનો સંપર્ક સાધ્યો હતો અને ઊંચા વળતરનું વચન આપી ક્રિપ્ટોકરન્સી તથા બિટકોઇન ટ્રેડિંગમાં રોકાણ કરવાનું કહ્યું હતું.

તેમના પર વિશ્વાસ રાખીને ફરિયાદીએ અનેક હપ્તામાં કુલ ૬૯.૯૫ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા. દરમિયાન પોતે છેતરાયો હોવાનું ધ્યાનમાં આવતાં ફરિયાદીએ કલવા પોલીસનો સંપર્ક સાધ્યો હતો. (પીટીઆઇ) ■

**બિલ્ડિંગ કોન્ટ્રેક્ટરની આત્મહત્યા**

# ભૂતપૂર્વ વિધાનસભ્ય, તેની પત્નીના આગોતરા જામીન મંજૂર, મનસેના નેતાની અરજી ફગાવાઇ

પુણે: પુણેની સેશન્સ કોર્ટે બિલ્ડિંગ કોન્ટ્રેક્ટરની આત્મહત્યાના મામલામાં ભૂતપૂર્વ વિધાનસભ્ય રવીન્દ્ર ધાંગેકર અને તેની પત્નીના આગોતરા જામીન મંજૂર કર્યા હતા, જ્યારે મનસેના નેતા બાળા શેડગેની અરજી ફગાવી દીધી હતી.

એડિશનલ સેશન્સ જજ અનિરુદ્ધ ગાંધીએ ગુરુવારે રવીન્દ્ર ધાંગેકર અને તેની પત્નીને પચીસ હજાર રૂપિયાના પર્સનલ બોન્ડ અને સમાન રકમની શ્યોરિટી પર (શરતોને આધીન) આગોતરા જામીન મંજૂર કર્યા હતા. જોકે સેશન્સ કોર્ટે બાળા શેડગેની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી, જેના નામનો ઉલ્લેખ સૂસાઇડ નોટ તેમ જ બિલ્ડિંગ કોન્ટ્રેક્ટરે અંતિમ પગલું ભરતા પહેલા રેકોર્ડ કરેલા વીડિયોમાં છે.

આ કેસ ૧૬ જુલાઇએ બિલ્ડિંગ સેન્ટરિંગ કોન્ટ્રેક્ટર અને લેબર સપ્લાયર ખલીલ શેખે (૬૫) ગુલટેકડી ખાતેના તેના નિવાસસ્થાને કરેલી આત્મહત્યા સાથે સંબંધિત છે.

ખલીલ શેખની પત્ની સુલતાનાએ નોંધાવેલી ફરિયાદને આધારે સ્વારગેટ પોલીસે શિવસેનાના નેતા ધાંગેકર, તેની પત્ની પ્રતિભા ધાંગેકર, બાળા શેડગે, રઘુનાથ ગોવડા અને અન્ય આઠ જણ સામે આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવું અને અન્ય આરોપ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર ખલીલ શેખે તેના મૃત્યુ પૂર્વે રેકોર્ડ કરેલા વીડિયોમાં તેણે વ્યવસાયમાં છેતરપિંડીનો આરોપ લગાવ્યો હતો. શેખના ઘરની બહાર દીવાલ પર સૂસાઇડ નોટ ચોંટાડેલી મળી આવી હતી. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે આરોપીઓ શેખને બાકીની રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હતા. તેમાં દાવો કરાયો હતો કે શેડગેએ શેખને મારી નાખવાની ધમકી આપી હતી અને તેની સેન્ટરિંગ સામગ્રી જપ્ત કરી હતી, જેને કારણે તેને સતત હેરાનગતિનો સામનો કરવો પડતાં તેણે જીવનનો અંત આણ્યો હતો. ધાંગેકર દંપતીના આગોતરા જામીન આપતી વખતે કોર્ટે અવલોકન કર્યું હતું કે સૂસાઇડ નોટમાં રવીન્દ્ર ધાંગેકરના નામનો ઉલ્લેખ નથી અને તેનો મૃતક સાથે કોઇ સીધો વ્યાસાયિક વ્યવહાર નહોતો. (પીટીઆઇ) ■

ADMISSION OPEN A.Y. 2026-27
GOVERNMENT AND MUMBAI UNIVERSITY COURSE'S

1 MUMBAI INSTITUTE OF MANAGEMENT & RESEARCH
Affiliated to Mumbai University, Approved by DTE (Govt. of Maharashtra & AICTE New Delhi. NAAC Accredited.
★ Master of Management Studies (MMS / MBA 2 Years Full Time) Mob.: 9422630109 DTE Code : MB 3129
★ Master of Computer Application (MCA - 2 Years Full Time) Mob.: 9870121446 DTE Code : MC 3129

2 MUMBAI COLLEGE OF ARTS, COMMERCE & SCIENCE
Affiliated to Mumbai University
• DAY DEGREE COLLEGE (CODE-608) Mob. 9359690751 / 8652322401 / 9664979354
★ B.Sc. - (Bio Tech, Computer Science and I.T.), *B.Com, *B.M.S.

3 J. K. JADHAV COLLEGE OF ARTS, COMMECE & SCIENCE (NIGHT COLLEGE) (CODE - 1157)
★ B.Com., B.Sc., B.A. Mob. 9987346827 / 8898404752

4 J. K. ACADEMY OF ART AND DESIGN
Mob. - 9323642016
Foundation Course/Diploma Applied Art/Diploma Drawing and Painting

5 J. K. DEGREE COLLEGE OF VISUAL ART (MFA / BFA)
★ MFA (Fine Art, Applied Art) / BFA (UGC Approved) Shri. Jagtap Sir : 9323642016, 9833800335

6 MUMBAI B.ED. COLLEGE FOR WOMEN (ENGLISH / MARATHI)
Approved by NCTE and SNDT Women's University. Mob.: 9867387878 / 8108016174

7 MUMBAI D.ED. COLLEGE (BOYS & GIRLS)
Mob.: 9930994246 / 8080252034

8 MUMBAI JUNIOR COLLEGE OF ARTS, COMM. & SCI
F.Y.J.C. / S.Y.J.C. (Commerce & Science) Mob. : 98695 35856 / 98202 17371

9 MUMBAI PUBLIC SCHOOL (M: 9987371117 / 8779439300)
Std. 1st to 10th (English Medium)

10 LITTLE STAR NURSERY (M: 9892910760)
Nursery, Jr. K.g., Sr. Kg. (English Medium)

11 YASHWANTRAO CHAVAN YCMOU - (Centre Code 31393)
MAHARASHTRA OPEN UNIVERSITY COURSES, Mob. 8898404752 / 8652322401 / 9773417370
★ M.A. (Marathi). M.A. (Hindi), M.A. (History), B.A., B.Com., M.Com., BCA
★ Diploma in School Management (DSM) - P10, M.A. in Education - M 82, (Centre Code 32530) Mob. 8108016174 / 9987346827

J. K. JADHAV KNOWLEDGE CENTRE
Nadkarni Park, Near Mb. P. T. Hospital, Near Wadala Railway Station, Wadala (E), Mumbai - 400037. Mob.: 9767887020, 9987346827, 9869640905.
E-Mail : jkjadhav49@gmail.com Website : www.mimr.in

# ચાલતી ટ્રેનમાંથી કૂદીને ગૃહિણીએ આપઘાત કર્યાના આઠ મહિના પછી સાસરિયાં સામે ગુનો

## પોલીસ અકસ્માત મૃત્યુ સમજી, પણ લોકલ ટ્રેનના ડબ્બામાં લાગેલા સીસીટીવી કૅમેરા પરથી આત્મહત્યા હોવાનું સ્પષ્ટ થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુલુંડમાં સાસરે રહેતી ગૃહિણીએ મંદિરમાં જવાને બહાને ઘરેથી નીકળ્યા પછી કલવા-મુંબ્રા વચ્ચે ચાલતી ટ્રેનમાંથી કૂદકો મારી કથિત આત્મહત્યા કરી હતી. થાણે રેલવે પોલીસ શરૂઆતમાં અકસ્માત મૃત્યુ સમજી હતી, પરંતુ તપાસ દરમિયાન લોકલ ટ્રેનના ડબ્બામાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ જોતાં આત્મહત્યાનો મામલો હોવાનું સ્પષ્ટ થયું હતું. ઘટનાના આઠ મહિના પછી ગૃહિણીના પતિ અને સાસુ-સસરા વિરુદ્ધ આત્મહત્યા માટે ઉશ્કેરવાનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

થાણે રેલવે પોલીસના જણાવ્યા મુજબ શિખા આકાશ જૈને ૧૦ નવેમ્બર, ૨૦૨૫ની બપોરે ચાલતી ટ્રેનમાંથી કૂદકો માર્યો હતો. આ પ્રકરણે શિખાના પિતા અને મુંબઈના કાલાચોકી પરિસરમાં રહેતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સુરેશ જૈને નોંધાવેલી ફરિયાદને આધારે મંગળવારે શિખાના પતિ આકાશ જૈન, સસરા રણજિત અને સાસુ બૉબી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૮ હેઠળ એફઆઈઆર નોંધ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર જાન્યુઆરી, ૨૦૨૩માં શિખાનાં લગ્ન આકાશ થયા પછી તે મુલુંડમાં સાસરે રહેતી હતી. ૧૭ જુલાઈ, ૨૦૨૫ના શિખાએ બાળકીને જન્મ આપ્યા પછી તેનું વર્તન બદલાયેલું જણાતું હતું. પરિણામે શિખા દીકરી સાથે પિયર આવી હતી. પિયરમાં પણ તે ગુમસૂમ બેઠી રહેતી હતી તેથી અંધેરીમાં તેને ડૉક્ટર પાસે ચકાસણી માટે લઈ જવામાં આવી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે શિખા ગર્ભાવસ્થા પછીની માનસિક અસ્વસ્થતાથી પીડાતી હોવાનું નિદાન ડૉક્ટરે કર્યું હતું. આ સ્થિતિમાં તે પોતાને અને બાળકીને પણ નુકસાન પહોંચાડી શકે છે તેથી તેને એકલી ક્યાંય જવા દેવી નહીં, એવો અભિપ્રાય ડૉક્ટરે આપ્યો હતો.

શિખાની માનસિક સ્થિતિની જાણ હોવા છતાં પતિ અને સાસરિયાં દ્વારા તેને કથિત ત્રાસ આપવામાં આવતો હતો અને વારંવાર તેને વઢતા હતા, એવો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો.

આખરે મંદિરે જઈ રહી હોવાનું કહીને ૧૦ નવેમ્બર, ૨૦૨૫ની બપોરે ઘરેથી નીકળેલી શિખા પાછી ફરી નહોતી. તેનો મૃતદેહ કલવા અને મુંબ્રા વચ્ચે રેલવે ટ્રેક પરથી મળી આવ્યો હતો. તે સમયે થાણે રેલવે પોલીસે અકસ્માત મૃત્યુની નોંધ કરી હતી. જોકે શિખાના પિતાએ આ ઘટનાની ઊંડાણપૂર્વક તપાસની વિનંતી પોલીસને કરી હતી.

કહેવાય છે કે પોલીસ તપાસમાં શિખાનું અકસ્માત મૃત્યુ નહીં, પણ તેણે આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું હતું. તે દિવસે શિખાએ જે ટ્રેનમાં મુસાફરી કરી હતી તેના ડબ્બામાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. ફૂટેજ પરથી સ્પષ્ટ થયું હતું કે શિખાએ ચાલતી ટ્રેનમાંથી કૂદકો માર્યો હતો. આ અંગે પોલીસે શિખાના પરિવારની પૂછપરછ કરી હતી. શિખાના પિતાએ આપેલા નિવેદનને આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# ધારાવીના રહેવાસીઓની પહેલ: ૨,૨૫૦થી વધુ ભાડા કરારો પર હસ્તાક્ષર થયા

મુંબઈ: ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ વેગ પકડી રહ્યો છે, વધુ રહેવાસીઓ ભાડા કરારો પર હસ્તાક્ષર કરી રહ્યા છે અને સ્વેચ્છાએ પોતાનાં ઝૂંપડાઓનો કબજો સોંપી રહ્યા છે.

અદાણી નવભારત ડેવલપર્સ પ્રાઇવેટ લિમિટેડ (અગઉક્ક) ના અધિકારીઓના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૨૨૫૦ થી વધુ ભાડા કરારો (રેન્ટલ એગ્રીમેન્ટ) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, જ્યારે ૧૦૨૩ પરિવારોએ જરૂરી પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી તેમના ઘર ખાલી કર્યા છે.

રહેવાસીઓનો સહયોગ પ્રોજેક્ટને વ્યવસ્થિત રીતે આગળ વધવામાં મદદ કરી રહ્યો છે. પસંદગીના વિસ્તારોમાં માળખાં દૂર કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, જેમાં અત્યાર સુધીમાં ૫૭૦ બાંધકામો શાંતિપૂર્ણ રીતે દૂર કરવામાં આવ્યા છે જેથી માળખાગત સુવિધાઓ અને બાંધકામ કાર્ય માટે જગ્યા બનાવી શકાય, એમ અગઉક્ક ના એક અધિકારીએ જણાવ્યું.

ડીઆરપીના સચિવ વિપિન પાલીવાલે જણાવ્યું હતું કે રહેવાસીઓની વધતી ભાગીદારી એક પ્રોત્સાહક સંકેત છે. ■

# એક્સપ્રેસ ટ્રેનોના એસી કોચમાંથી ચોરી કરનારો રીઢો ચોર પકડાયો: ૨૬ લાખના દાગીના મળ્યા

થાણે: લાંબા અંતરની ટ્રેનોના એસી કોચમાંથી મુસાફરોનો સામાન ચોરનારા રીઢા ચોરને રેલવે પોલીસે પકડી પાડતાં તેની પાસેથી અંદાજે ૨૬ લાખ રૂપિયાના સોના-ચાંદીના દાગીના મળી આવ્યા હતા.

ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ રઘુ સુમન ખોસલા (૪૧) તરીકે થઈ હતી. ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદનો વતની ખોસલા નવી મુંબઈના પનવેલ રેલવે સ્ટેશને આંટા મારતો સીસીટીવી સર્વેલન્સમાં દેખાયો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે ૧૭ જુલાઈએ મંગલા લક્ષદ્વીપ એક્સપ્રેસના એસી કોચમાંથી ઊતરીને આરોપી શંકાસ્પદ રીતે ફરતો નજરે પડ્યો હતો. પરિણામે શંકાને આધારે તાબામાં લઈ તેની પાસેની બૅકપેકની તપાસ કરવામાં આવી હતી. બૅગમાંથી મોટી સંખ્યામાં સોના-ચાંદીના દાગીના મળી આવ્યા હતા. આ દાગીના સંબંધે સંતોષકારક જવાબ આપવામાં નિષ્ફળ જતાં પોલીસે તેને કસ્ટડીમાં લીધો હતો.


તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ખોસલા રેકોર્ડ પરનો આરોપી છે અને તેની વિરુદ્ધ મુંબઈ રેલ નેટવર્ક તેમ જ અન્ય રાજ્યોમાં ૩૯ જેટલા ગુના નોંધાયેલા છે. તે એક્સપ્રેસ ટ્રેનોના એસી કોચમાંથી મુસાફરોની બૅગ ચોરતો હતો.

આરોપી પાસેથી મળી આવેલા દાગીના તેણે ૧૭ જુલાઈએ નેત્રાવતી એક્સપ્રેસમાંથી ચોર્યા હતા. કેરળ જઈ રહેલા મુસાફરની બૅગ કારવાર સ્ટેશન નજીક ટ્રેનમાંથી ચોરાઈ હતી, જેમાં દાગીના અને આઈફોન હતો. આ પ્રકરણે ગોવાના મડગાંવ ખાતે કોંકણ રેલવે પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ખોસલાને વધુ કાર્યવાહી માટે દાગીના સાથે કોંકણ રેલવે પોલીસના તાબામાં સોંપાયો હતો. (પીટીઆઈ)










# સેક્સ રૅકેટના ૧૦ વર્ષ જૂના કેસમાં બન્ને આરોપી બેકસૂર

થાણે: સેક્સ રૅકેટના ૧૦ વર્ષ જૂના કેસમાં પીડિત મહિલા અને બોગસ ગ્રાહકને ફરિયાદ પક્ષે ચકાસ્યા નહીં, એવું કારણ આપીને થાણેની સેશન્સ કોર્ટે બે આરોપીને નિર્દોષ છોડ્યા હતા.એડિશનલ સેશન્સ જજ આર. એસ. ભાકરેએ ગોપાલપ્રસાદ રાજેન્દ્રપ્રસાદ ગુપ્તા (૪૪) અને રાકેશકુમાર શામલાલ સરોજ (૪૮) વિરુદ્ધના બધા આરોપ પડતા મૂક્યા હતા. તેમની વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા અને ઈમ્મોરલ ટ્રાફિકિંગ (પ્રિવેન્શન) ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.ફરિયાદ પક્ષ અનુસાર થાણેના ઘોડબંદર રોડ પરના એક સ્થળે પોલીસે સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ રેઇડ કરી હતી અને બોગસ ગ્રાહકની મદદથી એક રિક્ષામાંથી આરોપી અને બે મહિલાને પકડી પાડ્યાં હતાં.જજે નોંધ કરી હતી કે ટ્રાયલ દરમિયાન મહિલા કે બોગસ ગ્રાહકનું પરીક્ષણ કરાયું નહોતું.પીડિતાની ઊલટતપાસ લેવામાં આવી નથી એટલે તેણે તપાસકર્તા પક્ષને જે કંઈ કહ્યું છે તે કહેવાતી વાતો ગણી શકાય. આ પુરાવાની નબળી કળી છે, એવું અવલોકન જજે કર્યું હતું.કોર્ટે એવી પણ નોંધ કરી હતી કે ફરિયાદ પક્ષે બોગસ ગ્રાહકની પણ ઊલટતપાસ કરી નથી. તેથી આરોપી અને પીડિતા વચ્ચે જે વાતો થઈ તે તેઓ જ કહી શકે છે. સ્વતંત્ર સાક્ષીદારોનો સંદર્ભ આપતાં કોર્ટે જણાવ્યું હતું કે તે અનેક કેસોમાં સ્વતંત્ર સાક્ષી રહ્યા છે. કોઈ સ્વતંત્ર પુરાવો ન હોવાથી કોર્ટે બન્ને આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતા. (પીટીઆઈ) ■

ચોપાટી
ન્યુ ટાવર, ૨ BHK.
રેરા કાર્પેટ ૮૦૦ સ્કે ફીટ
૧ રિઝર્વ પાર્કિંગ
જૈન મંદિર પાસે
૬ CR વેચવાનું છે.
8080753577






# સંસ્થા સમાચાર

## અસલાજી અગિયારીની શુભ સાલગ્રેહ

અસલાજી અગિયારીની શુભ ૧૭૭મી સાલગ્રેહ રોજ બેહરામ માહ અસ્પનદાદ, તારીખ ૩૦ જુલાઈ ૨૦૨૬, ગુરુવારના દિને પડે છે. સવારે ૭.૦૦ કલાકે માચી અર્પણ કરવામાં આવશે તથા જશનની પવિત્ર ક્રિયા સવારે ૯.૩૦ વાગે તથા સાંજના ૫.૦૦ વાગે કરવામાં આવશે. સર્વે હમદીનોને પધારવા વિનંતી કરવામાં આવે છે. - ટ્રસ્ટીઓ

# ઉરણના ગણેશ મૂર્તિકારોએ સરકાર પાસે સહાય માગી

ઉરણઃ ગણેશોત્સવ નજીક આવી રહ્યો છે ત્યારે ઉરણના પરંપરાગત ગણેશ મૂર્તિકારો વધતા ઉત્પાદન ખર્ચને કારણે મુશ્કેલીમાં મુકાયા છે. શાડુ માટીના ભાવમાં પ્રતિ યુનિટ આશરે ૧૫ રૂપિયાનો વધારો થયો છે, જ્યારે કુદરતી રંગો અને મજૂરીના ખર્ચમાં પણ વધારો થયો છે. ચિરણેર, કુંભારપાડા, જાસઈ સહિતના વિસ્તારોમાં કારીગરો શાડુ માટીની પર્યાવરણને અનુકૂળ ગણેશ મૂર્તિઓ બનાવવામાં વ્યસ્ત છે. આ મૂર્તિઓ ઉરણ ઉપરાંત પનવેલ, નવી મુંબઈ અને મુંબઈમાં પણ પહોંચાડવામાં આવે છે.

# ખાદ્ય સુરક્ષા નિયમોના ભંગ બદલ નાંદેડમાં ત્રણ એકમોના લાઇસન્સ સસ્પેન્ડ, ૧૩ લાખનું તેલ જપ્ત

નાંદેડ : મહારાષ્ટ્રના ફૂડ ઍન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) એ ખાદ્ય સુરક્ષા નિયમોના ગંભીર ઉલ્લંઘન બદલ નાંદેડ જિલ્લામાં ત્રણ એકમોના લાઇસન્સ સસ્પેન્ડ કર્યા છે. આ ઉપરાંત, નાંદેડ MIDC વિસ્તારમાં આવેલી વિવિધ ઉત્પાદન એકમોમાંથી અંદાજે રૂ. ૧૩ લાખની કિંમતનું રિફાઈન્ડ સોયાબીન તેલ પણ જપ્ત કરવામાં આવ્યું હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.FDA દ્વારા ખાદ્ય સુરક્ષા નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ અંતર્ગત જિલ્લામાં વિવિધ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન રેસ્ટૉરાં, ફેક્ટરીઓ સહિત વિવિધ ખાદ્ય વ્યવસાયિક એકમોની તપાસ કરવામાં આવી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, ખાદ્ય સુરક્ષા સંબંધિત ગંભીર નિયમોના ભંગ બદલ બે રેસ્ટૉરાંના લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, જ્યારે એક તાડીની દુકાનના સંચાલક દ્વારા માલની ખરીદીના બિલ અથવા ટ્રાન્સપોર્ટ પાસ રજૂ કરવામાં નિષ્ફળતા બાદ ત્યાંનો સ્ટોક જપ્ત કરીને નષ્ટ કરવામાં આવ્યો હતો.

FDA ની કાર્યવાહી દરમિયાન નાંદેડના MIDC વિસ્તારમાં આવેલી વિવિધ ફેક્ટરીઓમાંથી મોટી માત્રામાં રિફાઈન્ડ સોયાબીન તેલ પણ જપ્ત કરવામાં આવ્યું હતું.

છેલ્લા પાનાનું ચાલુ

## સચિન આહિરના

દાખલ કરવામાં આવ્યા બાદ કેસની તપાસ ક્રાઇમ બ્રાન્ચો સોંપવામાં આવી હતી. ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૩ના અધિકારીઓએ આ પ્રકરણે તપાસ કર્યા બાદ નોકર પ્રવીણ સોલંકીની ધરપકડ કરી હતી.ક્રાઇમ બ્રાન્ચને મુંબઈના એક ઝવેરી પાસેથી અમુક સોનું મળી આવ્યું હતું, જે પ્રવીણે તેને વેચ્યું હોવાનો આરોપ છે. પ્રવીણે પૂછપરછમાં કથિત રીતે ચોરેલી કીમતી વસ્તુઓ વેચવાની અને તેના સહયોગીને રૂપિયા વહેંચ્યા હોવાની કબૂલાત કરી હતી.

## જળાશયોમાં

ચોમાસામાં છલકાઈ ગયાં છે. જળાશયના સ્તરમાં વધારો થયો હોવા છતાં પાલિકા ૧૫ મેથી લાદવામાં આવેલો ૧૦ ટકા પાણી કાપ પાછો ખેંચે તેવી શક્યતા નથી. પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું કે ઓગસ્ટ અને સપ્ટેમ્બર દરમિયાન વરસાદ અલ નિનોની અસર હેઠળ નબળું રહેવાની શક્યતા છે, તેથી વરસાદ ઓછો પડવાના સંજોગોમાં જળાશયના સ્તર અપેક્ષા મુજબ વધી શકે નહીં, તેથી આ નિર્ણય સાવધાનીપૂર્વક લેવામાં આવ્યો છે. જૂનમાં એક તબક્કે તમામ જળાશયોમાં પાણીનો જથ્થો ૧૦ ટકાથી નીચે આવી ગયો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓ પાણી કાપ ઉઠાવવાનો નિર્ણય લેતા પહેલા વરસાદ અને જળાશયના પ્રવાહ પર નજર રાખશે.

## મુંબઈમાં ઠાકરે

અપીલ કરી હતી. કૉંગ્રેસની સંભવિત ભાગીદારીથી મોરચામાં ઉદ્ધવ ઠાકરે, રાજ ઠાકરે ઉપરાંત કૉંગ્રેસ અને શરદ પવાર જૂથના નેતાઓ પણ એક મંચ પર જોવા મળી શકે તેવી શક્યતા છે.દરમિયાન, મોર્ચાની વ્યવસ્થા અને વિદ્યાર્થીઓની સુરક્ષાને લઈને યુવા સેના પણ સક્રિય થઈ છે. આદિત્ય ઠાકરેએ યુવા સેનાના પદાધિકારીઓ સાથે ઓનલાઈન બેઠક યોજી મોર્ચામાં જોડાનારા વિદ્યાર્થીઓ અને યુવાનોની કાળજી રાખવા તથા કોઈ અનિચ્છનીય કાર્યવાહી ન થાય તેની તકેદારી રાખવા સૂચના આપી હતી.બીજી તરફ, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ઠાકરે બંધુઓના મોરચા પર પ્રહાર કરતાં ઉદ્ધવ ઠાકરેના મુખ્ય પ્રધાનપદના કાર્યકાળ દરમિયાન થયેલા ટીઈટી કૌભાંડનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે એવો આરોપ લગાવ્યો હતો કે તે સમયે મોટાપાયે ગેરરીતિ થઈ હતી અને સરકારને કૌભાંડની જાણ થતાં પરીક્ષા પહેલાં જ સંડોવાયેલા લોકોને પકડી લેવામાં આવ્યા હતા.

## તમારા હાથમાં

બંદૂકો લઈને આવો, અમે તમારી સામે તિરંગો લઈને આવીશું. ચાલો જોઈએ કે તિરંગો જીતે છે કે તમારી તાનાશાહી. દિલ્હીમાં જે રીતે વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કરવામાં આવ્યો અને ટીયર ગેસનો ઉપયોગ કરવામાં આવ્યો એ જોયા પછી મારે સરકારને એટલું જ કહેવું છે કે તમારા હાથમાં બંદૂકો છે, ડંડા છે, પરંતુ અમારા હાથમાં તિરંગો છે.'

દરમિયાન, આ આંદોલનને વિદ્યાર્થીઓ તરફથી જોરદાર પ્રતિસાદ મળી રહ્યો. આ તિરંગા મોરચા માટે મોટી ભીડ એકઠી થઈ હતી. ઉદ્ધવ ઠાકરેની સાથે વિધાન સભ્ય આદિત્ય ઠાકરે, મનસે નેતા અમિત ઠાકરે, શિવસેના સાંસદ સભ્ય સંજય રાઉત, શર્મિલા ઠાકરે પણ હાજર રહ્યા હતા.

તુષાર ગાંધી પણ મોરચામાં જોડાયા હતા. આદિત્ય ઠાકરેએ કહ્યું કે '૨૬ જુલાઈએ આવી જ રીતે તિરંગા મોરચો નીકળશે અને છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાથી શરૂ થઈ સિદ્ધિવિનાયક પહોંચશે.

મોરચામાં કોઈ રાજકીય ભાષણો નહીં હોય, કોઈ રાજકીય બેનરો નહીં હોય. અમે ફક્ત દેશભક્તિ માટે તિરંગા લઈને નીકળવાના છીએ.'

## મુંબઈમાં પોલીસે

કર્યો હતો, તેમણે ક્લિપમાં દેખાતા પોલીસકર્મી સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી હતી.

ગાયકવાડની પોસ્ટનો જવાબ આપતા ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ઓપરેશન્સ) અકબર પઠાણે કહ્યું કે વીડિયોનો 'બેજવાબદારીપૂર્વક ખોટો અર્થ કાઢવામાં' આવી રહ્યો છે.

શહેર પોલીસે 'એક્સ' પર જણાવ્યું હતું કે, ઉપરોક્ત અધિકારી એક પુરુષ પ્રદર્શનકારીને પકડીને બીજી દિશામાં જોઈ રહ્યા હતા, ત્યારે એક મહિલા પ્રદર્શનકારી અજાણતામાં વચ્ચે આવી ગઈ હતી. વરિષ્ઠ અધિકારીઓએ તથ્યોની ચકાસણી કરી હતી અને વીડિયોનું બારીકાઈથી મૂલ્યાંકન કર્યું હતું, અને કૉંગ્રેસ નેતાને ક્લિપના આધારે નિષ્કર્ષ કાઢતા પહેલા તથ્યોની ચકાસણી કરવા વિનંતી કરી હતી, એમ પોસ્ટમાં જણાવાયું છે.

આક્ષેપોના સંદર્ભમાં અત્યાર સુધી કોઈ કેસ નોંધવામાં આવ્યો નથી.

## બાન્દ્રામાં

ઓલવાઈ ગયા પછી વિગતવાર તપાસ પછી આગ લાગવાનું કારણ નક્કી જાણી શકાશે એવું ફાયરબ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું.

આ ઘટનામાં કોઈ ઈજા કે જાનહાનિ નોંધાઈ નથી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઇમારતને સમયસર ખાલી કરાવવાથી મોટી દુર્ઘટના ટાળવામાં મદદ મળી હતી. મોડે સુધી બિલ્ડિંગમાં કૂલિંગ કામગીરી ચાલી હતી.

પ્રકાશગઢ મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રીબ્યુશન કંપની લિમિટેડનું મુખ્યાલય છે. રાજ્યના પાવર સેક્ટર રેગ્યુલેટરના મુખ્ય મથક તરીકે સેવા આપે છે અને તેમાં અનેક વહીવટી કચેરીઓ આવેલી છે. આ ઘટનાથી કર્મચારીઓને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હોવાથી સત્તાવાર કાર્યમાં અસ્થાયી રૂપે વિક્ષેપ પડ્યો હતો.

## બે દિવસમાં

આસપાસ પૂર્ણ થઈ હતી. ભારે વરસાદને કારણે પાલઘરના ઘણા વિસ્તારો પાણીમાં ડૂબી ગયા હતા, જેમાં દહાણુ અને તલાસરી સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં સામેલ છે.

જિલ્લા કલેકટર અને ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના ચેરપર્સન ડૉ. ઈંદુ રાણી જાખરે જણાવ્યું હતું કે સાવચેતીનાં પગલાં તરીકે દહાણુ, તલાસરી અને પાલઘર તાલુકના ૨૮૪ પરિવારના ૧,૧૫૫ લોકોને રાહત આશ્રયસ્થાન અને તેમના સંબંધીઓને ઘરે ખસેડવામાં આવ્યા હતા, જેમાં ખોરાક, પીવાના પાણી અને તબીબી સંભાળની વ્યવસ્થા કરવામાં આવી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે રાતોરાત કામગીરીમાં જિલ્લાભરમાં વિવિધ પાણી ભરાયેલાં સ્થળેથી ૨૪૪ને બચાવવામાં આવ્યા હતા. તેમાં પાલઘર શહેરના ૧૨૪, તલાસરીમાં એક ફેક્ટરીમાં ફસાયેલાં ૬૫ કામદારો અને ગુંડાલેમાં એક ફાર્મહાઉસમાં ફસાયેલાં પચ્ચીસ લોકોનો સમાવેશ થાય છે. સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં દહાણુ અને તલાસરી સાથે અનેક વિસ્તારો શુક્રવારે પણ પાણીમાં ડૂબેલા હતા.

પાલઘર તાલુકામાં કિરાત, ચાહડે, નાગઝારી, કોકનેર, ગુંડાલે અને ચિંચારા ગામ, વડાવલી-સાવને, વાસા, ગીરગાંવ, ઘીમાનીયા, કોચાઈ, સુત્રાકર, અને તલાસરીમાં ઉધવા અને માલ્યાણ, દહાણુ, બોરડી, ચીખલે, સરાવલી, કોલવતી, ચિંચચાણી, સવતા, સાયે અને દહુણના ઉર્સેમાં અનેક લોકો અસરગ્રસ્ત થયા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

ત્રણ મોત દહાણુ તાલુકામાં નોંધાયા છે. અગવાન ગામનો રહેવાસી જગદીશ વાસણ માછી (૩૯) અને અંબેવાડી (લખાતપાડા)ના રહેવાસી રૂપેશ પાંડુરંગ ધડગા (૩૦) અને એક અજાણ્યા માણસ પૂરના પાણીમાં ડૂબી ગયા હતા.

જીલ્લામાં લગભગ ૩૦ કિ.મી.ના રસ્તાઓ, ૨૪ ક્રોસ-ડ્રેનેજ સ્ટ્રક્ચર્સ/કોઝવે અને છ પુલને નુકસાન થયું હતું, જેનો સમારકામ ખર્ચ અંદાજિત ૧૩.૫૫ કરોડ રૂપિયા છે.

નેશનલ હાઈવે ૪૮ ના તલાસરી-અમદાવાદ પટ્ટા પર તેમજ રાજ્યના હાઈવે પર કલ્વર્ટ ધોવાઈ જવા, ઝાડ પડવાં, લેન્ડસ્લાઈડ અને પાણી ભરાઈ જવાને કારણે વાહનવ્યવહાર અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવ્યો હતો.

જાહેર બાંધકામ વિભાગ અને અન્ય ઓથોરીટી દ્વારા પાલઘર-મનોર, ચાહડે, કોકનેર, સારાવલી, સવતા, ઝઈ-બોર્ડી-રેઢ્ઢી, તલાસરી-ઉધવા અને પરનાલી-કોલગાંવ સહિતના મુખ્ય માર્ગ પર ટ્રાફિક પુનઃસ્થાપિત કર્યા છે.

અધિકારીએ જણાવ્યું હતું કે ગુરુવારે ઈમરજન્સી રિસ્પોન્સ ટીમે પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી ૮૯૧ લોકોને બચાવ્યા હતા. રિલીફ ટીમના એક અધિકારીએ આ પૂરને છેલ્લા દાયકામાં જિલ્લામાં સૌથી ભયાનક પૂર ગણાવ્યું હતું. ગુરુવારે વસઈ પશ્ચિમમાં સન સિટી-ઘાસ રોડ પર ડ્રાઇવરે રખડતા કૂતરાથી બચવા માટે વાહનને એક તરફ કરવા જતા તેમની કાર પાણી ભરાયેલા ખાઈમાં પડી ગઈ હતી. સ્થાનિક લોકોએ આંશિક રીતે ડૂબી ગયેલી કારમાંથી ચારેય મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા.

સૈવનમાં વધતા પૂરના પાણીમાં ફસાયેલી મહારાષ્ટ્ર સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસમાં ચાર મુસાફર સહિત છ લોકો ફસાયા હતા. સ્થાનિક રહેવાસીઓ ફરીથી મદદ માટે આગળ આવ્યા અને તેમને દોરડા વડે સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. પૂરનાં પાણી ઓસરતાં અસરગ્રસ્ત રસ્તાઓ અને પુલો પર વાહનવ્યવહાર ફરી શરૂ થયો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે રહેવાસીઓને થયેલા નાણાકીય અને મિલકતના નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે પંચનામા (સ્થળ નિરીક્ષણ) કરવાને તેમણે પ્રાથમિકતા આપી છે. (પીટીઆઈ)

## પોલીસે આંદોલનકારીને

પોલીસ કર્મચારી સામે પગલાં લેવાની માગણી કરી હતી.

એક્સ પર પોસ્ટમાં મુંબઈ પોલીસે આરોપ નકારી કાઢીને જણાવ્યું હતું કે અમારા કર્મચારી વિશે અત્યંત બેજવાબદાર અને ખોટું અર્થઘટન કરવામાં આવ્યું છે.

એ પોલીસ કર્મચારી પુરુષ આંદોલનકારીને પકડે છે અને અન્ય દિશામાં જુએ છે. એ સમયે મહિલા આંદોલનકારી અચાનક વચ્ચે આવે છે, એમ પોલીસે જણાવ્યું હતું.

પ્રતિષ્ઠિત નાગરિક તરીકે તમારે વીડિયોને આધારે કોઇ પણ તારણ કાઢવા પૂર્વે વાસ્તવિકતાની ખરાઇ કરવાની અપેક્ષા છે. વરિષ્ઠ અધિકારીઓએ તમામ હકીકતની ખરાઇ કરી છે, એમ પોલીસે વધુમાં કહ્યું હતું.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ઑપરેશન્સ) અકબર પઠાણે કહ્યું હતું કે વીડિયોનું બેજવાબદારીપૂર્વક ખોટું અર્થઘટન કરવામાં આવ્યું છે. સંબંધિત પોલીસે પુરુષ આંદોલનકારીને પકડી રાખ્યો હતો અને અન્ય દિશામાં જોતો હતો ત્યારે અચાનક ત્યાં મહિલા આંદોલનકારી વચ્ચે આવી ગઇ હતી.

વરિષ્ઠ અધિકારીઓએ સર્વ હકીકતની ખરાઇ કરી છે અને વીડિયોનું બારીકાઇથી આકલન કરતાં હકીકત અલગ હોવાનું જણાયું છે.આ સંબંધમાં કોઇ ગુનો દાખલ કરાયો નથી. (પીટીઆઇ)

## પવના ડેમ

સમગ્ર વર્ષ દરમિયાન તોળાઈ રહેલું પાણીનું સંકટ ટળી ગયું છે.

ડેમ વિસ્તારમાં પહેલી જુલાઈથી જ વરસાદ શરૂ થયો હતો. વચ્ચે થોડા દિવસો માટે વિરામ લીધા બાદ રવિવારથી મેઘરાજાએ પુનઃ ધમાકેદાર બેટિંગ શરૂ કરતાં ડેમના જળસ્તરમાં ઝડપી વધારો નોંધાયો છે હવે નાગરિકો પર તોળાઈ રહેલું પાણીકાપનું સંકટ ઓછા-વધતાં પ્રમાણમાં રાહત તો ચોક્કસ મળી ગઈ છે.

**ડેમ ઓવરફ્લો થવા છતાં કેમ નહીં મળે રોજિંદો પાણી પુરવઠો?:** પવના ડેમ સંપૂર્ણ ભરાઈ જવાથી વર્ષભર પાણીની અછતનો ડર દૂર થયો છે, છતાં નાગરિકોને હાલ પૂરતો દરરોજ પાણી પુરવઠો મળશે નહીં અને પાણીનું વિતરણ અનિયમિત જ રહેશે. પિંપરી-ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટીતંત્રે સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે જ્યાં સુધી 'ભામા-આસખેડ પાણી પુરવઠા યોજના' નું કામ સંપૂર્ણપણે પૂરું નહીં થાય, ત્યાં સુધી શહેરમાં દૈનિક પાણી પુરવઠો પુનઃ શરૂ કરી શકાશે નહીં. પરિણામે રહેવાસીઓએ રોજિંદા પાણી પુરવઠા માટે હજુ થોડી રાહ જોવી પડશે.

**શહેરમાં પાણી પુરવઠાની વ્યવસ્થા અને કાપનું કારણઃ** પવના ડેમમાંથી માત્ર પિંપરી-ચિંચવડ શહેર જ નહીં, પરંતુ એમઆઈડીસી વિસ્તારો, કેટલીક નગરપાલિકાઓ અને માવળ તાલુકાના ગ્રામીણ વિસ્તારોને પણ પાણી પહોંચાડવામાં આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશન રાવેત ખાતે પવના નદી પર બાંધવામાં આવેલા બેરેજમાંથી પાણી મેળવે છે. આ પાણીને નિગડી સ્થિત જળ શુદ્ધીકરણ કેન્દ્રમાં શુદ્ધ કરીને સમગ્ર શહેરમાં વિતરિત કરવામાં આવે છે.

**જૂન મહિનાથી લાગુ કરાયો હતો પાણીકાપઃ** આ વર્ષે ચોમાસા પહેલાં ડેમમાં પાણીનો સંગ્રહ ઘટીને માત્ર ૧૬ ટકા થઈ ગયો હતો. પરિણામે, જળ સંસાધન વિભાગે ૧૯મી જૂનથી પાણીના પુરવઠામાં ૧૫ ટકાનો કાપ લાગુ કર્યો હતો. તંત્રે પાણી વિતરણનો સમયગાળો એકથી દોઢ કલાક જેટલો ઘટાડી દીધો હતો, જેના કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણીનો પુરવઠો ખોરવાયો હતો. હવે ડેમ ભરાઈ જવાથી પાણીનું સંકટ દૂર થયું છે, પરંતુ દૈનિક વિતરણ વ્યવસ્થા ભામા-આસખેડ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ જ પૂર્વવત થશે.

# હિન્દુ મરણ

**ઘોઘારી લોહાણા**

ગારિયાધાર નિવાસી હાલ મલાડ સાગર નવનીતભાઇ જીવરાજાણી (ઉં. વ. ૫૧) તા. ૨૩-૭-૨૬ના ગુરુવારના શ્રીજીશરણ પામ્યા છે. તે આશાબેન નવનીતભાઇના સુપુત્ર. પ્રીતિના પતિ. ચાંદની, મહેકના પિતાશ્રી. ગં. સ્વ. ઉષાબેન મહેન્દ્રભાઇ ઠક્કરના જમાઇ. હર્ષિલ, લાજુ, આયુષ, મિહીર, ઉર્વીના મોટાભાઇ પ્રવિણા વસંતભાઇના ભત્રીજા. દિપ્તી, ભાવેનભાઇના બનેવી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૫-૭-૨૬ શનિવારના ૪થી ૬. ઠે. પાવનધામ સત્યાનગર (મહાવીર નગર), બી.સી.સી. આઇ. ગ્રાઉન્ડ પાસે, કાંદિવલી (વેસ્ટ).

**હાલાઇ ભાટિયા**

કૃષ્ણરાજ ધરમસિંહ મરચન્ટ (ઉં. વ. ૮૬) તે સ્વ. રેણુકાબેનના પતિ. તે સ્વ. ધરમસિંહ રામદાસના પુત્ર. સ્વ. માધવદાસ હરજીવન સંપટના જમાઇ. સ્વ. રણજીતસિંહ, સ્વ. નરેન્દ્ર, સ્વ. ચંદ્રસિંહ, સ્વ. સુરેશ, ગં. સ્વ. રજનીબેન બ્રીજદાસના ભાઇ. તે વિનય, અ. સૌ. ધર્યદા-સમીર, અ. સૌ. અર્ચના-આનંદ, અ. સૌ. અનિતા-નિપમના પિતા. ચિ. કુશલના દાદા. બુધવાર તા. ૨૨-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. સર્વ લૌકિક વ્યવહાર બંધ છે.

**જુઠાણી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

મુળ માળીયા હાટીના વેરાવળ નિવાસી હાલ મુંબઇ કલાવતી લલિતચંદ્ર જગજીવનદાસ જુઠાણી (ઉં. વ. ૯૦) તે રાજેશ્રી, દેવેન અને નિર્મલના માતુશ્રી. પરિમલ બચુભાઇ, વૈશાલી પરિલમ પારેખ, દીપા પ્રતાપભાઇ મહેતાના સાસુ. શ્વસુર પક્ષે સ્વ. ગોપાલભાઇ, સ્વ. જયંતીભાઇ, સ્વ. ચંદ્રકાન્ત, વિનયકાન્ત, સ્વ. મુકુંદકુમાર, સ્વ. પ્રફુલચંદ્ર, પ્રેમલતા જયેશકુમાર દાણીના ભાભી. પિયરપક્ષે દીવ નિવાસી સ્વ. નર્મદાબેન પ્રાણલાલ કલ્યાણચંદ શેઠના સુપુત્રી. સ્વ. પદમાબેન-ધીરજલાલ, દમયંતીબેન-નરેનભાઇ, ભદ્રાબેન-હસમુખભાઇ, પ્રતિભાબેન, સ્વ. પ્રવીણભાઇના બેન. ગુરુવાર તા. ૨૩-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. સાદડી રવિવાર તા. ૨૬-૭-૨૬ નિવાસ સ્થાને. ઠે. ૧૭૦૫, બી વિંગ, દોસ્તી એલિટ, સાયન-ઇસ્ટ, સવારના ૯થી ૧૨ અને બપોરે ૪થી ૭.

**કચ્છ વાગડ લોહાણા**

ગામ વાઢીયા હાલ ઘાટકોપર સ્વ. બળવંતલાલના ધર્મપત્ની નિર્મળાબેન (ઉં. વ. ૬૭) તા. ૨૨-૭-૨૬નાં શ્રીજીચરણ પામેલ છે. તે રોહિત, રાહુલ, નિકિતાના માતુશ્રી. સ્વ. રંભાબેન કુંવરજી દક્ષિણીના પુત્રવધૂ. સ્વ. મણીબેન લક્ષ્મીચંદ શિવજીભાઇ ઘાટાનાં પુત્રી. ભોગીલાલ, અમરસીભાઇ, મોહનલાલ, ડાહ્યાલાલ તથા મુક્તાબેન સુરેશભાઇ નાથાણીનાં બહેન. મુરજીભાઇના નાનાભાઇના પત્ની. ગિરધરલાલ, ખીમજીભાઇ તથા મંજુલાબેન કનૈયાલાલ કાથરાણીનાં ભાભી. પ્રાર્થનાસભા તા. ૨૫-૭-૨૬ શનિવારે સાંજે ૪થી ૬. ઠે. સ્વામી નારાયણ મંદિર, ૯૦ રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

**શ્રીમાળી સોની**

મૂળ વતન જોરાવરનગર હાલ મલાડ વિનોદચંદ્ર શાંતિલાલ આદેશરા (ઉં. વ. ૮૭) ડો. શાંતિલાલ નાગરદાસન પુત્ર. તે રશ્મીબેનના પતિ. અન્વેશ-આસીતના પિતા. પ્રિતીબેન-સોનલબેનના સસરા. અંકિતા-અક્ષીલ પ્રિયાંશના દાદા. અનુજાના વડસસરા. તા. ૨૪-૭-૨૬ના શુક્રવારના દિને શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૭-૨૬ સોમવારના એમના નિવાસસ્થાને. ઠે. બી -૨૦૪ ભૂમી સેબેસીયા, એસ-પી એન્કલેવ, માર્વે રોડ, મલાડ (વેસ્ટ), સાંજે ૫થી ૭.

**દશા શ્રીમાળી વણિક જ્ઞાતિ**

મૂળ ગામ આતરસુંબા હાલ બોરીવલી, વાસંતીબેન તથા ચંદુલાલ રતનલાલ શાહના પુત્રવધૂ. સરજુભાઈ ચંદુલાલ શાહના ધર્મપત્ની રેખાબેન (ઉં.વ. ૫૬) ગુરુવાર, તા. ૨૩/૭/૨૬ના અક્ષરધામ થયા છે. તે સ્વ. નિર્મળાબેન તથા અરવિંદભાઈ પાનાચંદ શાહના દીકરી. હર્ષ તથા વૈભવી કરણ સાગલાણીના માતુશ્રી. મુકેશભાઈ, જયેશભાઈ, નયનભાઈ, શોભનાબેન પરિમલ મહેતા તથા સ્વ. જયમીનભાઇના ભાભી. કૌશલભાઈ તથા મેહુલભાઈના બહેન. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૫/૭/૨૬ના સાંજે ૪ થી ૬. સ્થળઃ સ્વામીનારાયણ મંદિર, યોગીનગર, અજમેરા ગ્લોબલ સ્કૂલની સામે, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા સોરઠીયા વણિક**

નરેન્દ્ર હરિદાસ શાહ (ઉં.વ. ૮૧) મૂળ વતન કણજા હાલ વસઈ, સોમવાર, ૨૦/૭/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. હરિદાસ રામજીભાઈ શાહ તથા જમુનાબેનના સુપુત્ર. પ્રવીણાબેનના પતિ. સ્વ. દ્વારકાદાસ નરોત્તમદાસના શાહના જમાઈ. નેહલ-રેશ્મા તથા પલ્લવી જયેશ ગાંધીના પિતાશ્રી. સ્વ. ગોકુલદાસભાઈ, પુષ્પાબેન તથા દિનેશભાઈના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ગોમતીવાડ બ્રાહ્મણ**

ખેડબ્રહ્મા નિવાસી હાલ ગોરેગામ, સ્વ. અમૃતલાલ જોષી અને સ્વ. ચકુબેન જોષીના સુપુત્ર ડૉ. ભુપેન્દ્રભાઈ (ઉં.વ. ૮૪) ૧૯/૭/૨૬ના શ્રીરામશરણ પામેલ છે. તે ગં.સ્વ. ધર્મિષ્ઠાબેનના પતિ. સ્વ. જ્યોતિન્દ્રભાઈ, નલીનભાઇ, સુમનબેન પંકજભાઈ ત્રિવેદીના ભાઈ. નીપા નિશિતકુમાર ઓઝા અને સ્વ. ડૉ. કૈશલના પિતા. સ્વ. નાથીબેન તથા સ્વ. સદાશિવ નાનાલાલ જાનીના જમાઈ. બંનેપક્ષની પ્રાર્થનાસભા તા. ૨૬/૭/૨૬ના રવિવાર રોજ સવારે ૧૦ થી ૧૨. સ્થળ : સરદાર વલ્લભભાઈ પટેલ હોલ, સીટી સેન્ટર મોલની સામે, એસ. વી. રોડ, જવાહરનગર, ગોરેગામ વેસ્ટ.

**કપોળ**

દોલતીવાળા હાલ કાંદિવલી, સ્વ. વસુમતિ દુર્લભદાસ ભાણજી કીકાણીના પુત્ર રમેશભાઈ (ઉં.વ. ૭૦) તે મૃદુલાના પતિ. નિકુંજ, ભૂમિકા તથા નિધિ હર્ષિલ મહેતાના પિતાશ્રી. જયસુખ, સ્વ. શરદ, નિલેશ, પ્રવીણાબેન મહેશ ચિતલિયા, હંસાબેન રમેશ પારેખ, કિરણબેન વિનોદ દેસાઈ, સ્વ. લતાબેન નિલેશ મહેતા, વર્ષા રાજેશ મહેતાના મોટાભાઈ. સાવરકુંડલાવાળા સ્વ. ઓધવજી ગોપાલજી મહેતાના ભાણેજ. જાફરાબાદવાળા સ્વ. અમૃતલાલ કલ્યાણજી મહેતાના જમાઈ. તા. ૨૨/૦૭/૨૬ને બુધવારે શ્રીજીચરણ પામ્યા છે, સર્વ પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૬/૦૭/૨૬, રવિવારે સાંજે ૪.૦૦ થી ૬.૦૦. પાવન ધામ, મહાવીરનગર, એમ.સી.એ. ગ્રાઉડ સામે કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

નલીનભાઈ જગમોહનદાસ સંઘવી (ઉં.વ. ૮૯) જેઓ શ્રીમતી ગીતાબેનના પતિ. વિશાખા, રાજેનના પિતા. પરેશભાઈ તથા ફૂલવાના સસરા. સ્વ. નવલભાઈ, સ્વ. વિજયભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, અતુલભાઈ, વીણાબેન નીતિનભાઈ મહેતા, અરુણાબેન હેમંતભાઈ મહેતા, સુજાતાબેન રાજેનભાઈ વોરાના ભાઈ. સ્વ. પ્રાણજીવનદાસ ભગવાનદાસ મહેતાના જમાઈ. તા. ૧૯-૭-૨૬ના ભાવનગર મુકામે શ્રીજીચરણ પામ્યા છે. એમની શ્રદ્ધાંજલી સભા તા. ૨૬-૭-૨૬, રવિવારના સાંજના ૫ થી ૭. શ્રી રવજી જીવરાજ ચંગડાઈવાળા હોલ, (આરજેસી બેન્કવેટ), એસએનડીટી કોલેજ, ૩૩૮ આર એ કિડવાઈ માર્ગ, માટુંગા (ઈ.).

**સામવેદી શ્રીમાળી બ્રાહ્મણ**

નંદુરબાર નિવાસી, ગં.સ્વ. ગોકળબેન શિવકુમાર ઓઝા અને સ્વ. શિવકુમાર ઓઝાના સુપુત્રી તથા કચ્છના સ્વ. મુક્તાબેન જસવંતરાય ઓઝાના પુત્રવધૂ, શ્રીમતી લતાબેન પ્રણવકુમાર ઓઝા (ઉં.વ. ૭૪) રહેઠાણ બોરીવલી પૂર્વ ગુરુવાર, ૨૩મી જુલાઈ ૨૦૨૬ના અવસાન થયેલ છે. તે કૌશલ તથા અવનિના માતાજી. દિપકભાઈ, રાજેશ અને દિનેશના બહેન. અ.સૌ. હીનાબેનના, અ.સૌ. ઈલાક્ષીબેનના, અ.સૌ. કામિનીબેનના નણંદ. નીરવકુમારના સાસુજી. ક્રિયાવિધી નંદુરબાર /ચાણોદ ખાતે રાખવામાં આવ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશાનીમા વણિક**

બાલાસિનોર નિવાસી, હાલ કાંદિવલી પૂર્વ, ભગીરથ ઓચ્છવલાલ શાહ, ઇટાડીવાળા તા. ૨૨-૭-૨૬, બુધવારના શ્રીહરિશરણ પામ્યા છે. તે સ્વ. ઓચ્છવલાલ મુળજીભાઈ શાહના સુપુત્ર. રેખાબેનના પતિ. નિમેશ, રાકેશ, રવિના પિતાશ્રી. કેની અને દિમ્પીના સસરાશ્રી. વત્સલ, શાશ્વત અને ભામતીના દાદાશ્રી. સ્વ. ચંદુલાલ ચુનીલાલ ક્લાર્કના જમાઈ. પ્રાર્થનાસભા તા. રવિવાર, ૨૬-૭-૨૬ના સાંજે ૫ઃ૦૦ થી ૭ઃ૦૦. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ હોલ, પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી પશ્ચિમ.

**કચ્છી લોહાણા**

કચ્છ-બરંઘાના, સ્વ. હરિરામ કરમશી રૂપારેલનાં પત્ની કમળાબેન (ઉં.વ. ૭૭) શુક્રવાર, ૨૪-૭-૨૬ના રામશરણ પામ્યા છે. તે સ્વ. રાજુભાઈ રીટાબેન રાકેશભાઈ ભગદે, પ્રિતીબેન મહેશભાઈ અડવાના માતા. ધર્મિષ્ઠાબેનના સાસુ. કેવલના દાદી. જીનલના દાદીસાસુ. ગૌરાષના દાદીમા. બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૫મીએ શનિવારે સાંજે ૫ થી ૭. ઠે.: કચ્છી લોહાણા મહાજન વાડી પવાણી હૉલ, રામરતન ત્રિવેદી રોડ, મુલુંડ (પ.). લૌ. વ્ય. બંધ છે.

## વીકએન્ડમાં

વરસાદના ઝાપટાં પડી ગયા છે. શુક્રવારે સવારે ૮.૩૦ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકમાં કોલાબા વેધશાળામાં ૫૪.૮ મિ.મી. વરસાદ નોંધાયો હતો, જ્યારે સાંતાક્રુઝ વેધશાળામાં ૨૧.૨ મિ.મી. વરસાદ નોંધાયો હતો. તો સવારના આઠ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં શહેરમાં ૫.૮૮ મિ.મી., પૂર્વ ઉપનગરમાં ૬.૩૧ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૪.૩૩ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

આ દરમ્યાન થાણેમાં ૪૦.૮૨ મિ.મી. અને નવી મુંબઈમાં ૩૩ મિ.મી. વરસાદ નોંધાયો છે. ભારે પવન ફૂંકાવાને કારણે મુંબઈમા દિવસ દરમ્યાન ૨૦થી વધુ ઝાડ અને તેની ડાળખી તૂટી પડવાના બનાવ નોંધાયા હતા. ઘરની દીવાલ તૂટી પડવાના બે બનાવ નોંધાયા હતા, જેમાં શુક્રવારે બપોરના ૧૨.૧૭ વાગે બોરીવલી પોલીસ સ્ટેશન સામે એસ. વી. રોડ, ચીકુવાડીમાં બેલ માઉન્ટન કૉર્નર બિલ્ડિંગનો સ્લેબ તૂટીને ૨૮ વર્ષની સંતોષી સાવકાર નામની મહિલા જખમી થઈ હતી. જ્યારે શોર્ટ સર્કિટના બે બનાવ બન્યા હતા.

## મહારાષ્ટ્ર સરકારે

આવ્યું હતું પરંતુ તેઓ હજુ સુધી જોડાયા નથી તેમને આમાંથી મુક્તિ આપવામાં આવી છે.

આ નિર્ણય પાછળનું કારણ સ્પષ્ટ કરતા સરકારી ઠરાવમાં જણાવવામાં આવ્યું છે કે, રાજ્યમાં મેડિકલ કોલેજોની વધતી જતી સંખ્યા અને દર વર્ષે સ્નાતક થતા વિદ્યાર્થીઓની સંખ્યાની સરખામણીએ વિદ્યાર્થીઓને 'બોન્ડ સર્વિસ' પૂરી પાડવા માટે વિવિધ સરકારી વિભાગોમાં ઉપલબ્ધ જગ્યાઓ વચ્ચે વિસંગતતાને કારણે નિર્ધારિત સમયમર્યાદામાં તે તેમને ઉપલબ્ધ કરાવી શકાતી નથી. પરિણામે, પાત્ર હોવા છતાં, ઘણા ઉમેદવારોને તેમની સર્વિસ બોન્ડની શરત પૂર્ણ ન કરી શકવાને કારણે અનુસ્નાતક તબીબી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. વધુમાં, આ ઉમેદવારો બિનઅનુભવી હોવાથી, તેઓ કટોકટીની સેવાઓ પૂરી પાડવા માટે પણ પૂરતા સક્ષમ હોતા નથી.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથેની ચર્ચાઓ બાદ, જાહેર આરોગ્ય વિભાગે ૯ જુલાઈ, ૨૦૨૫ના રોજ તબીબી શિક્ષણ અને ઔષધ વિભાગને આ નીતિ પર પુનર્વિચારણા કરવા માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

દરમિયાન, મહારાષ્ટ્ર એસોસિએશન ફોર રેસિડેન્ટ ડોક્ટર્સએ આ પગલાનું સ્વાગત કર્યું છે.

# પારસી મરણ

સામ ભીખાજી બરજોરજી તે બેહેરોઝના ધની. તે મરહુમો હીલ્લા ભીખાજી બરજોરજીના દીકરા. તે ફેની ને ગુલના પપા. તે ખુરશેદ ને દારાયસના સસરા. તે હોસી ને ખોરશેદના ભાઇ. તે કરીના ને ઝુબીનના મમાવા. (ઉં. વ. ૯૮) રે. ઠે. સોરાબ હાઉસ, ૪૩, ગાર્ડન રોડ, એપોલો રેકલેમેશન, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા :તા ૨૫-૭-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે, કરાની અગિયારીમાં છેજી.

# જૈન મરણ

સુરત કઠોરગામ નિવાસી, હાલ તાડદેવ (મુંબઇ) જયોતિકા સુરેશભાઇ ચંદુલાલ શાહ (ઉં. વ. ૭૬) સ્વ. કંચનબહેનના પુત્રવધૂ. સ્વ. સરોજબેન રસીકલાલ શાહના પુત્રી. ગુરુવાર તા. ૨૩-૭-૨૬ના અરિહંતશરણ થયેલ છે. તે જીજ્ઞા અને હિમાંશુના માતુશ્રી. અને સ્વ. મિનાક્ષીબેન, હરેન્દ્રભાઇ, યતીનભાઇ, નહેશભાઇ, હર્ષદાબેન, ભોવાબેન, અમિતાબેન, નીતાબેનના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

પાળીયાદ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. દલીચંદભાઇના ધર્મપત્ની જયોત્સનાબેન તા. ૨૩-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે નિધિના માતુશ્રી. સ્વ. વિનુભાઇ, સ્વ. કાંતિભાઇ, ચંદ્રકાંતભાઇ, સ્વ.કિર્તીભાઇ, સુરેશભાઇ ગિરિશભાઇ, સ્વ. લતાબેન અને બોટાદ સંપ્રદાયના પૂજય રંજનભાઇ મહાના ભાભી. પિયર પક્ષે ખાંભાના વ્રજલાલ માવજીભાઇની દીકરી. સ્વ. પ્રતાપભાઇ, સ્વ. રસિકભાઇ, રમેશભાઇ, વિમળાબેન, જયશ્રીબેન, રમાબેન, હીરાબેનના બહેન. લૌકિક વ્યવહાર અને પ્રાર્થના રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

નેસડી સાવરકુંડલા નિવાસી હાલ વસઇ ઉમેદરાય બાવચંદ ગોડા (ઉં. વ. ૮૭) ગુરુવાર તા. ૨૩-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે રમાબેનના પતિ. સ્વ. વિજય, દિલીપ, રાજુ, પરેશ, રીટા, ભાવિકકુમાર શાહના પિતાશ્રી. સ્વ. જયંતીલાલ, સ્વ. હીરાબેન નંદલાલ દેસાઇ તથા સ્વ.ચંદ્રીકાબેન હકમીચંદ ઠોસાણીના ભાઇ. મીનાબેન, તૃપ્તિબેન, પ્રીતીબેન, પાયલબેનના સસરા. સ્વ. બાબુલાલ જયંતીલાલ અજમેરા, સ્વ. જશવંતરાય, પ્રવીણભાઇ, હસમુખભાઇ, ઇન્દીરાબેન દિનેશકુમાર કપાસી, રંજનાબેન ગીરીશકુમાર જસાણીના બનેવી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૬-૭-૨૬ રવિવારના સવારના ૧૦થી ૧૨. ઠે. રાજહંસ બેન્કવેટ હોલ, રાજહંસ ડ્રીમ્સ, બિશપ્સ હાઉસની પાછળ, ભાભોલા, વસઇ (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

દડવા રાંદલ નિવાસી હાલ થાણા મહેન્દ્રભાઇ (ઉં. વ. ૭૪) તા. ૨૩-૭-૨૬ના ગુરુવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કુસુમબેન ગુણવંતરાય રતિલાલ શેઠના પુત્ર. ચારુબેનના પતિ. કમલ, દેવાંગના પિતાશ્રી. સ્વ. પ્રતિમાબેન કિરીટભાઇ મડિયા, સ્વ. બીપીનભાઇ, અશોકભાઇ, હિતેશભાઇ, પારુલબેન રાજેશભાઇ દોશીના ભાઇ. લાઠી નિવાસી સ્વ. શાંતિભાઇ નાગરદાસ ભાયાણીના જમાઇ. ખુશાલી, સ્વ. અમીના સસરા. નિયતિ, હાર્દિકના દાદા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાના આસંબિયાના પુષ્પાબેન ખીમજી છેડા (ઉં.વ. ૮૬) તા. ૨૨-૭-૨૬નાં અવસાન પામેલ છે. નેણબાઈ ચના વીરજીના પુત્રવધૂ. ખીમજીના ધર્મપત્ની. નાગલપુરના હિરબાઈ કુંવરજી ટોકરશી વીરા અને વિમળાબેન કુંવરજી ટોકરશી વીરાના પુત્રી. દિપક, દિનેશના માતા. નાગલપુરના પોપટલાલ, મધુકાંત, નિતીન, કિરણના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિઃ દિપક છેડા, ૧૦૧, શ્રી કૈલાશ ધામ બિલ્ડીંગ, ગાંવદેવી, દહિંસર (વેસ્ટ).

કાંડાગરાનાં ખેતબાઈ ભાણજી ગોપુ છેડા (ઉં.વ. ૮૬) તા. ૨૨/૭/૨૬નાં કચ્છમાં અવસાન પામેલ છે. ભાણજીભાઈનાં ધર્મપત્ની. સુંદરબેન ગોપુ સોજુનાં પુત્રવધૂ. મોટા આસંબીયાના નેણબાઈ કાનજી શીવજી ગાલાનાં સુપુત્રી. મોટા આસંબીયાના હિરજીભાઈ (બાબુભાઈ) ચા વાળા, ભાણબાઈ ટોકરશી છેડાના બહેન. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : ખેતબાઇ છેડા, શ્રીપદગીરી, ૧લે માળે, મોટા કાંડાગરા ૩૭૦૪૩૫.

કોડાયનાં સૌ. નિર્મળા નિતિન વસનજી શાહ (લાલન) (ઉં.વ. ૭૬) તા. ૨૩-૭ના અવસાન પામેલ છે. ચંચળબાઈ વસનજીના પુત્રવધૂ. નિતિનનાં પત્ની. સંગીતા, છાયા, મનીષા, કવિતા, હિના, ભાવના, ભાવેશના માતુશ્રી. પાનબાઈ હરખચંદ છેડાના સુપુત્રી. ચંદ્રકાંત, રમેશ, જયવંતી, જયંત, સં.પક્ષે પ.પૂ. ભક્તિપૂર્ણાશ્રીજી મ.સા.ના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિઃ ભાવેશ લાલન, ૩૨, રૂસ્તમજી આદર્શ રિજન્સી, આદર્શ ડેરી લેન, મલાડ (વેસ્ટ).

ગઢશીશાના આસબાઇ દેઢિયા (ઉં.વ. ૧૦૭) તા. ૨૩-૭ના અવસાન પામેલ છે. ખીમઇબાઈ ખેરાજના પુત્રવધૂ. લીલાધરભાઇના પત્ની. હેમચંદ, ચંદ્રકાન્ત, હેમલતાના માતુશ્રી. સણોસરા ધનબાઇ ખેરાજ જેઠા ગાલાના સુપુત્રી. હિરજી, હિરબાઇ, વેજબાઈ, લીલબાઈ, મમીબાઈના બેન. પ્રા. યોગી સભાગૃહ, સ્વામી નારાયણ મંદિર, દાદર (ઈ). ટા. ૪ થી ૫.૩૦ નિ. નિમેષ દેઢિયા, ૯૦૨, ગિરનાર ટાવર, શેઠ મોતીશા લેન, હોટલ સુપ્રભાતની પાછળ, ભાયખલા (ઈ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

સુલતાનપુર (ગોંડલ) નિવાસી હાલ બોરીવલી, રમણીકલાલ પ્રભાશંકર દોશીના ધર્મપત્ની નીલાબેન (ઉં.વ. ૮૬) તા. ૨૧-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સોનલ શૈલેષ કપાસી, રૂપલ મિલન તેજાણી, તેજલ જયેશ ઠોસાણીના માતુશ્રી. સ્વ. હરકિશનદાસ, સ્વ. વ્રજલાલ, સ્વ. વિનોદરાય દોશી, વિજયાબેન હકમીચંદ ભોડીયા તથા શાંતાબેન પ્રવીણચંદ્ર બાવીસીના ભાભી. પિયરપક્ષે નવલબેન ત્રિભોવનદાસ હેમાણીના પુત્રી. સ્વ. રમણીકભાઈ, સ્વ. મનુભાઈ, સ્વ. પુષ્પાબેન રશ્મિકાંતભાઇ પારેખના બેન. પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

એક નજર ઈધર ભી
કામિની શ્રોફ
feedback@
bombaysamachar.com

# અનંત અનાદિ પુરાતત્ત્વ અનુભવાત્મક સંગ્રહાલય...

## પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય પુરસ્કાર મેળવનાર વડનગરનું આ મ્યુઝિયમ જોવું જ જોઈએ

યુએસએ, યુકે, યુરોપની ટૂરનું નામ પડતા પ્રવાસ શોખીનોમાં ઉત્તેજના ફરી વળતી. નાયગ્રા ફોલ, સ્ટેચ્યૂ ઓફ લિબર્ટી, પિઝાનો ઢળતો મિનારો, હોંગકોંગની સિમ્ફની લાઈટ્સ, બ્રિટિશ આર્કિયોલોજીકલ મ્યુઝિયમ સહિત અનેક સ્મારક જોવાની ઉત્તેજના થાય, તાલાવેલી જાગે. સ્વાભાવિક છે, કારણ કે એનો મહિમા રજૂ કરતા ગીત ગુંજન સાંભળીને જ આપણો વૈચારિક ઉછેર થયો છે.

જોકે આજે એકવીસમી સદીના ત્રીજા દાયકામાં એવી પરિસ્થિતિ છે કે આપણે ગર્વથી વિદેશી સહેલાણીઓને કહી શકીએ કે 'હમ કિસીસે કમ નહીં.' નાયગ્રા ફોલ કરતાં અધિક પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતા ધોધ આપણા દેશમાં છે. આપણી પાસે સ્ટેચ્યૂ ઓફ યુનિટી છે, આંખો પલકારા મારવાનું ભૂલી જાય એવા લાઈટ શો આપણે ત્યાં થાય છે અને વિશ્વવિખ્યાત બ્રિટિશ મ્યુઝિયમ કે પેરિસના લુવ્ર મ્યુઝિયમ સાથે ખભેખભા મિલાવી શકે એવું મ્યુઝિયમ આપણા વડનગરમાં છે.



વડનગરની શાન સંગ્રહાલય


શર્મિષ્ઠા તળાવનો બેમિસાલ લેઝર શો

### સનાતન નગરી

મ્યુઝિયમની અંદર એવી અનેક કલાકૃતિઓ છે જે જોઈ અને એ વિશે જાણકારી મળતા સમજણનો વિસ્તાર થાય છે. 'વડનગર: એક સનાતન નગરની અનુભૂતિ' ફિલ્મ સહેલાણીઓને ખાસ દર્શાવવામાં આવે છે. આ ફિલ્મ વડનગરની શાશ્વત યાત્રા પર લઈ જાય છે. વ્યાપાર, આધ્યાત્મ અને શિલ્પકળાના ત્રિવેણી સંગમને ઉજાગર કરી ભારતીય સંસ્કૃતિ અને ઈતિહાસમાં વડનગરના મહત્ત્વને દર્શાવે છે. વિશાળ પડદા પર માટીનાં વાસણો, પ્રાચીન હસ્તલેખો, કીર્તિ તોરણ અને અન્ય કલાકૃતિઓ જીવંત થાય છે. આ સનાતન નગરમાં ધરબાયેલી વાર્તાઓ જાણવાથી આનંદ અને જ્ઞાન બંને મળે છે.

ફિલ્મ દ્વારા અઢી હજાર વર્ષથી વધુ જૂના જીવંત ઇતિહાસ, સંસ્કૃતિ અને સતત માનવ વસવાટની સનાતન ગાથા દર્શાવવામાં આવે છે. અત્યાધુનિક ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમથી મુલાકાતીઓને અલૌકિક સનાતન નગરનો અનુભવ થાય છે.

### અનંત અનાદિ પુરાતત્ત્વ અનુભવાત્મક સંગ્રહાલય

કલા, સ્થાપત્ય, વેપાર અને શહેરી આયોજનને દર્શાવતું આ સંગ્રહાલય વડનગરના ૨૫૦૦ વર્ષ જૂના વારસાનું પ્રતિબિંબ હોવાની સાથે સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ અને પ્રોત્સાહનનું પ્રતીક સુધ્ધાં છે. વિદેશી સહેલાણીઓ પણ અહીં આવતા હોવાથી એને અંગ્રેજીમાં Archeological Experimental Museum નામ આપવામાં આવ્યું છે. ૨૯૮ કરોડના ખર્ચે નિર્મિત આ ચાર માળનું મ્યુઝિયમ અંદાજે ૧૨ હજાર ૫૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે. ગયા વર્ષે ફેબ્રુઆરીમાં મ્યુઝિયમનું લોકાર્પણ થયા પછી દેશ-વિદેશના પ્રવાસીઓ, સંશોધકો અને વિદ્યાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ૧૮ જુલાઈએ આંતરરાષ્ટ્રીય સ્તરે ગૌરવ અપાવતું વધુ સન્માન પ્રાપ્ત થયું છે. મ્યુઝિયમને પ્રતિષ્ઠિત Platinum A' Design Award એનાયત કરવામાં આવ્યો છે. આ એવોર્ડ વિશ્વભરના શ્રેષ્ઠ ડિઝાઇન, નવીનતા અને સર્જનાત્મકતાને માન્યતા આપતા અગ્રણી આંતરરાષ્ટ્રીય પુરસ્કારોમાંનો એક માનવામાં આવે છે. આ એવોર્ડથી વડનગર માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ વિશ્વના અગ્રણી સાંસ્કૃતિક અને પુરાતત્ત્વીય પર્યટન સ્થળોમાં પ્રભાવી ઓળખ મેળવી રહ્યું છે. મ્યુઝિયમમાં વિવિધ સમયગાળાની કલાઓ, શિલ્પો અને આ વિસ્તારની ભાષાને પ્રદર્શિત કરતી નવ થીમેટિક ગેલેરીઓ પણ છે. ઑડિયો-વિઝ્યુઅલ ફિલ્મો અને પ્રદર્શનો ધરાવતું આ આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમ ઇતિહાસના શોખીનો માટે એક ખાસ ભેટ છે. મ્યુઝિયમમાં હજારો પ્રાચીન અવશેષો, ડિજિટલ પ્રદર્શન અને ઓડિયો-વિઝ્યુઅલ ગેલેરીઓ જ્વલંત ઈતિહાસ દર્શન કરવી જ્ઞાન વધારે છે. ૧૦ રૂપિયાની મામૂલી એન્ટ્રી ફી આપી અઠવાડિયાના છ દિવસ (બુધવારે બંધ) સવારે દસ વાગ્યાથી સાંજના છ સુધી (સાડા ચાર પછી એન્ટ્રી બંધ) આ મ્યુઝિયમ ધર્મપ્રેમી, કલાપ્રેમી જ નહીં ભારતવાસીએ જોવું જ જોઈએ.


હાટકેશ્વર મંદિરમાં આકર્ષક લાઈટ એન્ડ સાઉન્ડ શો

### લેઝર શો

સંગીત અને શાબ્દિક વર્ણન સાથે રંગબેરંગી લેઝર કિરણોની મદદથી હવામાં કે પાણીના ફુવારા પર દિલ અને દિમાગને મોહી લેતા સુંદર ચિત્રો અને આકારો બનાવવામાં આવતા લેઝર શો વીસમી સદીમાં તો વિદેશી આકર્ષણ હતું. ૨૦૦૪માં હૈદરાબાદના હુસેન સાગર જળાશય પાસે લુમ્બિની પાર્કમાં પહેલી વાર સ્વદેશી લેઝર શોનું આયોજન થયું હતું. હવે તો મલ્ટીમીડિયા વોટર સ્ક્રીન શો શિર્ડી, ગેટવે ઓફ ઈન્ડિયા, પ્રયાગરાજ, દિલ્હીમાં પ્રસંગોપાત થાય છે અને હવે એમાં વડનગરનું નામ પણ ઉમેરાયું છે. મેં વિદેશના કેટલાક લેઝર શો જોયા છે, પણ જરાય અતિશયોક્તિ વિના કહું છું કે વડનગરના શર્મિષ્ઠા તળાવ ખાતે ૨૫ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલો અત્યાધુનિક વોટર પ્રોજેક્શન શો - લેઝર શો વિદેશી શોથી તસુભાર ઓછો નથી ઊતરતો. ટેક્નિકલી અને ક્રિએટિવલી અદ્‌ભુત આનંદ આપે છે. શોનો ઉદ્દેશ વડનગરના ભવ્ય અને ગૌરવશાળી ઇતિહાસને નવી પેઢી સુધી આધુનિક માધ્યમથી પહોંચાડવાનો છે. પ્રાચીન સમયમાં પાણીનું વ્યવસ્થાપન કેવી રીતે કરવામાં આવતું હતું એની જાણકારી પણ આ શોથી મળે છે. એકંદરે આ શો કેવળ આંખને આંજી દેતી ટેકનોલોજીની કમાલ નથી, ઐતિહાસિક તથ્યો રજૂ કરી જ્ઞાનવર્ધક પણ બને છે.

વડનગરના પ્રખ્યાત હાટકેશ્વર મંદિરમાં પણ આકર્ષક લાઈટ એન્ડ સાઉન્ડ શો શરૂ કરવામાં આવ્યો છે. રોજ સાંજે સંધ્યા આરતી પછી આ શો થાય છે, જેમાં નાગર બ્રાહ્મણોના ઇષ્ટદેવ હાટકેશ્વર દાદાના પ્રાગટ્યની કથા અને વડનગરનો પ્રાચીન ઇતિહાસ ગુજરાતી ભાષામાં રજૂ થાય છે. ધર્મસ્થાનમાં આવી રજૂઆત બહુ ઓછી જગ્યાએ જોવા મળે છે.

**મ્યુઝિયમની અંદરની અન્ય ખાસિયતની વાત પણ ઘણી રસપ્રદ છે. એના વિશે હવે પછી... ■**


અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@
bombaysamachar.com

# રોમ્સડાલ - કાલ્પનિક લાગતી ખીણમાં ખરી મજા...

નોર્વેની ટીમને આ વર્ષે ફૂટબોલ વર્લ્ડકપમાં ઘણી લોકપ્રિયતા મળી છે. ખાસ તો બધા પ્લેયર્સનું વાઇકિંગ ફોટોશૂટ અને હાલાન્ડનું કદ અને સ્વભાવ જાણે સોશ્યલ મીડિયા પર છવાઈ ગયાં. જોકે સ્કેન્ડિનેવિયાના છોકરાઓ જાયન્ટ લાગે એમાં નવાઈ પણ શું હોઈ શકે. ત્યાંનાં માયથોલોજિકલ પાત્રો તો ખરેખર પહાડ જેવડાં જ હોવાની વાત છે. જ્યારે અમે ટ્રોલસ્ટિગન ચઢવા નીકળેલાં, ત્યારે ગાડી ૧૧ હેરપિન બેન્ડ્સ વટાવીને ઉપર વ્યુઇંગ પ્લેટફોર્મ સુધી પહોંચી ગઈ પછી પણ ટ્રોલની વાર્તાઓ અને સાથે સંકળાયેલા વ્યૂમાં જરાય ઘટાડો થયો નહીં. ઊલટાનું તે રોમ્સડાલ વેલીની રક્ષા કરવા માટે ટ્રોલ્સે કઈ રીતે પોતાના જીવ ત્યાગ કરવાનું પણ બાકી નથી રાખ્યું એવી વાર્તાઓથી તો આખું ટેકરી પરનું મ્યુઝિયમ ધમધમતું હતું.

ઉપર વ્યુઇંગ પ્લેટફોર્મની સાથે પેનોરમા વ્યૂ માટે નાનકડી હાઇક કરવી પડે તેવું હતું. ત્યાં કેડી સાંકડી હતી અને રસ્તામાં લોકોએ લાઇન એવી લગાવી હતી કે ધીમી ગતિએ વાત આગળ વધી રહી હતી. ત્યાંથી 'ટ્રોલ્સવેગેન' એટલે કે 'ધ ટ્રોલ વોલ' તરીકે ઓળખાતી એક એવી પર્વતમાળા પણ જોવા મળી, જ્યાં એક ટ્રોલની વેડિંગ પાર્ટી આખી થીજીને પર્વતોમાં પલટાઈ ગઈ હોવાની વાત છે. એક ટ્રોલની ટોળકી કોઈનાં લગ્નની પાર્ટી મનાવી રહી હતી, અને એ બધાં આખી રાત પાર્ટી કરવામાં એવાં ભાન ભૂલી ગયાં કે સવારે તડકાનાં કિરણો તેમના પર પડતાં જ તેઓ પથ્થરમાં પલટાઈ જશે તે વાતનાં પણ કોઈને હોશ ન રહ્યા. આખીને આખી ટોળી પર્વત બની ગઈ. હવે દરેક પર્વતમાં ટ્રોલનાં અને માણસોનાં ફીચર્સ શોધવામાં અમારી ટોળકી થોડી વાર તો ગૂંચવાઈ ગઈ હતી. કોઈને લાગ્યું કે પર્વતો માત્ર ટ્રોલના ફેસ હતા, અને કોઈને લાગ્યું કે આખો ને આખો પર્વત જ એક ટ્રોલ છે. એ મહત્ત્વની ચર્ચાઓમાં ટ્રોલ્સ અને પર્વતો બંને અમારી સામે જાણે જીવંત થઈ ગયાં હતાં.






વ્યુઇંગ પ્લેટફોર્મથી પાછાં ફરતી વખતે અલગ અલગ સીડીઓ લઈને મ્યુઝિયમ સુધી જવાતું હતું. તેમાં વચ્ચે પાણીના પુલ્સ બનાવેલા જ હતા. તેમાં ઘણાં તો જરા હૂંફાળું વેધર જોઈને સીધી પાણીમાં ડૂબકી લગાવવા પડી ચૂક્યાં હતાં. આખીય રોમ્સડાલ વેલી ૬૦ કિલોમીટરમાં ફેલાયેલી છે. અહીં જે લેન્ડસ્કેપ જોવા મળી રહ્યો હતો તેમાં ચોર્ડનું વર્ચસ્વ ન હતું, હા ટ્રોલ્સની હાઇલાઇટ્સ જરૂર હતી. અહીં બે મજેદાર વોટરફોલ્સ પાસે પણ થોડા ફોટા પડાવવાનું થયું. જોકે અહીં કોઈ એક સ્થળને ફોટો સ્પોટ કહેવું જરા અનફેર લાગતું હતું. જે પણ તરફ કેમેરો ફેરવો અને ભૂલથી પણ ક્લિક કરી દો, બધે જ કોઈ પ્રકારનું કુદરતી સૌંદર્ય તો ઝડપાઈ જ જતું હતું. અહીં એક નાનકડી ટ્રેન લાઈન પણ દેખાઈ. આ 'રાઉમાબાનનેન' સ્વિસ ટ્રેનો કરતાં પણ અનોખો અનુભવ કરાવતી હોવાની વાત છે. સ્વિસ ટ્રેનોને માર્કેટ કરવામાં આવી છે, બાકી સ્કેન્ડિનેવિયન નોર્થમાં પહાડો, ખીણો અને ચોર્ડને જોડતી ટ્રેનોમાં દૃશ્યો યાદગાર બની રહેશે તેવું ભાગ્યે જ કોઈને કહેવાની જરૂર પડે. અમે કારમાં આવેલાં એટલે ટ્રેન તો લઈ શકીએ તેમ ન હતાં, પણ ટ્રેન ટ્રેક્સને પેરેલલ રસ્તા પર રાઉન્ડ મારીને તે રૂટની થોડી મજા તો લઈ જ લીધી.

આ ટ્રેન રૂટ પર ખાસ બિજોર્લી પાસેના બ્રિજ પાસે 'હેરી પોટર એન્ડ હાફ બ્લડ પ્રિન્સ'નું શૂટિંગ થયું હતું. અને જરા આગળ 'મિશન ઇમ્પોસિબલ' માટે ટોમ ક્રુઝે બાઇક ચલાવી છે. એ બધાં કાલ્પનિક એડવેન્ચર વચ્ચે તમે માત્ર સાધારણ વોક કરવા કે ડ્રાઇવ પર નીકળો તે પણ અસાધારણ જ ફીલ થતું હતું. ત્યાં કિયલિંગ બ્રિજને તો ટોમ ક્રુઝ ફિલ્મમાં ધમાકા સાથે ઉડાડી પણ દે છે. આખી વેલીને જરા ઉપરથી જોવા માટે ગોન્ડોલા લઈને પણ જવાનું શક્ય છે. જોકે અમે ફરી એ પ્રકારના અનુભવ માટે તૈયાર ન હતાં. આ પહેલાં જોઈ ચૂકેલાં કે ગોન્ડોલાની રાહ જોવામાં અડધો દિવસ પણ નીકળી જાય. વળી અમે અહીંથી નીકળીને આગળ ટ્રોન્ડહાઇમ તરફ જઈ રહ્યાં હતાં. આ રોમ્સડાલની ડીટૂર અમને આખો દિવસ પાસે રાખી લેશે એવું અમે નહોતું વિચારેલું. ઇનફેક્ટ રોમ્સડાલે અમને એવાં જકડી રાખેલાં કે ફરી જ્યારે પણ નોર્વે તરફ આવવાનું થાય તો આ વેલીમાં જ કેબિન લઈને બે-ત્રણ દિવસ પડ્યાં રહેવાનું પાક્કું થઈ રહ્યું હતું અને નોર્વેમાં પડ્યાં રહેવાના ભાગ રૂપે હાઇક પણ કરવી પડે. આ દેશના આરામ કરવાનાં પ્લાનમાં પણ હાઇક કરવાનું આવતું જ હતું.

રોમ્સડાલ વિષે વધુ જાણવા મળ્યું પછી ત્યાં રહી ન શકવાનો અફસોસ પણ દૂર થઈ ગયો. અમે થોડા દિવસથી જે આલેસુન્ડમાં આંટા મારી રહ્યાં હતાં તે પણ રોમ્સડાલનો જ હિસ્સો ગણાય છે. જોકે તેનો વેલી એરિયા અલગ જ ફેનબેઝ ધરાવે છે. અમે તો ત્યાં કોઈ હોલીડે કોટેજીઝ ખાલી દેખાઈ હોત તો થોડી વાર માટે તો રોકાઈ જવા માટે લલચાઈ પણ ગયેલાં. ખાસ તો હવે આ ટ્રિપનો છેલ્લો ફેઝ ચાલુ થઈ રહ્યો હતો તે કારણે પણ બધાં જરા સેન્ટિમેન્ટલ થઈ રહ્યાં હતાં.

હવે ટ્રોન્ડહાઇમ પાસે એક્સપ્લોર કરીને અમે ઓસ્લો તરફ પાછાં જવાનાં હતાં. જોકે હજી ઓસ્લોમાં નાટક જોવાથી માંડીને એડવર્ડ મન્ક મ્યુઝિયમ અને ભવ્ય સિટી ટૂર જેવું ઘણું બાકી હતું. નોર્વેમાં માડં બે અઠવાડિયાં થયાં હતાં, પણ અહીં શિફ્ટ થઈ જવા માટે પણ મન બની જતું હતું. હવે તો દરેક જગ્યાએ મજા આવી છે કે નહીં તેનું માપદંડ જ એ બની ગયું હતું, અહીં વસી જવાની ઇચ્છા થાય તો સમજવું કે ખરી મજા આવી છે.

જો અહીં કોઈ કારણસર વસી ગયાં તો બહારની દુનિયા સાથે કટઓફ થઈ જવાની તૈયારી પણ રાખવી એ પણ સમજી જ લેવું. ખરેખર આ ટ્રોલ્સની કાલ્પનિક દુનિયામાં લોકો એન્જિનિયરિંગ અને આઇટીની જોબ્સ માટે ત્યાં ખરેખર વસી ગયાં છે. અમે એ મિત્રોને પણ મળી આવેલાં. એ લોકો પણ વીકેન્ડ પર હાઇકિંગ કરીને ઇન્ડિયન સ્ટોર પર દેસી શાકભાજી લેવા પહોંચી જ જાય છે. ભારતની બહાર ભલે માણસ ગમે તે દેશમાં હોય, એક વાર સ્થાયી થયા પછીનું ટેમ્પલેટ હવે બધે એક સરખું જ છે. ફરવા બાબતે એવું કહી શકાય નહીં. હવે ટ્રોન્ડહાઇમ જવાનું હતું.■




**તમને** એવું લાગશે કે હું સ્ત્રીઓની તરફદારી કરી રહી છું. પણ એક વાત સત્ય છે કે પુરુષો પત્નીઓને છેતરવામાં પાવરધા હોય છે. જ્યારે પત્ની હકની વાત કરે ત્યારે કાં તો ધણીપણું બતાવે છે અથવા તો ઈમોશનલ બ્લેક મેઈલીંગ પર ઊતરી આવે છે.

'શાબાશ, હજુ તો તમે લગ્ન કર્યા નથી અને પતિઓ વિશે ભયાનક છાપ લઈને બેઠા છો. તમને પરણનાર તો મર્યો જ સમજો સનતે કાંકરીચાળો કર્યો.'

'જોયું ને, આ તમારો પ્રતિભાવ જ બતાવે છે કે તમે સાચી વાત સ્વીકારવામાં કેટલા ઈમાનદાર છો.'

'મેડમ, હું એમ કહું કે હું તમને હંમેશાં વફાદાર રહીશ તો તમે મારી સાથે લગ્ન કરશો?'

'મહેરબાન, શરૂઆત અહીંથી થાય છે. પુરુષ ત્યાં સુધી બધી રીતે સારો હોય છે જ્યાં સુધી તે સ્ત્રીનો માલિક બની ન જાય. એકવાર સ્ત્રી એની થઈ ગઈ, બસ પછી તો બધા જ વાયદા ફોક. તમે મને અત્યારે જે વાયદા પર પ્રપોઝ કરી રહ્યા છો એજ સ્ત્રીને છેતરવાની શરૂઆત છે.'

'હું લખીને આપું તો?'

'ઓહ, યાર પ્લીઝ ડોન્ટ ટર્ન મી ટુ અનઅધર સાઈડ. તમે શરૂઆતમાં એવી જ વાતો કરો જે વ્યવહારમાં શક્ય હોતી નથી. સ્ત્રીનું મગજ જ હેક કરી લો.'

એનો અર્થ એવો પણ કરી શકાય કે, સ્ત્રી પાસે વિચાર શક્તિ ઓછી હોય છે.

'ભૂલો છો મિસ્ટર! વિચારશક્તિ તો હોય છે પણ એ માટેના રસ્તાઓ એના માટે બંધ હોય છે. બધી વ્યવસ્થાઓ પુરુષને જ અનુકૂળ રહે તેવી બનાવવામાં આવી છે. જ્યારે મારા જેવી કોઈ સ્ત્રી પોતાની રીતે વિચારે છે કે જીવવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેને ડેડ મશીન કહીને એના અસ્તિત્વનો જ સ્વીકાર કરવામાં આવતો નથી.'

'ઓહ મેમ! સોરી. મારો શબ્દ હું પાછો ખેંચું છું. મારે એવું કહેવું જોઈતું નહોતું. લાગે છે તમને બહુ ખરાબ લાગ્યું છે.'

'બસ બસ હવે, બહુ સારા દેખાઈએ તો શંકા પડે. છતાં એક સત્ય તો છે જ કે પુરુષ જન્મજાત કુશળ અદાકાર હોય છે. જ્યારે જરૂર પડે પોતાની અદાકારીનો બખૂબી ઉપયોગ કરે છે. મારા પપ્પાએ પણ એજ કર્યું. જેવું મારી મમ્મીએ કહ્યું કે 'તમે કોલકાતા નહોતા ગયા અહીં જ હતા અને તેય કોઈ સ્ત્રી સાથે. ખરેખર તો તે સાંભળીને મારા પપ્પાના મોં પરથી લોહી ઊડી જવું જોઈતું હતું કે પછી તેમને ગુસ્સો આવવો જોઈતો હતો. તેને બદલે પપ્પાએ જુદું કર્યું. એમણે મારી મમ્મીને બાથમાં લઈને ભીંસી નાખતા કહ્યું, 'કલ તો નહીં થા પર અભી એક ખૂબસુરત ઓરત કે સાથ હું. ચલ ગંગા મુઝે ખુશ કર દે.'

'સાલ્લું મને નવાઈ લાગે છે કે આ તો એમની ખાનગી વાતો કહેવાય. તમે બધું એવી રીતે કહો છો જાણે તમે એમનું મૂવી જોયું હોય.'

'એમ જ સમજો સનત. આ વાત થોડીવાર પહેલા પણ તમે જૂદી રીતે પૂછી ચૂક્યા છો. મને આ બધું કઈ રીતે જાણવા મળ્યું એનો ખુલાસો કરીશ. આમ તો પપ્પા મમ્મીની અંગત વાતો મારાથી કોઈને કહેવાય નહીં કે ચર્ચાય નહીં. બટ નાઉ આઈ એમ એ નેરેટર ઓફ ધ સ્ટોરી. અંડરસ્ટેન્ડ? સો લીસન એન્ડ થીન્ક વ્હાય આઈ ડેડ મશીન? માય બ્રેઈનઝ સીડી ઈઝ ટોટલી કરપ્ટ, બટ હાર્ટ ઈઝ નીટ એન્ડ ક્લીન.' સોનલ થોડી સેકન્ડ ચૂપ થઈ ગઈ. સનતે નાટકીય રીતે સોનલ સામે હાથ જોડતાં કહ્યું.

'ક્ષમા કરો માવડી. આ નાદાન બાળકની ભૂલ માફ કરો.'

સોનલ હસી પડી. તેણે સનતનો હાથ પકડીને જરા ઝંઝેડતા કહ્યું, 'મેં આ પહેલા તમને કહ્યું છે કે તમે ખરેખર સારા અને સ્વસ્થ પુરુષ છો. તમે કારણ વગર વાતને અવળે પાટે લઈ જાઓ છો.'

'સોરી બાબા, પ્લીઝ આગળનું કહો. જોકે મારી દષ્ટિએ આગળનું દશ્ય રોમેન્ટિક તો નહીં જ હોય.'

'તમે સાચા છો. છેતરાયેલી સ્ત્રી અને ઘવાયેલી વાઘણ બેઉ ખતરનાક હોય છે. મારી મમ્મીને પહેલીવાર મારા પપ્પા પરનો અડીખમ વિશ્વાસ તૂટ્યો હતો. તેને ભયંકર દુઃખ પહોંચ્યું હતું. મમ્મીએ પપ્પાને દૂર હડસેલતા કહ્યું, 'નહીં, મારાથી દૂર હટો.''

'પપ્પાને અચાનક લાઈટ થઈ કે મમ્મી ખરેખર નારાજ છે. તેમ છતાં તેમણે પોતાનો અભિનય ચાલુ રાખ્યો. તેમણે મમ્મીનો હાથ પકડી બેડ પર બેસાડી દેતાં જરા ગંભીર થઈને કહ્યું, 'મને કહીશ કે તું મારાથી શા માટે નારાજ છો? ગંગા મને તારી વાતથી આઘાત લાગ્યો છે.' પપ્પાની આ વાતથી તે જરા ઉશ્કેરાઈ ગઈ.'

'પહેલા મને કહો કે એ સ્ત્રી સાથે તમારે કેટલા સમયથી સંબંધ છે જે તમારી સાથે હતી?'

'પપ્પા સમજી ગયા હતા કે કોઈ પણ રીતે ગંગાને ખબર પડી ગઈ છે. છતાં પપ્પા અંધારામાં તીર ચલાવવા માગતા નહોતા. તે જાણવા માગતા હતા કે ગંગાને ખબર પડી કઈ રીતે? તે હજુ ઈમોશનલ દાવ ખેલવા માગતા હતા. તેમણે મમ્મીની આંખોમાં જોતાં કહ્યું, 'હું તને પ્રેમ કરતો ન હોત તો અત્યારે એક જ થપ્પડમાં દાંત પાડી દીધા હોત. મારી કોલકાતાની ટિકિટ તેં જ બેગમાં મૂકી હતી. હવે રહી મારી ત્યાં હોવાની વાત. તો હું એ હોટેલનો નંબર આપું છું જ્યાં હું ઊતર્યો હતો. તું ફોન કરીને ખાતરી કરી લે. તારા મનમાં આવો વિચાર નાખ્યો કોણે?'

મમ્મીએ ફરી એજ કહ્યું, 'તમે માત્ર મને એટલું કહો કે તમને એ સ્ત્રી સાથે કેટલા વખતથી સંબંધ છે જેની સાથે તમે રાત ગાળી આવ્યા છો?'

આખરે પપ્પાએ એજ કર્યું જે હારેલો પતિ કરતો હોય છે. તેઓ તાડુક્યા, 'સાલ્લી આવી ગઈને અસલિયત પર? હું તને કચરામાંથી ઉપાડીને અહીં લઈ આવ્યો એનો આ બદલો આપી રહી છો? તારા માટે મેં બધું છોડ્યું. મારા પરિવારની નજરમાં ઊતરી ગયો, મારા છોકરા મારાથી દૂર થઈ ગયા. આ બધું તારા સુખ માટે કર્યું અને તું એમ કહી રહી છો કે હું કોઈ સ્ત્રી સાથે સૂઈ આવ્યો છું?'

'પપ્પાની ડ્રામાબાજીથી જરાય વિચલિત થયા વગર મારી મમ્મીએ પપ્પાને ઉશ્કેર્યો, મને માત્ર એટલું કહો કે એ સ્ત્રી સાથે તમને કેટલા સમયથી સંબંધ છે?'

મમ્મીની અડગતાથી ડરી ગયેલા મારા પપ્પાએ મમ્મીને થપ્પડ મારી લીધી. મારી મમ્મીની આંખો ફાટી રહી. જેના વિશ્વાસે તે અજાણ્યા શહેરમાં આવી ગઈ હતી. એ નફ્ફટ થઈને ઊભો રહી ગયો હતો. પપ્પાને તરત પોતાની ભૂલ સમજાઈ. તેમણે વિચાર્યું કે પોતે ખોટો તો છે જ. પણ ગંગાને ખબર કેવી રીતે પડી તે જાણવું પડશે. પપ્પાએ મમ્મીનો હાથ પકડ્યો તે સાથે જ મમ્મી ઝાટકાથી હાથ છોડાવી લેતા ગર્જી.

'આખરે તમે બતાવી દીધું કે મારું સ્થાન આ ઘરમાં શું છે. મારા ઉપર તમારા અનેક ઉપકાર છે. તમે મારા જેવી ગરીબ સ્ત્રીને પત્ની બનાવી પૈસાદારોની દુનિયામાં લાવ્યા. મારી હેસિયત જ શું છે કે હું તમારા પર હક જતાવું. મારે મારું સ્થાન સમજવું જોઈતું હતું. ભૂલ મારી છે. શરૂઆતથી જ મેં ભૂલો કરી છે. નહીંતર કોઈ કુંવારી છોકરી એ ન કરે, જે મેં કર્યું. તમારો કોઈ જ વાંક નથી. બધું મારી ભૂલોનું જ પરિણામ છે. મારાં મા બાપે મારા પર કેટલુંય દબાણ કરેલું કે તારા પેટમાં રહેલું પાપ પાડી દે. પણ હું એને પાપ નહીં, મારા પ્રેમનું પરિણામ સમજતી હતી. મારો બાપ મને મારી નાખવા તૈયાર થઈ ગયો હતો. તોય અડગ રહી મેં તમારી દીકરીને જન્મ આપ્યો અને આજે એક સ્ત્રી માટે થઈને મને મારી લીધી?'

પપ્પાએ પેંતરો બદલ્યો. તેમણે કહ્યું, 'મારી ભૂલ થઈ ગઈ. મને એ તો કહે કે તું કઈ સ્ત્રીની વાત કરી રહી છો?'

મમ્મીએ ગુસ્સાથી કહી દીધું, 'એ સ્ત્રી જેની સાથે ગઈ કાલે તમે હેંગીંગ ગાર્ડનમાં ખોવાઈ ગયા હતા. મારી કિસ્મત જ ફૂટેલી છે. નહીંતર હું ત્યાં શા માટે આવું?'

પપ્પાના મોં પરથી લોહી ઊડી ગયું. તેમ છતાં તે પતિ હતા. મારી મમ્મી અનેક ઉપકારો તળે દબાયેલી પત્ની હતી. પપ્પાએ કહ્યું, 'ગંગા પ્લીઝ મારી પાસે બેસ. આપણી સોનુ ખાતર પણ મને માફ કરીને મારી વાત સાંભળ. એ સ્ત્રી કોણ હતી, મારે શા માટે એની સાથે બેસવું પડ્યું, શા માટે મારે પ્રેમનું નાટક કરવું પડ્યું એ બધું જ તને કહું છું.' એ ખેલાડી માણસનું મગજ સક્રિય થઈ ગયું હતું. એ વાટ જોઈ રહ્યા હતા કે ગંગા જરા કૂણી પડે. પણ કેટલાક માણસો એટલું સાચું જીવતા હોય છે કે કોઈની જરા સરખી ખોટી વાતનો તેમને તરત અણસાર આવી જતો હોય છે. મમ્મીને ગંધ આવી ગઈ કે પપ્પા તેને છેતરવા માગે છે. મમ્મીએ પીગળ્યા વગર કહી દીધું, 'જુઓ તમે ગમે તેવા બહાના બનાવશો તોય મને છેતરી નહીં શકો. સ્ત્રીની આંખો ધોખો ન ખાય. મેં કાલે જે જોયું તે એકદમ નાગુ સત્ય છે અને તમે એની સાથે એ બધું કરી લીધું છે જે મારી સાથે કર્યું છે.'

મારા પપ્પા નીચું જોઈને બેસી ગયા. મમ્મીએ આત્મબળથી પપ્પાને હરાવ્યા હતા. પપ્પાએ કોઈ જવાબ ન આપ્યો એટલે મમ્મીએ ફરી કહ્યું, 'એ સ્ત્રી તમારાથી ઘણી નાની લાગતી હતી. મને એ તો કહો કે એને મારી જેમ કોઈ સપનાં તો નથી દેખાડ્યાં ને? તમે એને પત્ની બનાવી ઘરમાં લાવવાના હો તો કહી દો. હું જાતે તમારો રસ્તો ખુલો કરી દઈશ. તમે ખરેખર મને પ્રેમ કર્યો હોય તો મને કહી દો કે એ સ્ત્રી કોણ છે અને કેટલા સમયથી તમારા સંબંધ છે. હું આ છેલ્લીવાર પૂછું છું.'

પપ્પાની આંખોમાં આંસુ હતા. કોઈ જુદો સમય હોત તો પપ્પાના આંસુની જગ્યાએ મમ્મીએ પોતાનું લોહી વહાવી દીધું હોત. એ નિર્મળ મનની સ્ત્રીને સમજાઈ ગયું હતું કે પોતાના પતિની આંખોમાંથી વહેતા આંસુ પસ્તાવાના નથી. મમ્મીએ ન તો પપ્પાના આંસુ લૂછ્યાં કે ન એની નોંધ લીધી. પપ્પાએ જાતે જ આંસુ લૂછી નાખતા ધીમેથી કહ્યું, 'ગંગા તું સાચી છો. મને એ છોકરી સાથે સંબંધ છે.'

મમ્મીને હવે આઘાત પામવાનું કોઈ કારણ નહોતું. તે સમજી જ ચૂકી હતી કે કોલકાતાનું બહાનું કરીને પોતાનો પતિ પેલી સ્ત્રીને એ બધું આપી આવ્યો છે જેના પર ફક્ત પોતાનો જ અધિકાર છે. મમ્મીનું દિલ તૂટી ચૂક્યું હતું, જેનો પપ્પાને હજુ અણસાર પણ નહોતો. મમ્મીએ સાવ ભાવહીન સ્વરે પુછ્યું, 'એનું નામ શું છે?'

'મીનાક્ષી' પપ્પાએ એકાક્ષરી જવાબ આપ્યો.

'એની સાથે લગ્નનો વાયદો કર્યો છે કે ફક્ત એને દેહને ભોગવીને એની કિંમત ચૂકવી દેવાનો ઈરાદો છે?'

પપ્પાએ માથું ઊંચું કર્યું. એમની આંખોમાં પસ્તાવો નહોતો. એક બેવફા પુરુષની નીંભરતા હતી. મમ્મીએ પપ્પાના જવાબની આશા રાખ્યા વગર કહી નાખ્યું, જુઓ મારા માટે તમારા સિવાય આ દુનિયામાં કોઈ છે જ નહીં. પણ હવે તમે ભૂલી જજો કે હું તમારી પત્ની છું. મને રહેવા દેશો ત્યાં સુધી હું અહીં જ રહીશ. પણ તમે હવે મને અડતા નહીં. તમારે એ સ્ત્રી સાથે જે કરવું હોય તેની તમને છૂટ છે. એક વાતનું ધ્યાન રાખજો સોનુને આ વાતની જાણ ન થાય તો સારું. તમારી દીકરીને એવું ન લાગવું જોઈએ કે તમને મારા સિવાય કોઈ સ્ત્રી સાથે સંબંધ છે. એની નજરમાં તમે એક સારા પતિ અને બાપ છો.'

પપ્પાને એકલા મૂકી મમ્મી રૂમમાંથી બહાર જતી રહી. (ક્રમશઃ)■

**પુરુષ ત્યાં સુધી બધી રીતે સારો હોય છે જ્યાં સુધી તે સ્ત્રીનો માલિક બની ન જાય. એકવાર સ્ત્રી એની થઈ ગઈ, બસ પછી તો...!**

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પોકળ | રત્ન |
| પોકાર | વણજાર |
| પોખરાજ | ખોટું |
| પોચું | બૂમ |
| પોઠ | નરમ |

## જાણવા જેવું

ચોમાસું શરૂ થતાં પૂર્વની વીજળી થાય તો વરસાદનું સાધારણ જોર રહે છે. મોસમની શરૂઆતમાં ઈશાની વીજળી થાય તો ત્રણ ઘડી કે ત્રણ દિવસમાં વરસાદ થાય. પશ્ચિમની તથા ઉત્તર કે વાયવ્યની વીજળી થાય તો હિંદી મહાસાગરમાંથી વહન ઊપડ્યાની ખબર આપે છે. અને ચોમાસું ઊતરતાં નૈઋત્યમાંથી વીજળી થાય તો વરસાદ પૂરો થવાની નિશાની છે.

## ગુજરાત મોરી મોરી રે

મૂળ મરાઠી નાટક પર આધારિત કયા ગુજરાતી નાટકમાં પહેલા સરિતા જોશી અને પછી કેતકી દવેએ મુખ્ય ભૂમિકા કરી હતી એ જણાવો.

અ) મોગરાના સાપ
બ) બા રિટાયર થાય છે
ક) સવિતા દામોદર પરાંજપે
ડ) હિમડંખ

## નોંધી રાખો

*સમજ્યા વગર કોઈને કહેવું નકામું છે અને સમજ્યા વગર કોઈને કશું દેવું એ પણ અર્થહીન છે. એટલે સમજણ કેળવવી ખૂબ જરૂરી છે.*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | ■ | ૪ | ૫ | | ૬ |
| ૭ | | ■ | ■ | | ■ | ૮ | | ■ | |
| | ■ | ૯ | ■ | ૧૦ | | | ■ | ૧૧ | |
| ૧૨ | | | | ■ | ■ | ૧૩ | | ■ | ■ |
| ■ | ■ | | ■ | ૧૪ | ૧૪અ | ■ | ■ | ૧૫ | |
| ૧૬ | | ■ | ■ | ૧૭ | | ■ | ૧૮ | ■ | ■ |
| ■ | ■ | ૧૯ | ૨૦ | ■ | ■ | ૨૧ | | | ૨૨ |
| ૨૩ | | ■ | ૨૪ | | ૨૫ | ■ | | ■ | |
| | ■ | ૨૬ | | ■ | | ■ | ■ | ૨૭ | |
| ૨૮ | | | | ■ | ૨૯ | | | | |

### આડી ચાવી

૧. મહેરબાની (૫)
૪. ખુશામત, ચીપી ચીપીને બોલવું તે (૪)
૭. પાણીનો કુંડ (૨) (અં)
૮. કાયા, શરીર (૨)
૧૦. અંગારો, દેવતાની ચિનગારી (૩)
૧૧. --- રાખે તેને કોણ ચાખે? (૨)
૧૨. તેરશ (૪)
૧૩. લોહી (૨)
૧૪. પેટ કરાવે --- (૨)
૧૫. જે અમર છે (૨)
૧૬. મૂરખ મિત્ર કરતાં --- દુશ્મન ભલો (૨)
૧૭. દીવાની જ્યોત (૨)
૧૯. ગાયન, ગાણું (૨)
૨૧. અવ્યવસ્થા, ગોટાળો (૪)
૨૩. દીકરો (૨)
૨૪. મજેદાર ગમ્મત (૩)
૨૬. તેજ, દીપ્તિ (૨)
૨૭. શોભા માટે ગોઠવેલ વાસણોની હાર (૨)
૨૮. શરમિંદું, છોભું (૪)
૨૯. નસીબનો યોગ (૫)

### ઊભી ચાવી

૧. અહર્નિશ, દિનરાત (૪)
૨. બિયાંનો ગર, બી (૨)
૩. વગર (૩)
૪. ચાડિયું (૪)
૫. ક્ષણ (૨)
૬. એક જાતનું મજબૂત લાકડું (૩)
૯. કમળનું જન્મસ્થાન (૩)
૧૪. દેશ તેવો --- (૨)
૧૪અ. ધૂતારો, ભોળવીને ઠગી જનાર (૨)
૧૮. રસ્તો (૩)
૨૦. ધર્મવિધિમાં વપરાતી તાંબાની તાસક (૪)
૨૨. આમતેમ ડોલતું, અસ્થિર (૪)
૨૩. પ્રમાણસર, ઘાટીલું (૩)
૨૫. લગાર, થોડુંક (૩)
૨૬. છોકરાંને સંભાળવા રાખેલી બાઈ (૨)
૨૭. કાચ પાયેલો પતંગનો દોર (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ ઉ | ૨ પ | દે | ૩ શ | ■ | ૪ પ્ર | તિ | ૫ ભા | ૬ ગ |
| ૭ પ | છી | ત | ■ | ૮ કુ | મ | તી | ■ | ૯ ડ | ર |
| ■ | નું | ■ | ૧૦ રા | ની | ■ | ૧૧ ત | ક | વા | દી |
| ૧૨ પા | ■ | ૧૩ મો | ■ | ■ | ૧૪ વે | ■ | ■ | ત | ■ |
| ૧૫ ક | મો | દ | ■ | ■ | ૧૬ ગ | વા | ૧૭ હ | ■ | ૧૮ ભં |
| ટ | ■ | ૧૯ ક | સ્તૂ | ૨૦ રી | ■ | ■ | ૨૧ રા | ફ | ડો |
| ■ | ૨૨ ન | ■ | ■ | સ | ■ | ■ | જી | ■ | ળ |
| ૨૩ અ | વ | રો | ૨૪ ધ | ■ | ૨૫ સા | ફ | ■ | ૨૬ રો | ■ |
| ૨૭ લ | ત | ■ | ૨૮ નિ | ગા | હ | ■ | ૨૯ ભા | ગિ | યો |
| ૩૦ કા | ર | ત | ક | ■ | ૩૧ સ | મા | વિ | ષ્ટ | ■ |

## ઓળખાણ પડી?



ટેસ્ટ ક્રિકેટમાં અસાધારણ કામગીરી બજાવી ૮૦૦૦ રન અને ૨૦૦થી વધુ વિકેટ મેળવનારા ઓલરાઉન્ડર ક્રિકેટરની ઓળખાણ પડી?

અ) એવર્ટન વિક્સ, બ) ગેરી સોબર્સ, ક) ફ્રેન્ક વોરેલ, ડ) બેસિલ બુચર

## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

અવકાશ વિજ્ઞાનમાં અનોખી પ્રગતિમાં નિમિત્ત બનેલી 'ઈસરો' સંસ્થાની સ્થાપનામાં કયા વૈજ્ઞાનિકનો મહત્તમ ફાળો હતો?

અ) સતીશ ધવન બ) હોમી ભાભા ક) સી વી રમણ ડ) વિક્રમ સારાભાઈ

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૭, ૧૫, ૩૧, ૬૩, ૧૨૭ ... વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૧૨૭ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૮૩ બ) ૧૯૯ ક) ૨૧૧ ડ) ૨૫૫

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૮ | ૬ | | ૨ | | | | |
| ૧ | | | | ૫ | | | | |
| | ૫ | | ૬ | | ૪ | | | |
| ૫ | ૪ | | | | | | | ૮ |
| | | | ૨ | | ૭ | | | |
| ૬ | | | | | | | ૯ | ૨ |
| | | | ૩ | | ૧ | | ૫ | |
| | | | | ૮ | | | | ૪ |
| | | | | ૯ | | ૨ | ૧ | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૨ | ૮ | ૯ | ૪ | ૧ | ૭ | ૩ | ૫ |
| ૭ | ૧ | ૫ | ૩ | ૨ | ૬ | ૪ | ૮ | ૯ |
| ૯ | ૪ | ૩ | ૭ | ૫ | ૮ | ૨ | ૬ | ૧ |
| ૮ | ૬ | ૭ | ૫ | ૯ | ૩ | ૧ | ૨ | ૪ |
| ૩ | ૫ | ૧ | ૨ | ૬ | ૪ | ૮ | ૯ | ૭ |
| ૨ | ૯ | ૪ | ૧ | ૮ | ૭ | ૩ | ૫ | ૬ |
| ૫ | ૭ | ૯ | ૮ | ૧ | ૨ | ૬ | ૪ | ૩ |
| ૧ | ૮ | ૬ | ૪ | ૩ | ૫ | ૯ | ૭ | ૨ |
| ૪ | ૩ | ૨ | ૬ | ૭ | ૯ | ૫ | ૧ | ૮ |

## ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પેઢું | અવાળું |
| પેણી | તવી |
| પેરવી | ગોઠવણ |
| પેંતરો | પ્રપંચ |
| પેદાશ | ઉત્પન્ન |

ગુજરાત મોરી મોરી રે: અરવિંદ જોશી

ઓળખાણ પડી? હેરી બ્રુક

માઈન્ડ ગેમ : ૧૦૧

ચતુર આપો જવાબ માથું ખંજવાળો : ચેડવિક

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ડો. પ્રકાસ કટકિયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) ધીરેન્દ્ર ઉદ્દેશી (૭) ભરત કજરિયા (૮) વિપીન શાહ (૯) નૂતન વિપીન શાહ (૧૦) નિતીન જયંતીલાલ બજરિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) કમલ માતલિયા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) મીનળ કાપડિયા (૧૭) લજિતા ખોના (૧૮) મહેશ સંઘવી (૧૯) પ્રવીણ વોરા (૨૦) નયના ગિરીશ મિસ્ત્રી (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) વિણા સંપટ (૨૩) ભાવના કર્વે (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) અંજુ ટોલિયા (૨૭) વિજય આસર (૨૮) ડાયના સંતોકે (૨૯) રમેશભાઈ દલાલ (૩૦) હિનાબેન દલાલ (૩૧) ઈનાક્ષીબેન દલાલ (૩૨) જ્યોત્સના ગાંધી (૩૩) અલકા વાણી (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) અરવિંદ કામદાર (૩૭) નિખિલ બંગાળી (૩૮) અમીશી બંગાળી (૩૯) સુભાષ મોમાયા (૪૦) નીતા દેસાઈ (૪૧) પુષ્પા પટેલ (૪૨) તાહેર ઔરંગાબાદવાલા (૪૩) શીરીન ઔરંગાબાદવાલા (૪૪) મહેશ દોશી (૪૫) ભામિની સંપટ (૪૬) પ્રતિમા પમાણી (૪૭) નંદુભાઈ પમાણી

ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@
bombaysamachar.com

# મુંબઈને ડૂબાડતા પૂરનો ઈલાજ: ચીનમાં ચાલે તો અહીં કેમ નહિ?

વીતેલા સપ્તાહ દરમિયાન દક્ષિણ ગુજરાત ફરી એક વાર ભારે વરસાદને પગલે જળબંબાકાર થયું. મુંબઈ અને સુરત જેવાં મહાનગરોની કઠિનાઈ એવી છે કે એ સમુદ્ર કિનારે વસેલા છે. ઉપરવાસ અને આજુબાજુના વિસ્તારોમાં ભારે વરસાદ પડે તો એ બધું પાણી આ શહેરોની ડ્રેનેજ સિસ્ટમ અને કુદરતી ખાડીઓમાં વહીને દરિયાને મળે છે. પણ સમુદ્રમાં ભરતી હોય ત્યારે એ નવું પાણી સ્વીકારતો નથી, જેથી સમુદ્રકિનારે વસેલાં શહેરો માટે વરસાદી પાણીમાં ડૂબવા સિવાય કોઈ આરો ન રહે.


ચીનનું સાન્યા ડોંગન વેટ્લેન્ડ પાર્ક

નિષ્ણાતો કહે છે કે વરસાદની બદલાતી જતી પેટર્ન અને રાક્ષસની પેઠે ફાટી નીકળેલા સિમેન્ટ-કોન્ક્રિટનાં જંગલોને પ્રતાપે આવનારાં વર્ષોમાં મુંબઈ અને સુરત જેવાં શહેરોએ વારંવાર આવતા ભારે પૂરથી ટેવાઈ જવું પડશે!

આપણી મૂળ સમસ્યા છે અર્બન ફ્લડિંગનીં એટલે કે શહેરી વિસ્તારોમાં સર્જાતી પૂરની સમસ્યા. ચીનનાં અનેક શહેરો પણ આ સમસ્યા વેઠી રહ્યા છે અને એક ચીની લેન્ડસ્કેપ આર્ટિસ્ટે જ અર્બન ફ્લડિંગથી બચવાનો માસ્ટર પ્લાન આપ્યો. એ લેન્ડસ્કેપ ડિઝાઈનરનું નામ કોંગજિયાન યુ. ગયા વર્ષે એમનું મૃત્યુ થયું, પણ એ પહેલા એણે કુદરત અને આધુનિક શહેરો એકબીજાને નુકસાન પહોંચાડ્યા વિના કઈ રીતે અસ્તિત્વ ટકાવી શકે, એની રૂપરેખા રજૂ કરેલી. એના પ્લાન મુજબ ચીની સરકારે અનેક શહેરોની રચનામાં ફેરફાર કર્યા અને મોટા ભાગના કેસમાં અર્બન ફ્લડિંગને અટકાવવામાં સફળતા ય મળી.

કોંગજિયાન યુએ જે કન્સેપ્ટ રજૂ કર્યો એ 'સ્પન્જ સિટી કન્સેપ્ટ' તરીકે જાણીતો છે. સ્પન્જ અથવા સ્પોન્જ એટલે વાદળી અને સ્પન્જ સિટી એટલે વાદળી જેવું શહેર. આપણા ઘરના રસોડામાં આ પ્રકારના સ્પન્જ બાર જોવા મળશે. મોટે ભાગે પીળા અને લીલા કલરમાં જોવા મળતા આ સ્પન્જ બાર ગૃહિણીઓના માનીતા છે, કારણકે પ્લેટફોર્મ સાફ કરવાથી માંડીને અનેક કામોમાં એ બહુ ઉપયોગી સાબિત થાય છે. સ્પન્જનો એક ગુણધર્મ છે પ્રવાહીને શોષી લેવાનો.

એટલે જ વધુ પાણી કે પ્રવાહી ઢોળાતા હોય એવા કિચન જેવા સ્થળે સ્પન્જ બહુ ઉપયોગી સાબિત થાય.

હવે જરા વિચાર કરો કે આપણા રસ્તાઓ પણ વાદળી જેવા સ્પન્જ મટિરિયલમાંથી બનાવેલા હોય તો ગમે એવા ભારે વરસાદનું પાણી પણ થોડી જ વારમાં શોષાઈને સીધું જમીનમાં ઊતરી જાય કે નહિ? અને જો એવું થાય તો પૂર આવવાની કોઈ શક્યતા જ ન રહે. રસ્તાઓ પર પાણી ભેગું થાય તો શહેર ડૂબે ને!

આ કલ્પના બહુ સ્થૂળ લાગશે, પણ કોંગજિયાન યુએ જે સ્પન્જ સિટી કન્સેપ્ટ આપ્યો, એના મૂળમાં પાણીને 'શોષી'ને જમીનમાં ઊતારી દેવાની જ વાત છે. યુના કન્સેપ્ટ મુજબ શહેરના વિકાસમાં ખાસ કરીને રસ્તાઓ અને પેવમેન્ટના નિર્માણમાં એવા જ મટિરિયલ વાપરવા જોઈએ, જે પાણીને શોષી શકે. હાલમાં આપણે પાણીના નિકાલ માટે કોંક્રીટ તેમ જ મેટલ પાઇપનો ઉપયોગ કરીએ છીએ. વળી શહેરની જમીનો મોટે ભાગે ડામરની સડકોથી માંડીને બીજા વિવિધ પ્રકારના હાર્ડ સરફેસ ધરાવતા મટીરિયલ્સના આવરણથી ઢંકાયેલી છે. આ આવરણ પાણીને પસાર થવા દેતું નથી, જેથી વરસાદનું કે પૂરનું પાણી જમીનમાં શોષાતું જ નથી. બીજા શબ્દોમાં કહીએ તો પાણીના નિકાલ માટેનો એક મોટો માર્ગ આપણે જડબેસલાક ફરસબંધી દ્વારા બંધ કરી દીધો છે! હવે પાણીના નિકાલ માટે આપણી પાસે માત્ર ડ્રેનેજ સિસ્ટમ્સ અને કુદરતી રીતે બનેલી ખાડીઓનો જ વિકલ્પ બચે છે અને આપણે કરેલા દબાણ તેમ જ ભ્રષ્ટાચારને પગલે આ બંને વિકલ્પોની હાલત કેવી છે, એ તો આપણે ક્યાં નથી જાણતા...

કોંગજિયાન યુના કન્સેપ્ટ મુજબ શહેરના રસ્તાઓ એવા જ મટિરિયલ દ્વારા બનાવવા જોઈએ, જે પાણીને શોષીને જમીનમાં પચાવી શકે. સાથે જ શહેરની આસપાસ આવેલી વેટલેન્ડ્સનું બહુ ગંભીરતાપૂર્વક જતન-સંવર્ધન થવું જોઈએ. મુંબઈની વાત કરીએ તો વિહાર અને પવઈ લેક, થાણેની ખાડી વગેરે વિસ્તારો વેટલેન્ડ ગણાય, જ્યાં પાણીના જથ્થાને આધારે આખી એક ઇકોસિસ્ટમ વિકસી છે. આ વેટલેન્ડ્સ ભારે વરસાદ સમયે ખાબકતો પાણીનો બહુ મોટો જથ્થો શોષી શકે છે. જો પવઈ લેકનો 'વિકાસ' કરીને ત્યાં મોટી મોટી બિલ્ડિંગ્સ અને મોટા પહોળા ચકાચક રસ્તાઓ બાંધી દેવામાં આવે તો બીજા જ ચોમાસે આખો વિસ્તાર પાણીમાં ડૂબ્યા વિના ન રહે!

હવે મૂળ પ્રશ્ન, મહાનગરો એક હદ ઉપરાંત વિકસી જાય, એ પછી આ બધું કરવું શક્ય છે ખરું? જવાબ છે હા.

શહેરમાં બની ચૂકેલા સ્ટ્રક્ચર્સને તોડવા શક્ય નથી, પણ જે બચ્યું છે એનું સંવર્ધન અને ફેલાવો જરૂર થઇ શકે. ચીને ૨૦૧૩-૧૪થી જ સ્પન્જ સિટી કન્સેપ્ટને પોતાની નેશનલ પોલિસી તરીકે લાગુ કર્યો અને ત્રીસ જેટલાં શહેરોમાં આ પોલિસીને અનુરૂપ ડેવલપમેન્ટ થયું. પરિણામે મોટા ભાગના શહેરોમાં પૂર અટકાવી શકાયું અથવા નિયંત્રિત કરી શકાયું. વળી વેટલેન્ડ્સ, મોટા પાર્ક્સ અને તળાવોને કારણે પર્યટનસ્થળો તો વિકસ્યા જ, સાથે જ પાણીની ગુણવત્તા પણ સુધરી. ગ્રાઉન્ડ વોટર ટેબલના લેવલમાં પણ સુધારો થવાથી દુષ્કાળની પરિસ્થિતિમાં આ પાણી બહુ ઉપયોગી સાબિત થાય છે.

-અને છેલ્લે મૂળ વાત. જો ચીનમાં આવો કન્સેપ્ટ ચાલી શકે તો મુંબઈ અને સુરત જેવાં ભારતીય શહેરોમાં કેમ નહિ? સવાલ માત્ર દૃષ્ટિકોણ બદલવાનો અને પોલિસીના યોગ્ય અમલનો છે. ■

સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@
bombaysamachar.com

# સ્થાપત્યમાં ઉઘડતી નવી ક્ષિતિજ

કોઈપણ પરિસ્થિતિ જેમની તેમ નથી રહી શકતી. સારી ગણાતી પરિસ્થિતિમાં પણ બદલાવ આવતો હોય છે. બદલાવ પ્રાયોજિત હોય કે આકસ્મિક હોય, યોગ્ય દિશા તરફનો હોય કે વ્યર્થતા તરફનો હોય, નાના કાર્યથી શરૂ થયેલો હોય કે એક વિશાળ ઘટના સમાન હોય, ટેક્નોલોજી આધારિત હોય કે વિચારધારાના અનુસંધાનમાં હોય, આધુનિકતા તરફનો હોય કે પરંપરા સાથે વધુ જોડતો હોય, આશાવાદી હોય કે યથાર્થતાવાદી હોય, વ્યક્તિ પ્રેરિત હોય કે સિદ્ધાંત આધારિત હોય - દરેક પ્રકારના બદલાવ થકી નવી ક્ષિતિજો ઉઘડતી હોય છે. સમાજમાં તથા સમાજથી જોડાયેલા પ્રત્યેક ક્ષેત્રમાં બદલાવ એક સ્વાભાવિક ક્રિયા છે.

આમ પણ પરિવર્તન અર્થાત બદલાવ એ જગતનો નિયમ છે. કળાના ક્ષેત્રમાં બદલાવ આવતો રહે છે અને તકનીકી ક્ષેત્રમાં પણ સંભવિત બદલાવના પાયા સમાન પણ નિતનવાં સંશોધન થતાં રહે છે. સામાજિક તેમ જ રાજકીય વ્યવસ્થા બદલાય છે, જે તે પ્રદેશની આર્થિક સ્થિતિ બદલાય છે, નીતિમત્તાનાં ધોરણો બદલાય છે, પ્રવર્તમાન શિક્ષણનું માળખું બદલાય છે, માનવીની ક્ષમતા અને સપનામાં પણ બદલાવ આવે છે. એવું એક પણ ક્ષેત્ર નથી જેમાં બદલાવની - પરિવર્તનની સંભાવના ન હોય. સ્થાપત્ય આમાં અપવાદ ન હોઈ શકે. વાસ્તવિકતા તો એ છે કે સ્થાપત્યને અસર કરતાં પરિબળો વધારે હોવાથી આ ક્ષેત્રમાં બદલાવની સંભાવના સામાન્ય રીતે વધુ રહે.

અર્વાચીન સ્થાપત્યના તબક્કા પછી નવી નવી સ્થાપત્ય શૈલી પ્રાયોગિક ધોરણે પણ અને વિશાળ પરિપ્રેક્ષ્યમાં પણ પ્રયોજાતી રહી છે. જૂની વિચારધારાનું ખંડન કરી નવી શૈલી તથા ભાષા સ્થાપિત કરવાના પ્રયત્નો થાય છે. દરેક વખતે એમ કહેવાનો પ્રયત્ન થાય છે કે જે જૂનું છે તેમાં પ્રશ્નો છે અને તેથી નવો અભિગમ જરૂરી છે. વાત અંશતઃ સાચી પણ હોઈ શકે. સ્થાપત્યની કોઈપણ રચના સંપૂર્ણતામાં જવાબ આપી શકવાં સમર્થ નથી, તેવી જ રીતે સ્થાપત્યની કોઈપણ શૈલી બધાં જ પ્રશ્નોના નિરાકરણ માટે સક્ષમ નથી. દરેક વખતે પ્રશ્નો નિર્ધારિત કરીને તેના જવાબો શોધવાનો પ્રયત્ન કરવો જ જોઈએ. આ પ્રક્રિયામાંથી જ નવી શૈલી વિકસે, જેને નામ આપી દેવાય, પછી તેના પ્રશ્નો શોધવાની પ્રક્રિયા ચાલુ થાય, પછી તેના ઉત્તરો ગોતાય અને વધુ નવી શૈલી પ્રસ્થાપિત થાય. આમ જ સ્થાપત્યની ક્ષિતિજો વિકસે.

બજારમાં નવી સામગ્રી પણ આવતી રહે છે. આ સામગ્રીના ઉપયોગ માટેનું એક ખેંચાણ પણ જોવાં મળે છે. સામગ્રીની નવીનતા ઊભરી આવે તે માટે આ સામગ્રીના ઉપયોગમાં પણ નવીનતા લાવવાનો પ્રયત્ન થાય છે. સામગ્રી સાથે તકનીકમાં પણ નિતનવો વિકાસ થતો રહે છે. એક સામગ્રી આજે જે રીતના ઉપયોગમાં આવે તે જ પ્રમાણે કાલે તે ઉપયોગમાં લેવાશે જ તેમ માની ન શકાય. કારીગરની ક્ષમતા અને સંવેદનશીલતામાં પણ બદલાવ આવે છે. આ સમગ્ર પ્રક્રિયામાં સમય પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. એક સમયે બાંધકામ માટે જે સમય માન્ય હતો તેમાં આજે ઘણી કપાત થઈ છે. આ બધાને પરિણામે પણ સ્થાપત્યની ક્ષિતિજો વિકાસ પામે તે સ્વાભાવિક છે.









ખાસ સ્થાપત્ય ક્ષેત્ર માટેના નવા નવા સોફ્ટવેર આવવાથી પણ ક્ષિતિજો વિકસી છે. જે પ્રકારનો વિચાર પહેલાં મુશ્કેલ જણાતો તે હવે સરળતાથી રિઝોલ્વ કરી શકાય છે. હવે ગણતરી વધુ ચોક્કસ બની શકે છે, ભારવહન માળખું વધારે અસરકારક બનાવી શકાય છે, આકારોની પરિકલ્પનામાં હવે મર્યાદા નથી, સામગ્રીનો વધુ અસરકારક ઉપયોગ પણ હવે શક્ય બને છે, અને આ બધું ઝડપી અને ચોકસાઈ પૂર્ણ બની શકે છે. આ સાથે સ્થાપત્ય રચનાની વિવિધ સંભાવના વચ્ચેની પસંદગી માટે જરૂરી ગણાતું સાંદર્ભિક મૂલ્યાંકન સરળ બની રહ્યું છે, જેને કારણે યોગ્ય વિકલ્પનું ચયન સરળતાથી શક્ય બને છે. સોફ્ટવેર નવાં નવાં શોધાયાં જ કરતાં હોવાથી સ્થાપત્યની ક્ષિતિજ વિસ્તરતી જ જાય છે. આ આખી પ્રક્રિયામાં હવે તો 'એઆઈ' પણ મદદરૂપ થાય છે.

વિશ્વમાં સંસાધનો ઓછા થતાં જાય છે જેની અસર સ્થાપત્ય પર પણ પડે છે. આ સંજોગોમાં ઓછી સામગ્રીનો ઉપયોગ કરી મકાનની કાર્યક્ષમતા વધારવાના પ્રયત્નો થાય એ સ્વાભાવિક છે. સામગ્રીનો લઘુતમ ઉપયોગ કરી મહત્તમ પરિણામ મેળવવા માટે નિતનવા પ્રયોગો થતાં રહે છે. પર્યાવરણ તેમજ વાતાવરણ માટેની સંવેદનશીલતા પણ, વધુ સ્પષ્ટતાથી, સ્થાપત્યમાં પ્રતિબિંબિત થાય છે. ઊર્જાના વપરાશમાં સંયમ આવે તે માટેના પ્રયત્નો પણ થયાં કરે છે. કુદરત સાથે તાલમેળ મેળવવાના પ્રયત્નોમાં વિવિધ સિદ્ધાંતનું અમલીકરણ જોવા મળે છે. બદલાવની આ સારી નિશાની છે.

આ સાથે મકાન માટેની જરૂરિયાતના નિર્ધારણમાં વધુ સ્પષ્ટતા આવી છે. મકાન પાસેથી કઈ અપેક્ષા છે, તે અપેક્ષા કેટલી માત્રામાં છે, તે બાબતે હવે વધુ ચોકસાઈ રખાય છે. વ્યર્થ કોઈને પસંદ નથી, બગાડ કોઈને માન્ય નથી, દેખાવ માટેનો દંભ અમુક હદ સુધી જ સ્વીકાર્ય રહે છે. સમગ્ર સમાજ સંવેદનશીલ થતો જાય છે. સમાજનો સ્થાપત્ય લક્ષી અગ્રતાક્રમ પણ યોગ્ય દિશામાં બદલાતી હોય તેમ જણાય છે. જો આ પ્રક્રિયા ચાલુ રહી તો સ્થાપત્યની સંદર્ભિક સ્વીકૃતિનો વ્યાપ વધતો જશે.

સ્થાપત્યના ક્ષેત્રમાં અન્ય એક અગત્યનો બદલાવ પણ દેખાય છે. સ્થપતિનો અભિગમ હવે વધુ વ્યવસાયિક રહે છે. વ્યવસાયમાં અનૌપચારિકતા ઓછી થતી જાય છે અને દરેક બાબતને ઔપચારિક રીતે લેવાનો પ્રયત્ન થાય છે. વ્યવસાયની દ્રષ્ટિએ આ એક સારી નિશાની છે. આને કારણે વ્યવસાયિક ઉત્તરદાયિત્વ વધુ સ્પષ્ટ બને છે અને સમાજ એ વ્યવસ્થિત રીતે જાણી શકે છે કે આ ક્ષેત્ર પાસે કઈ કઈ અને કેવાં કેવાં પ્રકારની અપેક્ષા રાખી શકાય.

આ બધાં પ્રકારના બદલાવથી સ્થાપત્યના ક્ષેત્રમાં નવી ચેતના જાગ્રત થઈ છે. હવે દરેક બાબતને વધુ ગંભીરતાથી લેવામાં આવે છે. સ્થાપત્યમાં વ્યવસાયિક, સામાજિક, વ્યક્તિગત તેમજ સાંસ્કૃતિક ઉત્તરદાયિત્વનો આ તબક્કો છે. સ્થાપત્યની ક્ષિતિજો વિકસી રહી છે. ■

મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@
bombaysamachar.com

# ચાલો, 'આંદોલન'નો ધંધો કરીએ...!




તમે ક્યારેય વિચાર્યું છે કે જો દેશમાં દરેક વસ્તુ ભાડે મળતી હોય. ઘર, ગાડી, કપડાં, વાસણ અને લગ્ન માટે 'નકલી સંબંધીઓ' તો પછી આંદોલન કરનારાઓ કેમ ભાડે ન મળે?

જમાનો હવે ડિજિટલ અને સ્માર્ટ બન્યો છે. હવે મુદ્દાઓ માટે આંદોલન નથી થતા, પણ આંદોલન માટે મુદ્દાઓ શોધવામાં આવે છે! અને આ જ સત્યને પારખીને, આપણા દેશના મહાન બિઝનેસ માઇન્ડેડ યુવાનોએ એક નવો જ ધંધો શરૂ કર્યો છે:

'ઓન-ડિમાન્ડ આંદોલનકારી પ્રાઈવેટ લિમિટેડ.'

હા સાહેબ, હવે તમારે કોઈ વાતે વિરોધ કરવો હોય તો તમારે જાતે ગળાના તાંતણા તોડવાની કે સૂરજની ગરમીમાં શેકાવાની જરૂર નથી. બસ, એક એપ ડાઉનલોડ કરો, પેકેજ સિલેક્ટ કરો અને બે કલાકમાં ૧૦૦ આંદોલનકારીઓ તમારા દરવાજે હાજર!

ચુનિયાએ તો ધંધો માંડી પણ દીધો...

'આંદોલન સર્વિસ'ના સુપર હિટ પેકેજિસ બહાર પાડ્યા. કંપનીના રેટ કાર્ડ પર એક નજર નાખવા જેવી છે. એણે ગ્રાહકની ગીચતા અને ખિસ્સાના માપ પ્રમાણે અલગ-અલગ 'પેકેજ' બનાવ્યા છે, જેમકે ...

૧) બેઝિક પેકેજ (રૂપિયા ૪૯૯/-)

શું મળશે: ૧૦ જણા સોસાયટીના નાકે ઊભા રહેશે.

કામગીરી: હાથમાં કાગળના બેનર પકડશે અને દર દસ મિનિટે એક વાર ધીમેથી બોલશે: ''........બંધ કરો... બંધ કરો!'

કોના માટે ઉત્તમ: પાડોશીની ગટરની વાસ આવતી હોય કે પાડોશીનું કૂતરું ક્ટાઇમે ભસતું હોય તેની સામે નાનો-મોટો વિરોધ કરવા માટે એપ્રેન્ટિસ આંદોલનકારી પણ મળશે.

૨) પ્રીમિયમ પેકેજ (રૂપિયા ૨૫,૯૯૯/-)

આપને મળશે: ૫૦ પ્રોફેશનલ આંદોલનકારીઓ + ૧ લાઉડસ્પીકર.

કામગીરી: આમાં આંદોલનકારીઓ જે પૂરા જોશમાં રાડો પાડશે. બે-ત્રણ જણા તો ભાવુક થઈને જમીન પર આળોટશે પણ ખરા!

ટીવી ચેનલના રિપોર્ટર આવે એટલે તરત જ કેમેરાની સામે આવીને ચોધાર આંસુએ રડવાની સ્પેશિયલ એક્ટિંગ પણ કરી લેશે.

૩) વી.આઈ.પી. મેગા પ્રોટેસ્ટ પેકેજ (રૂપિયા ૨,૨૫,૯૯૯/-)

શું મળશે: ૫૦૦ જણાની જંગી મેદની + વોટર કેનન (પાણીનો છંટકાવ) સહન કરવાની ક્ષમતાવાળા અનુભવી કલાકારો!

બોનસમાં પોલીસની ગાડી આવે એટલે સામે ચાલીને ગાડીમાં બેસી જવાનું અને ગાડીની બારીમાંથી હાથ હલાવીને 'સેલ્ફી' પાડવાની સંપૂર્ણ જવાબદારી કંપની સ્વીકારશે.

મેં ચુનિયાને પૂછ્યું કે 'તને આંદોલનકારીઓ મળે છે ક્યાંથી?'

એ મને કહે : 'આ કંઈ નાનીના ખેલ નથી. મહેનત કરવી પડે છે અને અનુભવી આંદોલનકારીઓની ભરતી કરવી પડે છે.'

આંદોલનકારીઓની 'ઇન્ટરવ્યૂ' પ્રક્રિયા સમજાવતા તેણે કહ્યું કે,'હવે આ ધંધામાં કોર્પોરેટ કલ્ચર આવી ગયું છે. 'આંદોલનકારી' તરીકે નોકરી જોઈતી હોય તો ઈન્ટરવ્યૂ આપવો પડે છે!''

એચ.આર. (HR): 'તમારી અંદર એવી કઈ ખાસિયત છે કે અમે તમને આંદોલનકારી તરીકે રાખી લઈએ?'

ઉમેદવાર: 'સાહેબ, હું સતત ૬ કલાક સુધી પાંપણ પટપટાવ્યા વગર ગમે તે નેતા સામે ઘૂરીને જોઈ શકું છું! અને તડકામાં ઊભા રહીને પાણી પીધા વગર 'મૂર્દાબાદ'ના પચાસ અલગ-અલગ ટોનમાં નારા લગાવી શકું છું!'

એચ.આર.: 'વાહ! પણ જો પોલીસ લાઠીચાર્જ કરે તો?'

ઉમેદવાર: 'સાહેબ, એના માટે મારો અલગ ચાર્જ રહેશે. જો હળવો લાઠીચાર્જ હોય તો ૧૦૦૦ રૂપિયા, અને જો તીવ્ર લાઠીચાર્જ હોય તો ૫૦૦૦ રૂપિયા + એક બોટલ, પેઇનકિલર ગોળીઓ!'

એચ.આર.: 'કોંગ્રેચ્યુલેશન્સ! તમે સિલેક્ટ થઈ ગયા છો! કાલથી 'જનતા સેવક' તરીકે ડ્યૂટી પર આવી જજો!'

દેશ હવે એવા વળાંક પર આવી ગયો છે જ્યાં 'વિચારધારા' કરતા 'દિહાડી' (દૈનિક ભથ્થું) વધારે મહત્ત્વની બની ગઈ છે.

જો તમારી પાસે કોઈ કામધંધો ન હોય, તો કંટાળવાની જરાય જરૂર નથી. બસ સફેદ કુરતો-પાઈજામો પહેરો, આંખ પર કાળા ચશ્માં ચડાવો અને કોઈપણ સરકારી કચેરીની બહાર ઊભા રહી જાઓ. કોઈ ને કોઈ આવીને તમારા હાથમાં પ્લેકાર્ડ પકડાવી જ દેશે અને સાંજે ચા-ગાંઠિયા સાથે બસો રૂપિયા રોકડા હાથમાં મૂકી જશે!

એટલે જ તો હવે નવું સૂત્ર બન્યું છે:

'હમારી માંગેં પૂરી કરો...

ઐસે તો ઐસે બેકારી કો દૂર કરો...''

આંદોલન માટે ડિગ્રી કે લેખિત પરીક્ષા નહીં સ્કીલ જોઈએ. પેટનો ખાડો ઊંડો થતો જાય અને આવડત પહાડની જેમ બહાર આવતી જાય. આંદોલનકારીઓને ભૂખ્યા રહેવાની પ્રેક્ટિસ કરવાની તો હવે જરૂર જ નથી. AI ને કહો તેવી રીલ બની જાય.

ઘણી વખત તો આંદોલન કરતાં રીલ વધુ મહત્ત્વની હોય છે. સૂંઠને ગાંગડે ગાંધી બની જતા લોકો જોયા છે. ઉચ્ચકોટિના નીચ નેતાઓ પણ મળે અને સમાજના નીચલા સ્તરમાંથી ઉચ્ચ કોટીના આંદોલનકર્તા પણ મળે.

આ બધી વાતો હું સમજતો હતો અને સાંભળતો હતો ત્યાં ચુનિયાને ફોન આવ્યો. એણે બહુ ટૂંકમાં વાત કરી એટલે હું સમજી ગયો કે આનો પનો ટૂંકો પડ્યો છે. મેં આંખના ઇશારે પૂછ્યું તો તેણે એક જ વાક્ય કહ્યું,'રેન્જ બહારની વાત છે. આંદોલનકારી નથી જોતા પણ મસ્કા મારી સારા વચનો આપી આંદોલન પાછું ખેંચાવે તેવા નેતા જોઈએ છે.'

આપણી પાસે મજબૂર લોકો છે, અવ્વલ કક્ષાના 'બીપ-બીપ' લોકો નથી એટલે...'

ચાલો ત્યારે, એક ઓર્ડર મળ્યો છે. ૩૦ મિનિટનું ધરણાં પ્રદર્શન કરવાનું છે. મારો કોન્ટ્રાક્ટ છે તમારે હમણાં પ્રોગ્રામ ન હોય તો...! ■

**વિચારવાયુ**

*વિદ્યાર્થી: (નેતાને) સાહેબ, સમજો તમારા છોકરાને પણ 'નિટ'નો પ્રશ્ન નડી શકે છે.*
*નેતા: અમારા છોકરાઓ નીટ ના લે. બરફ અને સોડા વગર ન ચાલે.*

## ૪. ધાર્મીક સંબંધી

**જીવંત શ્રાદ્ધ-ભાગવત કથા**
ભાગવત કથા પવિત્ર પિતૃપક્ષ નિમિત્તે ભગવત ગીતા, વૈદિક શાસ્ત્રોક્ત ''જીવંત શ્રાદ્ધ'' વિધિઓ, ગરુડ મહાપુરાણ, પૌથીજી, શ્રીમદ્ ભાગવત કથા, સમદર્શન સેવા પરિવાર દ્વારા ''અંધજન માનવ સેવા પ્રોજેક્ટ'' તથા દહાણુના 3000 આદિવાસી વિદ્યાર્થીઓના લાભાર્થે (80જી/સીએસઆર) 2થી 10 ઓકટોબર 2026 વિશ્વકર્મા એ.સી. હોલ, બજાજ રોડ, વિલેપાર્લે (પશ્ચિમ), મુખ્ય સહ- મુખ્ય યજમાન, વિધિ યજમાન, પોથીજી યજમાન, ઉત્સવ હવન, 31- કુમારિકા પૂજન, આનંદના ગરબા, નોંધણી મર્યાદિત, 9076308117/ 9324250850. (૧૨૫૦-એ)

## ૯. લગ્ન સંબંધી

■ વરલીની માસ્ટર્સ પ્રોફેશનલી કન્યા 1998 રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૮૮૦)

■ JVPD રહેતા બીજનેસમેન યુવક - 1993 રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૮૮૧)

■ સાઉથ મુંબઈની CA, CPA કન્યા 1992 રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૮૮૨)

**''ભાટીયા યુવક...''**
1982, સુખી-નાનું કુટુંબ - ફ્લેટ, એજ્યુકેટેડ - દેખાવડા - સારી આવક - 9819557417. (દહેજ નહીં). (બી-૧૭૮૯૧)

**વૈષ્ણવ યુવતી**
1981, 5'.4'', Bcom, JOB ધરાવનારને ભણેલા, ન ભણેલા યુવક આવકાર્ય. 9699943946. (દહેજ નહીં). (બી-૧૭૮૯૯)

**કેતા વૈધ**
**અમેરિકા (આયોવા)માં રહેતી, સુંદર, સુશીલ કુંવારી બ્રાહ્મણ યુવતી ૧૯૮૯/ ૫'-૧''/ B.E. (IT-મુંબઈ),/ M.S. (IT-ન્યુયોર્ક)/ H1B વિઝા/ I-140 એપ્રુવડ, આયોવામાં સોફ્ટવેર એન્જિનિયર માટે સમકક્ષ યુવકનાં વડિલો સંપર્ક. જ્ઞાતિબાધ નથી. 9869474431/ 8169890281. (દહેજ નહીં). (એસડીબી-૩૪૩૭)**

■ ચોપાટી, 1993, MSc. CFA બ્યુટીફૂલને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૬૪-એ)

■ દાદરમાં 1995, MBA ફાયનાન્સ, 5' બ્યુટીફૂલને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૬૪-એ)

■ કેમ્સકોર્નર 1985, MCOM, BMS ઈન્ટેલીજન્ટ બ્યુટીફૂલને વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૬૪-એ)

■ BE, MBA, 1984, વેલસેટ સ્માર્ટને ક્વોલિફાઈડ વૈષ્ણવ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૬૪-એ)

■ CA, 1993, 5'5'' હેન્ડસમને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૬૪-એ)

■ અપરિણિત, NRI, ડિવોર્સી, સ્પેશ્યલ કેસ: યુવક - યુવતીઓ માટે મેટ્રિમોનિયલ ગ્રૂપ. 8655185667. (દહેજ નહીં). (૧૨૬૬-સી)

**BRIDE WANTED**
Gujarati Vaishnav Boy (Advocate) 28/ 5'.6'' / 72 kg. Graduate Gujarati Girl Parents - 9664011380. Email - prakashmehta964@gmail.com (No Dowry) (JP/4571-B)

**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (1265-A)**

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૭૮૧૪)

## ૧૨. યાત્રા સહેલગાહ

**તુષાર નેગાંધી**
ગંગાસાગર જગન્નાથપુરી ચંપારેન, નેપાલ પુમડીકોટ મુક્તિનાથ, દક્ષિણ ભારત + કેરલા. દેવીબેન પ્રવાસ ૯૮૩૩૭૩૦૬૩૯. (૧૨૪૪-એ)

**જય અંબે ટુર**
ચારધામ યાત્રા બદ્રીનાથ કેદારનાથ ગંગોત્રી યમુનોત્રી હરિદ્વાર ઋષિકેશ ૨૪ સપ્ટેમ્બર પાંચ જ્યોતિર્લિંગ નાગેશ્વર ઘૂસ્મેશ્વર ત્રંબકેશ્વર પર્લીવૈજનાથ ભીમાશંકર પંઢરપુર કોલ્હાપુર ૩ સપ્ટેમ્બર AC બસ દ્વારા કોઈપણ ટુર માટે ગ્રુપ આવકાર્ય જગદીશભાઈ જોશી 9930929799. (૧૨૬૨-એ)

## ૧૪. નોકરી ખાલી છે

**તક**
નિવૃત્ત, ગૃહિણી અને વરિષ્ઠ નાગરિકો માટે પાર્ટ/ ફુલટાઈમ કામ તાલીમ ઉપલબ્ધ. ઓફિસ સપોર્ટ મળશે. કોઈ રોકાણ નહીં. 9320132162/ 9920062154. (૧૨૪૦-એફ)

**REAL ESTATE**
**Sales Wanted 10 Male Candidates to work at a Reputed Real Estate Company at Juhu Scheme earn 10 Lacs annually, on Commission basis. Field Job 10 am to 7 pm Profile - Site Visits, Inspection, Meetings Whatsapp CV 9819554066. (1192/A)**

**APMC, VASHI requires**
**Salesmen cum Accountant**
For Trading & Accounts. Fluency in English & Knowledge of Accounts must
Age - 20 years to 35 years
Salary - upto Rs.75000/-
: call Deep :
8879691300
OR Mail resume to
sales@shubhmlshah.com
(1237-A)

**REQUIRED**
Billing & Account Executive upto 1 years experience at Vikhroli (W), Near Station for a Distribution Company Representing a Multinational Brand. B.Com with Tally, MS Office. WhatsApp Biodata 9867361589. No Calls. (B-17915)

## ૧૭. જગ્યા આપવી છે

**જેવીપીડી ગુલમોહર**
**4/5 બેડરૂમ 2000/2500/2850/3200/ 3700 કાર્પેટ તૈયાર કબજો/અન્ડર કન્સ્ટ્રકશન હાયર ફ્લોર બધી સુવિધાઓ પૂલ, બેન્કવેટ, જીમ, મીની થિયેટર, પિકલ બોલ કોર્ટ-ઓપન વ્યૂ- 50000 થી 75000 psf "MIHIR" 7021919015. (૧૧૯૧-એ)**

**વિલેપાર્લે (ઈસ્ટ)**
**3/ 4/ 5/ 6 બેડ 1000'/ 1500/ 2000/ 2500' જૈન મંદિર પાસે સ્વિમિંગ પૂલ સાથે, જીમ, બેન્કવેટ, ગાર્ડન, 45,000 psf (નિગોશિએબલ) "MIHIR" 7021919015. (૧૧૯૧-બી)**

**જુહુ સર્કલ**
**ડી એન નગર @ પ્રોજેકટ્સ સાથે ઈન્ફિનિટી પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, બેન્કવેટ, ઈન્ડોર ગેમ્સ, મીની થિયેટર, ક્રિકેટ ટર્ફ, 3 બેડ 1100/ 1200 4 બેડ 1600/ 2000 5/6 બેડ 2200 થી 2500 @ 42000 psf. 12-18 મહિનામાં કબજો "MIHIR" 7021919015. (૧૧૯૧-સી)**

**સાન્તાક્રુઝ/ ખાર**
**લકઝરી પ્રોજેકટ્સ 3/ 4/ 5/ 6 બેડ/ પેન્ટહાઉસ, ઈન્ફિનિટી પૂલ, જીમ, બેન્કવેટ, મીની થિયેટર, ટેરેસ, ગાર્ડન, 2000 થી 6000 કાર્પેટ, મધુપાર્ક પાસે, લિંક રોડની સામે, સી વ્યૂ, ઍમ્પલ સરફેસ પાર્કિંગ. બજેટ 10-30 કરોડ. "MIHIR" 7021919015. (૧૧૯૧/ડી)**



(બી-૧૭૭૩૬)

## ૧૭. જગ્યા આપવી છે

**સીટય ફલેટો**
**એક્સકલુઝિવ સી ફેસિંગ ૧૮૦ ડિગ્રી સમુદ્રનો નજારો સાથેના પ્રોજેકટ્સ. પ્રાઈમ લોકેશન્સ: જુહુ, વર્સોવા, કાર્ટર રોડ, બેન્ડસ્ટેન્ડ, પાલી હિલ, પ્રભાદેવી, વર્લી ૩૦૦૦ થી ૧૦,૦૦૦ કાર્પેટ સિંગલ ફ્લોર પર. ૨૦+ સુવિધાઓ: બેન્કવેટ, ઈન્ફિનિટી પૂલ, જીમ, ગેમઝોન, બજેટ ૨૫-૧૦૦. માત્ર સાચા ખરીદદારો MIHIR 7021919015. (૧૧૯૧/ઈ)**

**Rustomjee Elements**
**જુહુ સર્કલ પાસે સુવિધાઓ સાથે 3 એકર, 5 BHK 3800' @ 42 કરોડ, 4 BHK 2350' @ 21 કરોડ. MIHIR 7021919015. (૧૧૯૧/એફ)**

**મરીન ડ્રાઇવ સીફેસ**
**4 બેડરૂમ**
૨૫૦૦ કારપેટ,
૧ ગેરેજ + ૧ ઓપન પાર્કિંગ.
અનરિસ્ટ્રીકટેડ સીવ્યુ.
ઓનરશીપ. for Details
Email: info@squarefeetrealty.in
સંપર્ક - અશોક શાહ
9821036552
(૧૨૫૫-બી)

**Kalpataru Solitaire**
**જુહુ સ્કીમ સુવિધાઓ સાથે 1 એકર, 3600' ડુપ્લેક્સ 32 કરોડ, 3 BHK 1900' 13 કરોડ. MIHIR 7021919015. (૧૧૯૧/જી)**

**વિલેપાર્લે (વેસ્ટ)**
**તૈયાર કબજો સંપૂર્ણપણે સજ્જ 3 BHK 1300' 6 કરોડ, 3.5 BHK 1400' 6.5 કરોડ, 4 BHK 1700' 8.5 કરોડ, તેમજ 2000'/ 2200'/ 2500'/ 3000' પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, ઈન્ડોર ગેમ્સ સાથેના પ્રોજેકટ્સમાં કબજો 1 વર્ષ. MIHIR 7021919015. (૧૧૯૧/એચ)**

**ઘાટકોપર પૂર્વ પશ્ચિમ**
**૧/૨/૩ બેડરૂમ હોલ કિચન. ખરીદો / વેચો / RENT Kotharibhai 9920298333. (એસડીબી-૩૪૨૮)**

MahaRERA Registration No. P51800047071 available on https://maharera.mahaonline.gov.in
**NEELSIDHI BRINDAVAN VALLABH BAUG LANE GHATKOPAR EAST 400077**
**3 BHK**
**₹ 3.51 CR*** ONWARDS *T&C Apply
READY POSSESSION
OC RECEIVED
98334 69305
(B-17855)

**વાલકેશ્વર**
પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઇવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો / કોમર્શીયલ લેવા / વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૪૩૪)

**જુહુસ્કીમમાં/ પાર્લામાં/ અંધેરીમાં**
લીવલાઈસન્સ/ વેચાતામાં 1 થી 4 બેડરૂમના ફલેટો/ ઓફિસો/ દુકાનો/ લેવા-આપવા. રાજેશભાઈ 9820772390. (એસડીબી-૩૪૦૭)

**MULUND WEST**
**Yogi Hills, Hill View**
Furnished 3 BHK,
1000 sq. ft., 3rd Floor,
7 Storey Building,
1 Car Parking, For Sale
Rs. 2.50 cr. negotiable.
Only Serious buyers
Call: 9819993091 / 9821028593
(1238-A)

**મુલુન્ડ (વેસ્ટ)**
2 BHK, 705 ચો. ફૂટ અને 3 BHK, 951 ચો. ફૂટ ફ્લેટ સાથે 2 પાર્કિંગ 2-વે રેમ્પ પોડિયમ પર વેચાણ માટે. વાલજી લધા રોડ. સંપર્ક - 9930333456 (P51800055546). (૧૨૪૭-એ)

■ (1) પાર્લા ઈસ્ટ 2.5 બેડરૂમ ફ્લેટ વેચવાનો (2) અંધેરી લલ્લુભાઈ પાર્ક 2 બેડરૂમ ભાડે લાગેલ વેચવાનો છે. (3) પાર્લા વેસ્ટ ૬૨૦ ઓફિસ વેચાણથી. ૭૦૦ દુકાન ભાડેથી. પવઈ ૨૦૦૦ મીટર પ્લોટ રીઝરવેશન વેચાણ જીતુભાઈ શાહ - 9820613128. (એસડીબી-૩૪૩૫)

**મલાડ (વેસ્ટ)**
**માર્વેરોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમના ફ્લેટો વેચાણથી - ભાડેથી લેવા - ભરત પટેલ - 9820054730, નિષીત - 9920041841. (એસડીબી-૩૪૩૧)**

**લોનાવાલા**
૫ બેડરૂમ ફુલ્લી ફર્નીશડ બંગલો વીથ સ્વીમિંગપુલ ડેલીબેઝ પર આપવાનો છે. અરૂણભાઈ - 9545741755. (બી-૧૭૭૮૨)

**કાંદિવલી વેસ્ટ**
1 બેડરૂમ 95 લાખ, નવા ટાવરમાં કાંદિવલી સ્ટેશન પાસે મળશે. સંજીવ 9821925693. (બી-૧૭૯૧૩)

## ૧૭. જગ્યા આપવી છે

**ખાર/શાંતાક્રુઝ**
**૩ બેડરૂમ ૧૧૫૦', ૪ બેડરૂમ ૧૫૨૫'/ ૧૮૦૦', ૬ બેડરૂમ ૨૩૦૦' તદ્દન નવા બિલ્ડિંગમાં, પોશ લોકેશન, ઓ. સી. સાથે તુરંત વેચવાના. ફોનઃ- 9867153377. (બી-૧૭૮૯૭)**

**લોનાવાલા-ખંડાલા**
૨ થી ૯ બેડરૂમના બંગલો વેંચાણથી તથા અન્ય બંગલાઓ લેવા-વેંચાણમાં શ્રીજી - 9545741755. (બી-૧૭૭૮૪)

**લીવલાયસન્સ/ વેચાણથી નાનાચોક/ તારદેવ**
**ભાટીયા હૉસ્પિટલ પાસે, ૪ બેડરૂમના ફ્લેટ, નવા બિલ્ડિંગમાં, હાયર ફ્લોર, ફુલ્લી ફર્નિશ્ડ, બે પાર્કિંગ, રેડી પજેશન, કોન્ટેક્ટ 'ભરતભાઈ' 9322246950. (બી-૧૭૮૮૭)**

**પરેલ**
સિંગાપોર જેવું વાતાવરણ બે બેડરૂમ ૧૦૦૦ કાર્પેટ લિફ્ટ પાર્કિંગ બગીચા ચાર કરોડ નવા મકાન વિનોદ 9892980593. (બી-૧૭૮૭૫)

**માટુંગા સાયન વડાલા**
જૂના લીફ્ટ વગરના મકાન ત્રીજે માળે ફ્લેટ વેચવા મને સંપર્ક વિનોદ 9892980593. (બી-૧૭૮૭૬)



(B-17821)

■ વિરારમાં 1 બેડ - 4000000/-, 2 બેડ - 6000000/-. તેજસ એસોસિએટસ - 8806349777. (બી-૧૭૮૭૩)

**બોરીવલી (વેસ્ટ)**
**લીવ લાયસન્સથી - એલ. ટી. રોડ, 2 બેડરૂમ નવું બિલ્ડિંગ (56,000/- ભાડું,/ 2,00,000/-) આશર એસ્ટેટ 9820010600. (૧૨૩૬-એ)**

**■ સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૧૧૩૪/સી)**

■ બોઈસર (વેસ્ટ), 1 બેડરૂમ- 19,00,000, દુકાનો- 9,00,000. 9167332595. (એસડીબી-૩૪૨૬)

**બોરીવલી (વેસ્ટ)**
**નવો ફુલ્લી ફર્નિશ્ડ 2 બેડરૂમ, હાયર ફ્લોર, સતરા પાર્ક પાસે, (ગુજરાતી, મારવાડી, જૈન લોકાલીટીમાં) (પાર્કિંગ સાથે - 2.75 Cr) 7666644727. (૧૨૪૩-ડી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**પ્રતીક્ષા કરીએ એવું વિચારવાથી પૈસા નથી બચતા, પણ તક છૂટી જાય છે. ૧ બેડરૂમ, હોલ, કિચન - 510' કારપેટ - 1.35 Cr., ૨ બેડરૂમ, હોલ, કિચન - 735' કારપેટ - 1.99 Cr., ૨ બેડરૂમ, હોલ, કિચન - 800' કારપેટ - 2.09 Cr., ૩ બેડરૂમ, હોલ, કિચન, 1010' કારપેટ, 2.11 Cr., ૩ બેડરૂમ, હોલ, કિચન - 1050' યુઝેબલ, 3.06 Cr., 4 બેડરૂમ, હોલ, કિચન - 1250' કારપેટ, 3.65 Cr., 5 બેડરૂમ, હોલ, કિચન - 1665' કારપેટ - 6.21 Cr. Home Alone Property - જુગ્નું શાહ 9833352224. (૧૨૫૭-એ)**

## ૧૭. જગ્યા આપવી છે

**દ્દેવલાલી**
**વેચાણથી. રૂમ કિચન, ૧, ૨, ૩ બેડરૂમનાં ફ્લેટો. પરેશ - 9930803959, 9930106054. (૧૨૫૭-સી)**

**દેવલાલી**
**વેચાણથી. ૩ બેડરૂમનો બંગલો, 1550' ફૂટ. પરેશ - 9930803959, 9930106054. (૧૨૫૭-ડી)**



(B-17798)

**દેવલાલી**
**વાર્ષિક ધોરણે ભાડેથી, ૧, ૨ બેડરૂમનાં ફ્લેટો + ૩ બેડરૂમના બંગલા. પરેશ - 9930803959, 9930106054. (૧૨૫૭-ઈ)**

**HEAVY DEPOSIT**
**નાલાસોપારા (ઈસ્ટ) તુલિંજ રોડ, રાધેક્રિષ્ના હોટલની સામે, 2 બેડરૂમ (લિફ્ટ નથી). 12,000/- ભાડેથી અથવા 9 લાખ હેવી ડિપોઝિટથી આપવાનો. (ઓનર) 7666644727. (૧૨૪૨-એચ)**

■ બોરીવલી (વેસ્ટ). 2 બેડરૂમ, Erica-દેવીદાસ, 1.75 CR. 9820644939, 9167332595. (એસડીબી-૩૪૨૫)

**વિલેપાર્લા (વેસ્ટ)**
વેચાણથી 3 બેડરૂમ, બજાજ રોડ, કાર પાર્કિંગ સાથે, 1120' કાર્પેટ નવું બિલ્ડિંગ, 9મા માળે, વાસ્તુ પ્રમાણે, ઈસ્ટ વેસ્ટ ઓપન. સંપર્કઃ 9324512690/ 9821165431. (બી-૧૭૮૬૭)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
ઘણા વિકલ્પો ઉપલબ્ધ વેચાણથી 1 RK, 1 BHK, 2 BHK, 3 BHK - રેડી અને અંડર કન્સ્ટ્રકશનમાં ''નવકાર રિયલ એસ્ટેટ'' : 9082631731. (જેપી/ ૪૫૬૯-સી)

**મલાડ વેસ્ટ**
તૈયાર કબજો, ઓસી અપ્લાઈડ, સ્ટેશન નજીક, જૈન દેરાસરની સામે, તમામ આધુનિક સુવિધાઓ. (1 Bed 1.20 Crore, 2 Bed 1.70 Crore પેકેજ) 9821291100 / 7506953114. (બી-૧૭૮૮૪)

**વિદ્યાવિહાર (વેસ્ટ)**
ભાડેથી. નિલકંઠ કિંગડમ, 3 બેડરૂમ, હોલ કિચન, 1000' કારપેટ, ઓપન વ્યું, ગાર્ડન ફેસિંગ. બ્રોકર - 8169019857, 9323030141. (૧૨૬૬-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી ઈસ્ટ**
ગુજરાતી લોકાલીટી ફર્નિશ વન બેડરૂમ હોલ કિચન કાર્પેટ એરિયા 485 price 16000000/-. OC Received વોકેબલ રેલ્વે સ્ટેશન મેટ્રો સ્ટેશન જૈન મંદિર Contact - 9819991940/ 9152882919. (બી-૧૭૯૦૯)

**સાન્તાક્રુઝ / પાર્લા / જુહુ**
**2/3/4 બેડરૂમના ફ્લેટ લેવા/ વેચવા 1000' થી 2500' કાર્પેટ નવા તથા 8 થી 10 વર્ષ જૂના બિલ્ડિંગમાં OC તથા કાર પાર્કિંગ સાથે. રજનીકાંત - 8657131155. (બી-૧૭૯૧૩)**

**કાંદિવલી વેસ્ટ**
1 બેડરૂમ 428' કાર્પેટ નવા ટાવરમાં પટેલ નગરની બાજુમાં m. g. રોડ 1.18 CRમાં પાર્કિંગ સાથે ફીટ આઉટ જુલાઈમાં મળશે. સંજીવ - 9821925693. (બી-૧૭૯૧૨)

**બાંદ્રા / ખાર / શાંતાક્રુઝ**
૩/૪ બેડરૂમના એપાર્ટમેન્ટ લકઝુરીયસ પ્રોજેક્ટમાં, ગ્રીનરીવ્યુ, ઓ. સી. સાથે ફોનઃ- ''બીગ ડીલ રિયાલિટી'' 'પ્રેમ બત્રા' ૯૮૨૦૦૬૫૭૫૭ / 'બીપીન' ૯૮૨૦૦૪૭૭૭૩. (બી-૧૭૯૦૪)

**ખેતવાડી મેઈન રોડ**
દેરાસર પાસે, ૧ બેડરૂમની જોડી + પાર્કિંગ / ૨ બેડરૂમની જોડી, ૧૭૦૦' કાર્પેટ + પાર્કિંગ, રોડ સાઈટ, રેડી કબજો, 9820034317. (બી-૧૭૯૧૦)

**ૐ શાંતિ**
વસઈ પૂર્વમાં એવરશાઈન ક્લાસિક સોસાયટીમાં પહેલે માળે, 2 BHK, 616 કારપેટ, કાર પાર્કિંગ સાથે વેચવો છે. બ્રોકર આવકાર્ય. 9820813589. (બી-૧૭૯૦૬)

**ચોપાટી, બાબુલનાથ**
**3, 4 બેડ ભાડેથી 3/5 વર્ષ માટે ગુજરાતી પરિવાર માટે તુરંત સોદો. ''નિમેષ સોની''- 9619927603. (૧૨૧૯-સી)**

**ચોપાટી, બાબુલનાથ**
**4 બેડ ખરીદવા માટે બજેટ - 30થી 40 કરોડ સીવ્યુ + પાર્કિંગ મસ્ટ. ''નિમેષ સોની'' - 9619927603. (૧૨૧૯-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી પ્રાઈમ લોકેશનમાં પ્રતિષ્ઠિત બિલ્ડર, ગુજરાતી એરીયામાં ટૂંક સમયમાં આવનાર, હાઈરાઈઝ ટાવરમાં, મેટ્રો/સ્ટેશન નજીક, ૧/૨ બેડરૂમ, હોલ, કિચન, ૨ બાથરૂમ, ૪૨૫ કારપેટથી શરૂ. ૧.૧૫ કરોડની રેન્જમાં, માર્કેટ, દેરાસર, ઉપાશ્રય નજીક, ઈઝી પેમેન્ટ સ્કીમ, પંખા, એસી, વૉશિંગ મશીન, એકઝોસ્ટ ફેન, ગીઝર, વિડીયોડોર લોક, એક્વાગાર્ડ, જીમ, બેન્કવેટ હોલ. કૌશલ મહેતા: ૯૩૨૩૮૭૧૯૩૩. (૧૨૬૬-એફ)**

**અવધ શાંગ્રીલા**
**પલસાણા - બલેશ્વર - સૂરત સીટીથી 20 કિ.મી. દૂર, 3 બેડરૂમનો સુંદર ફર્નિશ્ડ બંગલો - વેચવાનો. (60 લાખ). (ઓનર) 7506188180. (૧૨૬૩-એ)**

**અધિરાજ રીયલ્ટર્સ**
**બોરીવલી (વેસ્ટ) ભગવતી હૉસ્પિટલ પાસે 2 બેડરૂમ ફર્નિશ્ડ (1.60)/ અન્ય પ્રપોઝલ્સ: 9320025361. (૧૨૬૩-બી)**

**બોરીવલી (વેસ્ટ) દેરાસર બાજુમાં**
**હરિદાસ નગર રૂફટોપ + જીમ + OC + પાર્કિંગવાળા ટાવરમાં - હાયર ફલોરમાં - રેડી પઝેશન. (1283' + 1283') 3+3 બધા માસ્ટર બેડરૂમ જોડી તથા સિંગલ (1283') ફ્લેટ્સ વેચાણથી લેવા મળો. (ફોન કરો 11 થી 6). સંપર્ક: 9819810215, 9769622033, 02228334910. (૧૨૬૩-સી)**

**ખંડાલામાં રોહાઉસ**
**કામત હોટલની સામે તેમજ એલાઈટ હોટલની પાછળ 3 બેડરૂમ + હોલ + કિચન + વરંડો + બાલ્કની + ટેરેસ + ગાર્ડન (OC સાથે) રેડી પઝેશનથી વેચાણથી આપવાના. સંપર્ક 9769622033, 9819810215. (૧૨૬૩-ડી)**

**વિલેપાર્લે (વેસ્ટ)**
**સન્યાસ આશ્રમ પાસે 2 બેડરૂમનો ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ ભાડેથી આપવાનો. ફક્ત Vegetarian Family (Working Bachelor, College Student Allowed) AG Properties 9820413886. (૧૨૬૩-ઈ)**



(B-17907)

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી (વેસ્ટ)**
3 BHK ગ્રીનકોર્ટ (4 કરોડ), પાર્લા (વેસ્ટ) 3 BHK ભાડેથી (1.80 અને 2.25 લાખ), 1 RK પાર્લા (વેસ્ટ) (1.20 કરોડ) તથા લલ્લુભાઈ પાર્ક, ઇર્લા, એસ. વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ-જુહુસ્કીમ લીવલાયસંસથી. ''ગૌતમ જોશી'' 9322236433 - 9821069632. (૧૨૬૦-એ)

**બોરીવલી (વેસ્ટ) ભાડેથી**
સ્ટેશન, દેરાસર નજીક, 2 બેડરૂમ, (60,000/ =), 3 બેડરૂમ (90,000/=) ફર્નિશ્ડ, પાર્કિંગ સાથે 9869485733. (૧૨૬૩-એફ)

**KANDIVALI EAST**
**2 Bedroom Sale, Higher Floor, Main Road Facing, Excellent View, Metro Station, WEH 5 Minutes away. Very Reputed Builder. Owner: 9820552323. (1173-E)**

**ANDHERI WEST**
Urgently Sale 3 BHK Ready New Bldg Near Jain Temple - 2.90 Cr. all in. 9869070123 / 9167723483. (1233-A)

**JUHU - GULMOHAR**
3 BHK - 1240/ 1458 / 1537 / 1626 Carpet area Exclusive Ready Possession with OC and All Amenities - 50 k to 60 k psf negotiable Prices Mihir - 7021919015. (1191-I)

**BANDRA / KHAR / SANTACRUZ**
3/4 BHK Luxurious Homes, Greenery View, with O.C. "Big Deal Realty". 'Prem Batra' 9820065757 'Bipin' 9820047773. (B-17905)

**MATUNGA EAST**
For Sale 1 BHK - 500' Carpet, Near Shishuvan, Lift & Car Park., Realkey Properties: 9892780301 (Tanvi Shah). (1259-A)

3 BHK FLAT (1045 B.U.) 2 Fl. Flower Queen CHS, Veera Desai Rd Andheri (W) 3.35 Cr. Contact 9322061410 / 9821405979 / 9821405725 / 9892613120. (B-17916)

**VILEPARLE (EAST)**
Luxury 3 BHK with attached Toilets, Fully Furnished, Fully A/C, 1400 Carpet, 3 Car Parks, Higher Floor, 3 Side Open, Big Gym, Spacious Compound, Immediate Sale, Contact - 9820072941, Brokers Welcome. (1261-A)

## ૧૮. જગ્યા જોઈએ છે

**EDEVELOPMENT ગયેલા**
**બિલ્ડિંગોમાં ફ્લેટ, શોપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે.) 7666644727. (૧૨૪૨-એફ)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**
રૂષભ ઉપાધ્યાય 9049625073
હિતેષ ઉપાધ્યાય 9326470109
(એસડીબી-૩૪૧૧)

## ૨૦. ધંધાદારી જગ્યા

**બોરીવલી (વેસ્ટ)**
**યોગી નગર અને એક્સર રોડના જંકશને જૂનાં ભાડાની 250' કારપેટ (ટ્રાન્સફર સાથે 70,00,000/-) 7666644727. (૧૨૪૩-સી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
કૈલાસ પ્લાઝા, હાયક્લાસ 800' કારપેટ કોર્નર ઓફિસ, Rs. 150 ફૂટ, ભાડેથી / વેચાણથી. ઓનર - 9769287479. (૧૨૫૭-એફ)

**મલાડ (વેસ્ટ)**
**BJ પટેલ રોડ ગ્રાઉન્ડ ફ્લોર 1200' + 680' લોફ્ટ + 680' બેઝમેન્ટ ટોટલ 2560' કાર્પેટ દુકાન વેચવાની છે 9820054730, 9920041841. (એસડીબી-૩૪૩૨)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200' - 2000' ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)

**PRELEASED જોઈએ**
**ભાડેથી લાગેલી કમર્શિયલ જગ્યા BANK, BRANDS, CORPORATE OFFICE, RESTAURANT માટે સંપૂર્ણ મુંબઈમાં વેચાણથી જોઈએ છે. સોદાની ખાત્રી (બજેટ 2 કરોડથી 50 કરોડ) 7666644727. (૧૨૪૩-એ)**

**BANK માટે**
**6000 ફૂટ વાગલે એસ્ટેટ થાણા (વેસ્ટ) તેમજ 2000 ફૂટ કારપેટ ગ્રાઉન્ડ ફ્લોરમાં વિરાર ઈસ્ટમાં જગ્યા જોઈએ છે. 8879181869. (૧૨૪૨-એ)**

(જુઓ પાનું ૧૦)

# અમદાવાદમાં વરસાદ ધીમો પડ્યો પણ જનજીવન પ્રભાવિતઃ તંત્ર કામે લાગ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ૨૩ અને ૨૪મી જુલાઈએ પડેલા વરસાદને કારણે જનજીવન પર વ્યાપક અસર પડી હતી. શુક્રવારે એટલે કે ૨૪મી જુલાઈએ વહેલી સવારથી વરસાદ શરૂ થયો હતો, પરંતુ દિવસ દરમિયાન ગતિ ઘણી જ ધીમી પડતા તંત્ર અને લોકોએ થોડી રાહત અનુભવી હતી. જોકે ગુરુવારે પડેલા અનરાધાર વરસાદની અસર શુક્રવારે પણ જનજીવન પર વ્યાપકપણે જોવા મળી હતી અને સ્થાનિક મનપા સહિતની સરકારી એજન્સીઓ બચવા કામગીરી અને સ્થિતિને પૂર્વવત કરવાની કામગીરીમાં વ્યસ્ત થયા હતા.

અમદાવાદ સહિત ગુજરાતમાં ભારે વરસાદની આગાહીને ધ્યાને લઈને આજે (શનિવાર) શહેરની તમામ શાળા-કૉલેજો બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે, જ્યારે અમદાવાદ મહાનગર પાલિકા સંચાલિત આંગણવાડીઓ ૨૭ જુલાઈ સુધી બંધ રહેશે. વરસાદી પાણીના અસરકારક વ્યવસ્થાપન માટે પૂર્વ ઝોનના ૩૭ તળાવોમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવામાં આવી રહ્યો છે. મનપાના ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ ચોવીસ કલાક કાર્યરત રહી છેલ્લા બે દિવસમાં મળેલા ૧૩૨ ઇમરજન્સી કોલ પર ત્વરિત પ્રતિસાદ આપ્યો હતો, જ્યારે ઝાડ પડવાની ૧૬૬ ફરિયાદોનો સ્થળ પર જ નિકાલ કરી માર્ગો તાત્કાલિક ખુલ્લા કરાયા હોવાનો દાવો તંત્રએ કર્યો હતો.

ગુરુ-શુક્રવારે પણ શહેરમાં વરસાદને કારણે અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. થલતેજના મલાવ તળાવ વિસ્તારમાં લોકોના ઘરોમાં ઘૂંટણસમાં પાણી ભરાયા હતા, જ્યારે પારસનગરમાં રિડેવલપમેન્ટ હેઠળની





એક સોસાયટીની સેફ્ટી વોલ ધોધમાર વરસાદના કારણે ધસી પડી હતી. કર્ણાવતી ક્લબ પાછળના વિસ્તારના બંગલાઓમાં કેડસમાં પાણી ભરાતાં ફાયરની ગાડી પણ ફસાઈ ગઈ હતી, જેને બહાર કાઢવા જેસીબીની મદદ લેવી પડી હતી. પાણી ભરાવાના કારણે દૂધના વાહનો કેટલાક વિસ્તારોમાં પહોંચી ન શકતાં લાખો અમદાવાદીઓની સવાર બગડી હતી અને દુકાનોમાં પણ પાણી ભરાતાં દૂધ-બ્રેડ જેવી ચીજોની તંગી સર્જાઈ હતી, જેના પગલે લોકોએ દૂધ પાર્લર અને ડેરી પર લાંબી લાઈનો લગાવી હતી. કરોડોના બંગલા ધરાવતા બોપલ સહિતના અનેક વિસ્તારો પાર્ક વિસ્તાર પણ પાણી-પાણી થઈ જતાં ત્યાંના રહેવાસીઓને બહાર કાઢવા આર્મીની ૫ ટ્રક ટીમ બોટ સાથે ઉતારવી પડી હતી.

શહેરના વેજલપુર વિસ્તારમાં પણ દર વર્ષની જેમ તમામ રોડ-રસ્તા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા અને ત્યાંના શ્રી નંદનગરમાં પાણી ભરાવાથી હજારો લોકોને અસર પહોંચી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું, જેમને બચાવવા બે બોટ અને લાઇફ જેકેટ સાથે ૫૦થી વધુ આર્મી જવાનો મેદાનમાં ઉતર્યા હતા. આ ઉપરાંત નહેરુનગર નજીક સહજાનંદ કૉલેજ રોડ પર પાંજરાપોળ ચાર રસ્તાથી નહેરુનગર તરફ જતા મુખ્ય માર્ગ પર બીઆરટીએસ ટ્રેક નજીક મોટો ભુવો પડતાં મ્યુનિસિપલ કોર્પોરેશને સલામતી માટે બેરિકેટ લગાવ્યા હતા. શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલો નિકોલનો સંગાથ ચાર રસ્તા પણ પાણીમાં ગરકાવ થઈ ગયો હતો, અને છેલ્લા ૫ વર્ષથી અહીં સતત ૨૪ કલાકથી પાણી ભરાયેલા રહેવાની સમસ્યાને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

શહેરમાં વરસાદ બાદ આરોગ્ય સુરક્ષાના ભાગરૂપે મનપા દ્વારા પાણીજન્ય રોગો અટકાવવા ૭૧,૪૩૧ ક્લોરીન ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું અને મોબાઇલ મેડિકલ ટીમોને સતત કાર્યરત રાખવામાં આવી હોવાનું જણાવ્યું હતું. અંદાજે બાદ ૪૬ હજારથી વધુ ઘરોની તપાસ કરીને અત્યાર સુધીમાં ૧,૭૮૪ ક્લોરીન ટેસ્ટ કરાયા હોવાનું તંત્રએ જણાવ્યું હતું.

આ સાથે ૨૪+૭ મોબાઇલ મેડિકલ વાન અને આરોગ્ય ટીમો સક્રિય કરાઈ હતી અને ૪,૯૯૩ દર્દીઓને સ્થળ પર અને આરોગ્ય કેન્દ્રોમાં સારવાર આપવામાં આવી હતી. મેલેરિયા વિભાગે ૪૬,૪૦૬ મકાનો અને ૧.૧૨ લાખથી વધુ પાણીના પાત્રોની તપાસ કરી હતી. મચ્છરજન્ય રોગો અટકાવવા ૧૩,૯૯૪ મકાનોમાં ફોગિંગ, ૧૯૯ લિટર એમએલઓનો ઉપયોગ તથા વિવિધ સ્થળોએ બીટીઆઈ સહિતની ટ્રીટમેન્ટ કરવામાં આવી હતી. વરસાદગ્રસ્ત પરિવારોને તાત્કાલિક રાહતરૂપે શહેરના વિવિધ વિસ્તારોમાં ૭,૩૦૦ ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સાથે વાહનવ્યવહાર રાબેતા મુજબ થાય તે માટે રસ્તા પરથી પાણીનો નિકાલ તેમ જ પડી ગયેલા વૃક્ષોનો નિકાલ કરવામાં આવ્યો હતો. શુક્રવારે એએમટીએસ અને બીઆરટીએસની બસોએ પણ રાબેતામુજબનું સંચાલન શરૂ કરી દીધું હતું. જોકે લોકોના ઘરોમા અને સોસાયટીઓમાં પાણી ભરાઈ ગયેલા તેનો નિકાસ સંપૂર્ણપણે થયો ન હોવાની ફરિયાદો થઈ હતી.

આ સાથે જ અમદાવાદ જિલ્લામાં પણ તંત્રએ યુદ્ધના ધોરણે રેસ્ક્યૂ કામગીરી હાથ ધરી હતી. ધોળકાના ભગલપુર-લીલજપુર સ્થિત ડો. બી.આર. આંબેડકર કન્યા છાત્રાલયમાંથી ૪૫ કન્યા અને ૨ સ્ટાફ સભ્યોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા, જ્યારે વિરમગામના જોગમાયાનગર વિસ્તારમાં ફસાયેલા આશરે ૧૫૦ નાગરિકોને પોલીસની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતા. સાણંદના મોડાસર ગામમાં પ્રસૂતિની નજીકના દિવસો ધરાવતી સગર્ભા મહિલાને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર એમ્બ્યુલન્સ મારફત સાણંદ ખાતે રિફર કરાઈ હતી, જ્યારે ધોળકાની એક સોસાયટીમાં ફસાયેલા નાગરિકોને રેસ્ક્યૂ બોટની મદદથી બહાર કઢાયા હતા.

વિરમગામના ફૂલવાડી વિસ્તારમાં પણ ફસાયેલી ગર્ભવતી મહિલા અને નાના બાળકોનું સફળ રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. બાવળાના ગેલપ્સ ઈન્ડસ્ટ્રિયલ પાર્કમાં વિવિધ કંપનીઓના પ્લાન્ટમાં ફસાયેલા લોકોને બચાવવા એસડીઆરએફની ટીમે બોટ મારફતે ત્વરિત કામગીરી હાથ ધરી હતી. આ ઉપરાંત સાણંદ-બાવળા હાઇવે પર ડિવાઈડર સુધી પાણી ભરાઈ જતાં માર્ગ અને મકાન વિભાગે જેસીબીની મદદથી ડિવાઈડર તોડી પાણીના ઝડપી નિકાલની કામગીરી કરી હતી, જેનાથી વાહનવ્યવહારને પુનઃ સામાન્ય બનાવી શકાય. ■

## અમદાવાદ પશ્ચિમની ૧૨૬ સોસાયટીમાંથી બાવન સોસાયટીમાંથી પાણી ઊતર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ગુરુવારે વરસેલા અનરાધાર વરસાદને કારણે શહેરના મોટાભાગના રસ્તા અને ઘણી સોસાયટીમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ હતી. સોશ્યલ મીડિયા અને પ્રસાર માધ્યમોમાં જોવા મળતી તસવીરો અને વીડિયોમાં સ્થિતિ ઘણી કપરી હોવાનું જણાતું હતું ત્યારે શહેરની કુલ ૧૨૬ સોસાયટીમાં પાણી ભરાયા હતા, જેમાંથી બીજા દિવસે એટલે કે શુક્રવારે ૫૨ સોસાયટીમાંથી પાણી ઊતરી ગયા હોવાની માહિતી મનપાના સૂત્રોએ આપી હતી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ૨૪ જુલાઈ ૨૦૨૬ને શુક્રવારના દિવસે યોજાયેલી સ્ટેન્ડિંગ કમિટીમાં છેલ્લા બે દિવસમાં પડેલ ધોધમાર વરસાદને લઇને મોનસૂનની કામગીરી વિશે મહત્ત્વની ચર્ચા કરવામા આવી હતી. આ પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન કમલેશ પટેલે જણાવ્યું હતું કે, છેલ્લા ૩૬ કલાકમાં અમદાવાદ ઉપર મેઘરાજાની ખૂબ મહેર થઇ છે. બે દિવસમાં અમદાવાદ શહેરમાં ભારે પડ્યો છે, જે અંતર્ગત હાલ અમદાવાદમાં ૧૨૬ સોસાયટીઓમાં પાણી ભરાયેલા હોવાની ફરિયાદ મળી હતી. તેમાંથી ૫૨ સોસાયટીઓમાં પાણીનાં નિકાલ માટેની કામગીરી પૂર્ણ થયેલ હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના ૧૪૮ વોટર લોગિંગ સ્પોટ પર પાણીના ઝડપી નિકાલ માટે સતત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં ૫૨ સ્થળોએ પાણીનો સંપૂર્ણ નિકાલ કરવામાં આવ્યો છે, બાકીનાં તમામ સ્થળોએ પણ પાણીનો નિકાલ ઝડપથી પૂર્ણ કરવા માટે આયોજનબદ્ધ કામગીરી કરવામાં આવી રહી છે, તેમ તેમણે જણાવ્યું હતું.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનાં હેલ્થ વિભાગ દ્વારા અત્યાર સુધીમાં જુદા-જુદા વિસ્તારોમાં ૧૦,૦૦૦થી વધારે ફૂડ પેકેટો પહોંચાડવામાં આવ્યાં છે. તેમજ આગામી સમયમાં પણ આ ફૂડ પેકેટ્સને જરૂરિયાત પ્રમાણે લોકો સુધી પહોંચાડવામાં આવશે. ■

## વરસાદને કારણે રાજ્યના ૧,૧૦૯ માર્ગો બંધ, હજારોને સ્થળાંતર કરી બચાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ઘણા ભાગોમાં છેલ્લા ઘણા દિવસોથી મેઘમહેર જોવા મળી રહી છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૭૮.૮૮ મિ.મી વરસાદ નોંધાયો હતો, જેના પરિણામે અહીં અત્યાર સુધીમાં કુલ ૧,૧૩૬ મિ.મી વરસાદ થઈ ચૂક્યો છે, જે ૧૯૯૬-૨૦૨૫ના ૧,૫૪૨ મિ.મીના સરેરાશ વરસાદના ૭૩.૬૭ ટકા જેટલો છે. સૌરાષ્ટ્રમાં સરેરાશ ૭૬૨ મિ.મી સામે અત્યાર સુધીમાં ૨૯૪.૮૦ મીમી એટલે કે ૩૮.૬૮ ટકા અને પૂર્વ મધ્ય ગુજરાતમાં ૮૧૯ મિ.મીની સરેરાશ સામે ૨૯૪.૩૭ મિ.મી એટલે કે ૩૫.૯૪ ટકા વરસાદ નોંધાયો છે. ઉત્તર ગુજરાતમાં ૭૩૦ મીમીની સરેરાશ સામે માત્ર ૧૬૧.૭૭ મિ.મી (૨૨.૧૫ ટકા) અને કચ્છમાં તો ૫૦૦ મિ.મીની સરેરાશ સામે માત્ર ૩૧.૬૦ મીમી એટલે કે ફક્ત ૬.૩૨ ટકા જ વરસાદ થયો છે.

રાજ્યની એકંદર સરેરાશ જોઈએ તો ૯૦૯ મિ.મીની સામાન્ય સરેરાશ સામે અત્યાર સુધીમાં ૪૧૬.૬૫ મિ.મી વરસાદ નોંધાયો છે, જે કુલ સરેરાશ વરસાદના ૪૫.૮૪ ટકા જેટલો છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૩૦,૭૩૬ લોકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે, જ્યારે ૩,૦૨૧ લોકોનું રેસ્ક્યૂ કરીને બચાવી લેવામાં આવ્યા હતા. વલસાડમાં ૪, નવસારીમાં ૩, સુરત અને અમદાવાદમાં ૨, કચ્છ, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, અમરેલી, બનાસકાંઠામાં એક-એક મળીને કુલ ૧૭ એનડીઆરએ ની ટીમ તૈનાત રાખવામાં આવી છે. જ્યારે સુરતમાં ૫, વલસાડમાં ૪, નવસારીમાં ૩, પંચમહાલ,તાપી, અને અમદાવાદમાં ૨, વડોદરામાં ૧, પાટણ, રાજકોટ, આણંદ, બનાસકાંઠા, ભરૂચ, છોટા ઉદેપુર, ગીર સોમનાથ, જામનગર, જૂનાગઢ, મહોસાગર, મોરબી, નર્મદામાં ૧-૧ મળીને કુલ ૩૧ એસડીઆરએફની ટીમ તૈનાત કરવામાં આવી છે.

રાજ્યમાં ભારે વરસાદને કારણે વીજ વ્યવસ્થાને મોટા પાયે નુકસાન થયું હતું. અહેવાલ અનુસાર, કુલ ૪,૨૮૦ ગામોમાં વીજ પુરવઠાને અસર પહોંચી હતી, જે પૈકી ૩,૯૯૯ ગામોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરી દેવાયો હતો. જ્યારે ૨૮૧ ગામોમાં હજુ પણ કામગીરી બાકી હતી. કુલ ૮,૬૯૮ ફીડરોને અસર થઈ હતી, જેમાંથી ૭,૭૮૧ ફીડર રિપેર કરી દેવાયા હતા અને ૯૧૭ ફીડર હજુ પેન્ડિંગ હોવાનું જણાવ્યું હતું. છેલ્લા ૨૪ કલાક દરમિયાન વધુ ૮૭૮ ગામોમાં નવેસરથી વીજ પુરવઠાને અસર થઈ હતી, જે પૈકી ૫૯૭ ગામોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

રાજ્યમાં ભારે વરસાદને કારણે અનેક માર્ગો પ્રભાવિત થયા હતા. કુલ ૧,૧૦૯ માર્ગો બંધ હાલતમાં છે, જેમાં ૩૪ સ્ટેટ હાઈવે, ૩૮ અન્ય માર્ગ, ૧,૦૨૬ પંચાયત માર્ગ અને ૮ નેશનલ હાઈવેનો સમાવેશ થાય છે. સૌથી વધુ અસર વલસાડ જિલ્લામાં થઈ હતી, જ્યાં કુલ ૪૦૯ માર્ગો બંધ હતા, જ્યારે નવસારીમાં ૨૪૭ અને સુરતમાં ૧૮૨ માર્ગો બંધ હાલતમાં હોવાનું જાણવા મળ્યું હતું. આ ઉપરાંત સુરેન્દ્રનગરમાં ૨૯, અમદાવાદમાં ૩૦ અને તાપીમાં ૧૩૯ માર્ગો પણ બંધ થયા હતા. અગાઉની સ્થિતિએ કુલ ૧,૨૨૬ માર્ગો બંધ હતા, જે પૈકી અત્યાર સુધીમાં ૧૭૬ માર્ગો પુનઃ શરૂ કરવામાં આવ્યા હતા, જ્યારે નવેસરથી ૫૯ માર્ગો બંધ થતાં હાલમાં કુલ ૧,૧૦૯ માર્ગો બંધ હોવાનું તંત્રએ જણાવ્યું હતું. ■

## અમદાવાદ-રાજકોટ હાઈવે બંધઃ વાહનોને ધોલેરા એક્સપ્રેસ-વે તરફ વાળ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શુક્રવારે પણ ગુજરાતમાં ભારે વરસાદ ચાલુ રહ્યો હતો, જેના કારણે બાવળા નજીક અમદાવાદ-રાજકોટ મુખ્ય ભાગ વરસાદી પાણીથી ભરાઈ ગયો હતો અને રસ્તા પર પાણી ભરાઈ ગયાં હતાં. બગોદરા અને સનાથલ વચ્ચે હાઇવે બંધ કરવામાં આવ્યો છે, જેના કારણે રાજ્યના વ્યસ્ત હાઈ વે પર ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, અધિકારીઓએ હાઇવેને અસ્થાયી રૂપે બંધ કરી દીધો હતો અને ધોલેરા એક્સપ્રેસ વે દ્વારા ટ્રાફિકને ડાયવર્ટ કરવાની જાહેરાત કરવી પડી હતી.

અમદાવાદ ગ્રામીણ પોલીસે ટ્રાફિક એડવાઇઝરી જારી કરીને વાહનચાલકોને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા વિનંતી કરી હતી. અમદાવાદથી રાજકોટ જતાં વાહનોને સનાથલ-અમદાવાદ ધોલેરા એક્સપ્રેસવે-વેજલકા ઇન્ટરસેક્શન-બગોદરા ડાયવર્ટ કરવામાં આવ્યાં છે. તેવી જ રીતે, રાજકોટથી અમદાવાદ તરફ આવતાં વાહનોને બગોદરા-વેજલકા ઇન્ટરસેક્શન-અમદાવાદ ધોલેરા એક્સપ્રેસવે-સનાથલ રૂટ લેવા સલાહ આપવામાં આવી હતી.

પોલીસે વાહનચાલકોને બિનજરૂરી મુસાફરી ટાળવા, સાવધાનીપૂર્વક વાહન ચલાવવા અને ડાયવર્ઝન રૂટ અનુસાર તેમની સલામતીને પ્રાથમિકતા આપવા અપીલ કરી હતી.

ભારે વરસાદને કારણે હાઇવેના ઘણા ભાગો પાણીથી ભરાયેલા હોવાથી તેમણે મુસાફરોને વધારાની સાવધાની રાખવાની પણ સલાહ આપી હતી.

દરમિયાન, બાવળાના ગેલોપ્સ પાર્ક નજીક લગભગ ૯૦૦ લોકો પૂરના પાણીમાં ફસાયા હતા. પોલીસ અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ)ની ટીમોએ યુદ્ધના ધોરણે બચાવ કામગીરી શરૂ કરી હતી અને ફસાયેલા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડ્યા હતા. ■

## સૌરાષ્ટ્ર પર મેઘરાજા મહેરબાનઃ થાનગઢ-વાંકાનેરમાં છ ઈંચથી વધુ વરસાદ

અમદાવાદઃ ગુજરાતના અન્ય જિલ્લાઓની સાથે સૌરાષ્ટ્રમાં પણ મેઘમહેર જોવા મળી હતી. રાજ્ય ઇમરજન્સી ઓપરેશન સેન્ટરનાના અહેવાલ મુજબ સૌરાષ્ટ્ર વિસ્તારમાં પણ સારો એવો વરસાદ નોંધાયો હતો. સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકામાં સૌથી વધુ ૬.૪૬ ઈંચ વરસાદ પડ્યો હતો, જ્યારે મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકામાં ૧૫૮ ૬.૨૨ ઈંચ, મોરબી તાલુકામાં ૩.૭૮ ઈંચ વરસાદ નોંધાયો હતો. અમરેલી જિલ્લાના લીલિયા તાલુકામાં પણ ૩.૬૬ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. રાજકોટ જિલ્લામાં જામકંડોરણા તાલુકામાં ૨.૪૮ ઈંચ, જેતપુર તાલુકામાં ૧.૧૪ ઈંચ નોંધાયો હતો. અમરેલી તાલુકામાં ૨.૯૯ ઈંચ, કુકાવાવ વડિયામાં ૨.૮ ઈંચ અને બગસરામાં ૨.૫૬ ઈંચ વરસાદ પડ્યો હતો. સુરેન્દ્રનગર જિલ્લામાં ચોટીલા તાલુકામાં ૨.૨૮ ઈંચ અને દસાડામાં ૧.૮૧ ઈંચ) વરસાદ નોંધાયો હતો.

રાજકોટ જિલ્લામાં ભારે વરસાદને પગલે અનેક જળાશયો ભરપૂર થયા હતા. લાલપરી ડેમ હાલ ૮૦ ટકા ભરાયો હતો અને તેમાં ૧૮૩ ક્યુસેક પાણીની સતત આવક ચાલુ હોવાથી ઓવરફ્લોની શક્યતાને પગલે નવાગામ, બેડી અને નદીકાંઠાના વિસ્તારોના નાગરિકોને સાવચેત રહેવા તથા જરૂર જણાય તો સલામત સ્થળે ખસી જવા સૂચના અપાઈ હતી. સુરવો ડેમ પણ ૯૦ ટકા ભરાઈ ચૂક્યો હતો અને તેમાં ૧,૫૪૪ ક્યુસેક પાણીની આવક ચાલુ રહેતાં ગમે ત્યારે ડેમ ઓવરફ્લો થવાની શક્યતા સર્જાતા જેતપુર તાલુકાના થાણાગાલોળ, ખીરસરા અને ખજુરી ગુંદાળા ગામોના લોકોને પણ સાવચેત રહેવા અને નદીના પટમાં અવરજવર ન કરવા વિનંતી કરવામાં આવી હતી. ■

## વરસાદી આફતો વચ્ચે અમદાવાદ મેટ્રો બની વરદાન, એક જ દિવસમાં ૧.૭૫ લાખ પ્રવાસીએ કરી મુસાફરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુરુવારે શહેરમાં ભારે વરસાદ પડ્યો હતો અને અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી રોડ ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. ટ્રાફિક જૅમ અને ધીમી ગતિએ ચાલતા વાહનો વચ્ચે, મોટી સંખ્યામાં મુસાફરોએ અમદાવાદ મેટ્રો રેલની મુસાફરી પસંદ કરી હતી. સામાન્ય દિવસની સરખામણીમાં મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો

અમદાવાદ મેટ્રો રેલ દરરોજ ૩૯૭ અપ અને ડાઉન ટ્રીપ ચલાવે છે. ગુરુવારે શહેરમાં ભારે વરસાદને કારણે રોડ ટ્રાન્સપોર્ટેશનને ભારે અસર થઈ હતી. જેના કારણે લગભગ ૧.૭૫ લાખ મુસાફરોએ મેટ્રો રેલનો ઉપયોગ કર્યો હતો. ટુ વ્હિલર અને ફોર વ્હીલર ચાલકોને પોતાનાં વાહનો રસ્તા પર મૂકવાની ફરજ પડી હતી. એએમટીએસ અને બીઆરટીએસની સેવા પણ ઘણી ધીમી હતી અને અમુક રૂટસ રદ કરવા આવ્યા હતા. આથી મેટ્રો મુસાફરો માટે વરદાન સાબિત થઈ હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, આજે સવારે ૬ થી સાંજે ૮ વાગ્યા દરમિયાન શહેરમાં સરેરાશ ૮ ઇંચ વરસાદ પડ્યો હતો. શહેરના ઘણા ભાગોમાં ભારે વરસાદ પડ્યો હતો, જેમાં દક્ષિણ પશ્ચિમ ઝોન, બોપલ, બાકરોલ, સરખેજ, જોધપુર અને અન્ય વિસ્તારોનો સમાવેશ થાય છે, તેમાં સૌથી વધુ ૩૨૦.૨૯ મીમી (૧૨.૬ ઇંચ) સરેરાશ વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદને કારણે ઘણા મુખ્ય રસ્તાઓ અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં હતાં. લોકોએ પાંચથી દસ કિલોમીટર પાણીમાં ચાલવાની ફરજ પડી હતી. રસ્તા પર ઝાડ પડી ગયા હોવાને કારણે અને પાણી ભરાઈ ગયાં હોવાને કારણે ટ્રાફિક જૅમ સર્જાયો હતો. જે રૂટ અડધી કલાકમાં પૂરો થતો હોય તેને પસાર કરતા લગભગ બે કલાકથી પણ વધારે સમય લાગી ગયો હતો. ■

## નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ પૂરગ્રસ્ત વલસાડની મુલાકાત લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વલસાડ જિલ્લામાં પૂરની પરિસ્થિતિને પગલે ભારે તારાજી સર્જાતા નાયબ મુખ્ય પ્રધાન હર્ષભાઈ સંઘવી ગુરુવારે મોડી રાત્રે વલસાડની મુલાકાતે પહોંચ્યા હતા. તેમણે જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લામાં પૂરની સ્થિતિ દરમિયાન વહીવટી તંત્ર દ્વારા થયેલી કામગીરી અને વર્તમાન સ્થિત અંગે સમીક્ષા કરી હતી. આ બેઠકમાં રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પ્રધાન કનુભાઈ દેસાઈ હાજર રહ્યા હતા. જિલ્લા કલેકટર નીતિન સાંગવાને ગુરુવારના રોજ જિલ્લામાં અને ખાસ કરીને ઉમરગામમાં એક જ દિવસમાં ઈતિહાસમાં સૌથી વધુ ૧૦૬૪ મી.મી. એટલે કે, ૪૨.૫૬ ઈંચ પડવા અંગે અને સિઝનનો સૌથી વધુ વરસાદ કપરાડા તાલુકામાં ૨૫૬૬ મી.મી. એટલે કે, ૧૦૨.૬૪ ઈંચ પડવા અંગે માહિતી આપી હતી. ધોધમાર વરસાદ અને મધુબન ડેમમાંથી પાણી છોડવામાં આવતા નદીઓ બંને કાંઠે વહી હતી. જેને પગલે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતાં એક જ દિવસમાં ૧૨,૩૭૬ લોકોને સુરક્ષિત જગ્યાએ સ્થળાંતર કરવામાં જિલ્લા વહીવટી તંત્રએ સફળતા મેળવી હતી. આ તબક્કે સંઘવીએ ખાસ ઉલ્લેખ કરતા જણાવ્યું કે, મોટી દુર્ઘટના કે પછી એક પણ મૃત્યુ વિના તમામ લોકોને સલામત રીતે સ્થળાંતર કરવાની અને રેસ્કયુ કરવાની પડકારજનક કામગીરી ટીમ વલસાડે સુપેરે નિભાવી છે. તેમણે વધુમાં જણાવ્યું કે, નીચાણવાળા વિસ્તારમાં પૂરના પાણી ઓસરતા સૌથી મોટી અને મહત્ત્વની કામગીરી હવે સાફ સફાઈ અને દરેક નાગરિકના સ્વાસ્થ્યની દરકાર લેવાની રહેશે. સાફ સફાઈ માટે જરૂરી મેન પાવર અને જેસીબી તેમજ ટ્રક સહિતની સાધન સામગ્રી ઉપલબ્ધ કરાવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ સિવાય પાલિકાને વધારાના હંગામી સ્ટાફ રોકી યુદ્ધના ધોરણે સફાઈ કરી ગંદકીના થર ઉલેચવા માટે માર્ગદર્શન આપ્યું હતું. આ દરમિયાન ઉમરગામ વિસ્તારમાં પણ સાફ સફાઈ અંગે વિશેષ ભાર મુકયો હતો. પાલિકા દ્વારા ડોર ટુ ડોર કચરાનો નિકાલ કરવામાં આવે અને જ્યાં અસરગ્રસ્ત વિસ્તાર વધુ હોય ત્યાં આરોગ્ય ચેકઅપ માટે કેમ્પ લગવવા માટે તેમણે જણાવ્યું હતું. રોગચાળો ન ફેલાય તે માટે ઘર વખરીનો તમામ સામાન અને સડેલા અનાજનો જથ્થો સુવ્યવસ્થિ ઢબે નિકાલ કરવા માટે જણાવ્યું હતું.

પાણી ઓસર્યા બાદ પૂર અસરગ્રસ્તોને ત્વરિત કેશડોલ્સ અને રાશનની કીટ મળી રહે તેવી વ્યવસ્થા તાત્કાલિક ધોરણે ગોઠવવા માટે તંત્રને આદેશ કર્યા હતા. આ કામગીરીમાં કોઈ પણ દૂર ગામનો છેવાડાનો વ્યકિત સહાયથી વંચિત ન રહી જાય તેનું ખાસ ધ્યાન રાખવા જણાવ્યું હતું. ■

## મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અતિવૃષ્ટિગ્રસ્ત બોપલ વિસ્તારની મુલાકાત લીધી

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે શુક્રવારે સવારે અતિવૃષ્ટિગ્રસ્ત બોપલ વિસ્તારની મુલાકાત લીધી હતી. તેમની સાથે આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલ તથા અમદાવાદ શહેરના મેયર હિતેશભાઈ બારોટ પણ જોડાયા હતા.

ભારે વરસાદને કારણે બોપલ વિસ્તારમાં સર્જાયેલી જળબંબાકારની સ્થિતિનું ભૂપેન્દ્ર પટેલે સ્થળ પર પહોંચી નિરીક્ષણ કર્યું હતું અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તેમણે પોતે પાણીમાં ઊતરીને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી અને સ્થાનિક નાગરિકો સાથે સીધો સંવાદ કર્યો હતો.

જનજીવન જેમ બને તેમ ઝડપથી સામાન્ય થાય તે માટે તાકીદના પગલાં લેવાની સૂચના તેમણે અધિકારીઓને આપી હતી. ■

## ભાવનગર રેલવે મંડળના સતર્ક લોકોપાઇલટે સિંહને ટ્રેનની અડફેટે આવતાં બચાવ્યો

### એપ્રિલથી અત્યાર સુધીમાં ૩૨ સિંહને બચાવાયા

ભાવનગરઃ રેલવે ટ્રેક પર સિંહના મૃત્યુના ઘણા બનાવો બને છે, પરંતુ તેની સાથે લોકો પાઇલટની સતર્કતાને કારણે ઘણા સિંહોના જીવ પણ બચે છે. આવા જ એક બનાવમાં ફરી એક સિંહને ટ્રેનની અડફેટે આવતા બચાવાયો હોવાની માહિતી મળી હતી.

તા. ૨૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ લોકો પાઇલટ ચંદન કુમાર તથા સહાયક લોકો પાઇલટ મોહમ્મદ શિબ્લી ટ્રેન નં. ૫૨૯૫૫ વેરાવળજૂનાગઢ પેસેન્જરનું સંચાલન કરી રહ્યા હતા. આ દરમિયાન સાસણ ગીરકાંસિયાનેશ રેલવે રૂટ નજીક અચાનક એક સિંહ રેલવે ટ્રેક પર જોવા મળ્યો હતો. પરિસ્થિતિની ગંભીરતા સમજી લોકો પાઇલટે તાત્કાલિક સૂઝબૂજ અને સતર્કતાનો પરિચય આપતાં ઇમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને સુરક્ષિત રીતે રોકી દીધી હતી, જેના કારણે સિંહ સંભવિત અકસ્માતમાંથી બચી ગયો હતો.

ત્યારબાદ લોકો પાઇલટે તરત જ ટ્રેન મેનેજર (ગાર્ડ)ને ઘટનાની જાણ કરી. વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર જે. જી. પરમાર ઘટનાસ્થળે પહોંચ્યા અને સિંહને સુરક્ષિત રીતે રેલવે ટ્રેક પરથી દૂર ખસેડવામાં આવ્યો હતો. પરિસ્થિતિ સામાન્ય બન્યા બાદ લોકો પાઇલટને ટ્રેનને ફરીથી પ્રસ્થાન કરવાની મંજૂરી આપવામાં આવી અને ટ્રેનને સાવચેતીપૂર્વક તેને આગળ રવાના કરવામાં આવી હતી. રેલવેએ આપેલી માહિતી અનુસાર પશ્ચિમ રેલવેના ભાવનગર રેલવે મંડળ દ્વારા એશિયાટિક સિંહો તેમજ અન્ય વન્યજીવોની સુરક્ષા માટે સતત અસરકારક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. લોકો પાયલટોની સજાગતા તેમજ વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકરો સાથેના સુમેળભર્યા સંકલનના પરિણામે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ ૧૫૯, વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ૧૨૯ તથા વર્તમાન વર્ષ ૨૦૨૬-૨૭માં એપ્રિલ મહિનાથી અત્યાર સુધીમાં ૩૨ સિંહોને સુરક્ષિત રીતે બચાવવામાં સફળતા મળી છે. ■

## કોમનવેલ્થ ગેમ્સ

# પેરા પાવરલિફ્ટિંગમાં ભારતને મળી નિરાશા, મેડલ જીતવાથી ચૂક્યા

ગ્લાસગોઃ કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ના બીજા દિવસે પેરા પાવરલિફ્ટિંગમાં ભારત મેડલ જીતવાથી ચૂકી ગયું હતું. અશોક મલિક અને પરમજીત કુમાર મેડલની રેસમાંથી બહાર થઈ ગયા હતા. પુરુષોની લાઇટવેઇટ પેરા પાવરલિફ્ટિંગ ઇવેન્ટમાં ભારતનો પડકાર નિરાશાજનક રીતે સમાપ્ત થયો. બંને ભારતીય પેરા પાવરલિફ્ટર્સ મેડલ જીતવાથી ચૂકી ગયા હતા. અશોક પોતાના અંતિમ પ્રયાસમાં ૨૦૫ કિગ્રા વજન ઉપાડવામાં નિષ્ફળ ગયો અને ચોથા સ્થાને રહ્યો. જોકે, તેણે ૧૪૩.૮ પોઈન્ટ મેળવીને ૨૦૦ કિગ્રાનું પોતાનું શ્રેષ્ઠ વ્યક્તિગત વજન ઉપાડ્યું હતું.

પરમજીત કુમાર છઠ્ઠા સ્થાને રહ્યો હતો. ૧૭૯ કિગ્રાના તેના અંતિમ પ્રયાસને નો-લિફ્ટ જાહેર કરવામાં આવ્યો, જેના પરિણામે ૧૭૬ કિગ્રાનું શ્રેષ્ઠ વજન ઉપાડ્યું હતું જેના કારણે તેને ૧૩૫.૬ પોઈન્ટ મળ્યા હતા. ઈંગ્લેન્ડના માર્ક સ્વાને ગોલ્ડ મેડલ જીત્યો, જ્યારે નાઈજીરિયાના રોલેન્ડ એઝુરુઈકે સિલ્વર મેડલ જીત્યો હતો. બંનેએ ૧૫૩.૯ પોઈન્ટ મેળવ્યા હતા.

મલેશિયાના બોની બુન્યુ ગુસ્ટિને ૧૫૩.૫ પોઈન્ટ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ૨૦૦ કિલોગ્રામના પોતાના શ્રેષ્ઠ વ્યક્તિગત લિફ્ટ છતાં તેનાથી અશોક ૯.૭ પોઈન્ટ પાછળ રહ્યો હતો.

પેરા સ્વિમિંગમાં કાર્તિક (આરવીવીબીકે) બુડિગીના અને અલી ઇમામે પુરુષોની ૧૦૦ મીટર ફ્રીસ્ટાઇલ એસ૧૩ કેટેગરીની ફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું. ■

# ભારતીય સ્વિમર શ્રીહરિ નટરાજ સેમિફાઈનલમાં

ગ્લાસગો : ભારતીય સ્વિમર શ્રીહરિ નટરાજ કોમનવેલ્થ ગેમ્સમાં પુરુષોની ૫૦ મીટર બેકસ્ટ્રોક ઇવેન્ટમાં શુક્રવારે અહીં સંયુક્ત ૧૪મા સ્થાન પર રહેલા સેમિફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું. બે વખતના ઓલિમ્પિયન અને અનેક રાષ્ટ્રીય રેકોર્ડ ધરાવતા નટરાજને ૨૫.૫૨ સેકન્ડનો સમય લાગ્યો હતો. તેણે બર્મુડાના જેક હાર્વે સાથે સંયુક્ત રીતે ૧૪મા સ્થાને રહ્યો હતો. સેમિફાઈનલ માટે હીટથી ફક્ત ૧૬ સ્વિમર્સની પસંદગી કરવામાં આવી છે. નટરાજ પોતાની આઠ ખેલાડીઓ ધરાવતી હીટમાં પાંચમા સ્થાને રહ્યો હતો.

પેરા-સ્વિમિંગમાં ભારતના આરવીવીબીકે બુડિગીના અને ઇમામ અલી પુરુષોની ૧૦૦ મીટર ફ્રીસ્ટાઇલ એસ૧૩ કેટેગરીના ફાઇનલ માટે ક્વોલિફાય થયા હતા. હીટમાં ભાગ લેનારા તમામ આઠ તરવૈયાઓ ફાઇનલમાં પહોંચ્યા હતા.

બુડિગીના તેની હીટમાં ૫૭.૧૦ સેકન્ડના સમય સાથે ત્રીજા સ્થાને રહ્યો, જ્યારે ઇમામ અલી ૧:૦૫.૩૨ સેકન્ડના સમય સાથે આઠમા સ્થાને રહ્યો હતો. એસ૧૩ કેટેગરી એ પેરા સ્વિમિંગ કેટેગરી છે જે ઓછી દ્રષ્ટિ ધરાવતા ખેલાડીઓની છે. ■








**શાનદાર શરૂઆતઃ** ગ્લાસગોમાં રાષ્ટ્રકુળ રમતોત્સવના રંગારંગ ઉદ્ઘાટનમાં ભારતીય ટુકડી, રાજા ચાર્લ્સ અને કેમિલા તથા નૃત્ય રજૂ કરતા ભારતીય કલાકારો. (એજન્સી)



## ક્લાસિફાઈડ


### ૨૦. ધંધાદારી જગ્યા

**Purchase Commercial Premises**
**કાંદિવલી / બોરીવલી (પૂર્વ-પશ્ચિમ) 1000 - 1500 સ્ક્વેર ફૂટ કાર્પેટ Height 12 Ft પ્રથમ / બીજા માળ પર લીફ્ટ સાથે Yogesh Rajgor: 8879503875. (જેપી-૪૫૭૧-એ)**

■ ગંભીર ખરીદદારો માટે ૩૦૦૦ ચો. ફૂટની સુવ્યવસ્થિત ફ્રી હોલ્ડ પ્રીમિયમ માલિકીની મિલકત ખરીદવાની તક જેમ કે જમીન (૨૭૪૯ ચો. ફૂટ) + બંગલો જેમાં ગ્રાઉન્ડ ફ્લોર કોમર્શિયલ સર્ટિફાઈડ (૧૫૮૨ ચો. ફૂટ) છે જે રેસ્ટોરન્ટ, કેફે, બેંક, સુપર માર્કેટ, રેકોર્ડીંગ સ્ટુડિયો, ક્લિનિક્સ, શોરૂમ, પ્રાઈવેટ ઓફિસ, કોર્પોરેટ ઉપયોગી અને વધુ જેવા વ્યવસાયો માટે યોગ્ય છે. પહેલો માળ (૧૧૬૭ ચો. ફૂટ), હાલમાં રેસીડેન્સીયલ બાંદ્રા (પ.)માં સમુદ્ર અને પ્રખ્યાત બેન્ડસ્ટેન્ડ પ્રોમેનેડથી માત્ર થોડા જ પગલાંના અંતરે હિલ રોડ પર આવેલ છે. વોટ્સએપ પર સંપર્ક કરો: ૦૦૧૬૪૭૫૦૦૮૧૩૪, ઈમેલ: Greenbungalowbandra@gmail.com (બી-૧૭૯૦૩)

**ખેતવાડી**
રિલાયન્સ હોસ્પિટલ પાસે, ૧લે માળે, આશરે ૧૨૦૦' કાર્પેટ, ફર્નિશ્ડ, કોમર્શિયલ જગ્યા, જૂના ભાડે, વેચાણથી, રેડી કબજો, 9820034317. (બી-૧૭૯૧૧)

**JUHU/ VILEPARLE/ ANDHERI**
**Exclusive Commercial, High End Glass Facade Bldg. With Ramp And Terrace Garden Choice of Over 10 RERA Registered Projects Offices 500 To 8000 Sqft, Retail Showroom 5000 To 20000 Sqft. Mihir 9819554066. (1192-B)**

**300' CARPET, 125' LOFT**
**Industrial Gala / Office, LBS Marg, Near Chirag Nagar, Ghatkopar West, Rent Kotharibhai 9920298333. (SDB-3429)**

**COMMERCIAL, SPECIALIST**
**Industrial Gala / Offices / Godowns. Buy / Sell / Rent, Ghatkopar Kotharibhai 9920298333. (SDB-3430)**

### ૨૩. મનોરંજન

**પ્રાર્થના** – 4500/-
દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલિયાઃ- 9820889938. (૧૨૬૧-સી)

**બજેટથી પ્રાર્થનાસભા, લગ્નગીત**
સંગીત સંધ્યા, સાંજી, ભજન Babyshower, Anniversary મનસુખભાઈ 9326801860. (૧૨૨૮-ડી)

### ૩૨. જમીન - મિલકત

**ભિવંડી**
ભાડે લાગેલા વેરહાઉસમાં રોકાણ કરો, ઈન્વેસ્ટ 2 Cr., ભાડું 1.5 લાખ દર મહિને. ભદ્રેશ શાહ 9594032111. (૧૨૫૬-એ)

**PLOTS REQUIRED**
**Budget 100-500 CR for A+ category developer minimum 2500 sqr mtr prime location within Bandra to Borivli and south Mumbai Only Mihir 9819554066. (1192-C)**

AVAILABLE ON LEAVE & License Agreement for Office & Godown on Ground Floor 2500 sqft and 1st Floor 500 sqft at 16, Naviwadi, Dadi Seth Agiary Lane, Chira Bazar, Mobile No. 9820028706 / 7574894998. (B-17908)

### ૩૩. ધંધાદારી

**ડિમ્ડ કન્વેયંસ**
**પ્રોપર્ટી કાર્ડ નામ ટ્રાન્સફર, નવા અગ્રીમેન્ટ્સ, વિલ ગિફ્ટ ડીડ, રિલીસ ડીડ (મૃતક મેમ્બરના વારસ માટે ફરજિયાત) રજીસ્ટ્રેશન જેવા કામ માટે અનુભવી અને સમયના પાબંધ ''કાપડિયા એન્ડ કંપની''- 6, સિદ્ધિવિનાયક પ્લાઝા, ચીકુવાડી, શીંપોલી, બોરીવલી (વેસ્ટ). Contact: 9833115909, 28996187. (૧૨૧૨-સી)**

**પાણીની ટાંકીઓ**
મશીનથી કુવા- સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ. યોગી એન્ટરપ્રાઈઝ. 9820776583/ 9892298963. (૧૨૪૦-ડી)

**CONSULTANCY**
Thinks Big.. Positives Performance... Prosperity.. But Investments Must... Rajubhai Sangani, Lilyan House, Bhandar Lane, Mahim - 16. Call - 9821559743. (B-17884)

### ૩૪. ફર્નીચર ફીક્ષ્ચર

**નવા/ જૂના**
સોફા ફર્નિચર રીપેર અને ઈન્ટિરિયર. સંપર્ક કરે 9146007240. (૧૨૪૪-ડી)

**SECOND HAND FUNITURE**
**For Sale: Sofa Set, Dining Table with 6 Chairs, 3 Double Beds, 3 Matteraces, 3 Godrej Cupboards etc. Address: Flat No. 52, Peacock Palace, 5th Fl., Warden Rd, Opp. Amarsons Garden, Mumbai. Visiting Timing 10 am - 12 pm only. (1258-A)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ACE પેસ્ટીસાઇડ**
(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદીવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૨૦૪-સી)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' : ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૨૨૧-એ)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૮૫૯)

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ-9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# ડૉપિંગઃ મહિલા જૂડો ખેલાડી તુલિકા માન કૉમનવેલ્થમાંથી આઉટ

નવી દિલ્હીઃ નેશનલ એન્ટિ-ડોપિંગ એજન્સી (નાડા) એ બર્મિંઘમ ૨૦૨૨ કોમનવેલ્થ ગેમ્સની સિલ્વર મેડલ વિજેતા મહિલા જૂડો ખેલાડી તુલિકા માનને છેલ્લા ૧૨ મહિનામાં ત્રણ વખત તેણીના રહેઠાણની જાણકારી ન જણાવવા બદલ કામચલાઉ સસ્પેન્ડ કરી દીધી છે, જેના કારણે તેણીને ગ્લાસગોમાં ચાલી રહેલી કોમનવેલ્થ ગેમ્સ માટે ભારતીય ટીમમાંથી બહાર કરી દેવાઈ છે. તુલિકાએ ૨૦૨૨ બર્મિંગહામ કોમનવેલ્થ ગેમ્સમાં ૭૮ કિગ્રા+ કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો હતો અને આ વખતે પણ તે મેડલની મજબૂત દાવેદાર હતી.

એક જૂડો કોચે નામ ન આપવાની શરતે પીટીઆઈને જણાવ્યું હતું કે, ''તેણી ૧૨ મહિનામાં ત્રણ વખત તેના રહેઠાણની માહિતી આપવામાં નિષ્ફળ ગઈ હતી અને નાડાએ તેને નોટિસ મોકલી છે. તેથી તેણીને ટીમમાંથી હાંકી કાઢવામાં આવશે.''

ગુરુવારે અન્ય એક ભારતીય જૂડોનો ખેલાડી અરુણ કુમાર (૭૩ કિલોગ્રામથી ઓછા વર્ગ) ને પણ બહાર કરી દેવામાં આવ્યો હતો કારણ કે તે સ્પર્ધાની બહાર કરવામાં આવેલા ડોપ ટેસ્ટમાં નિષ્ફળ રહ્યો હતો. ભારતીય જૂડો ટીમ હજુ સુધી કોમનવેલ્થ ગેમ્સ માટે રવાના થઈ નથી, કારણ કે તેની સ્પર્ધાઓ ૩૧ જુલાઈથી શરૂ થશે. ટીમના જૂડો ખેલાડીઓ ૨૭ જુલાઈએ રવાના થવાના છે. ■

# કોમનવેલ્થની ઑપનિંગ સેરેમનીમાં મીરાબાઇ ચાનુ, લવલીનાએ કર્યું ભારતીય ટીમનું નેતૃત્વ

ગ્લાસગોઃ કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ની ઓપનિંગ સેરેમની સ્કોટલેન્ડના ગ્લાસગોમાં યોજાઈ હતી. ભારત તરફથી વેટલિફ્ટર મીરાબાઈ ચાનુ અને બોક્સર લવલીના બોરગોહેને તિરંગા સાથે ટુકડીનું નેતૃત્વ કર્યું હતું. ઓપનિંગ સેરેમનીમાં સ્કોટલેન્ડના વારસાને પ્રદર્શિત કરવામાં આવ્યો, જેમાં મહાસાગરોને પ્લાસ્ટિક મુક્ત કરવાનો સંદેશ પણ સામેલ હતો.

કિંગ ચાર્લ્સ ત્રીજાએ જણાવ્યું હતું કે બેટનમાં મહાસાગરો અને જળમાર્ગોને પ્લાસ્ટિક પ્રદૂષણથી મુક્ત કરવાના પ્રયાસોને આગ્રહ કરતો વધારાનો સંદેશ પણ હતો. ઓપનિંગ સેરેમની ખુલ્લા સ્ટેડિયમને બદલે ૧૪,૩૦૦ લોકોની ક્ષમતાવાળા ઇન્ડોર સ્ટેડિયમમાં યોજાઈ જે કોમનવેલ્થ ગેમ્સના ઇતિહાસમાં પહેલી વાર હતું.

ભારતે ૧૨૫ સભ્યોનું દળ મોકલ્યું છે જે ૧૩ રમતો (પેરા-ગેમ્સ સહિત) માં ભાગ લેશે. આ વર્ષની સ્પર્ધામાં અગાઉની સરખામણીમાં રમતોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. ભારતીય ખેલાડીઓ કોમનવેલ્થમાં પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખવાની આશામાં ગ્લાસગો પહોંચ્યા છે. ■

# એશિયન ગેમ્સમાં ભારતીય ટીમો સીધી ક્વૉર્ટર ફાઇનલમાં

### ભારત અને પાકિસ્તાન વચ્ચે થઇ શકે છે મુકાબલો

નવી દિલ્હીઃ જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સના ક્વૉર્ટર ફાઇનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત અને પાકિસ્તાનની પુરુષ અને મહિલા ક્રિકેટ ટીમને ક્વૉર્ટર ફાઈનલમાં સ્થાન મળ્યું છે. ભારતીય મહિલા ટીમ જાપાન સામે પોતાનું અભિયાન શરૂ કરશે, જ્યારે પુરુષ ટીમનો સામનો પ્રારંભિક રાઉન્ડ પછી નક્કી થશે. ભારતીય મહિલા ટીમ સેમિફાઇનલમાં બાંગ્લાદેશ અથવા ચીનનો સામનો કરશે. ભારતીય પુરુષ ટીમ સેમિફાઇનલમાં પાકિસ્તાનનો સામનો કરી શકે છે. એશિયન ગેમ્સમાં પુરુષ ક્રિકેટ સ્પર્ધા ૨૪ સપ્ટેમ્બરથી શરૂ થશે, જેની ફાઇનલ ૧ ઓક્ટોબરે રમાશે. મહિલા કેટેગરીની સ્પર્ધા ૧૭ થી ૨૨ સપ્ટેમ્બર સુધી ચાલશે. ભારતીય મહિલા ટીમ ફાઇનલમાં પાકિસ્તાનનો સામનો કરી શકે છે. પુરુષોની સ્પર્ધામાં દસ ટીમો ભાગ લઈ રહી છે. પ્રાથમિક રાઉન્ડમાં ગ્રૂપ-એમાં અફઘાનિસ્તાન, જાપાન અને નેપાળનો સમાવેશ થશે અને ગ્રૂપ-બીમાં હોંગકોંગ, ચીન, મલેશિયા અને ઓમાનનો સમાવેશ થશે. બંને સ્પર્ધાઓ આઈચી પ્રીફેક્ચરના કોરોજી એથ્લેટિક પાર્ક ખાતે ટી-૨૦ ફોર્મેટમાં રમાશે. શ્રેયસ ઐય્યર ભારતીય પુરુષ ટીમની કેપ્ટનશિપ કરશે જ્યારે હરમનપ્રીત કૌર ભારતીય મહિલા ટીમનું નેતૃત્વ કરશે. ક્રિકેટ ચોથી વખત એશિયન ગેમ્સ કાર્યક્રમનો ભાગ છે. ■

# આજે ઝિમ્બાબ્વે સામે બીજી ટી-૨૦ મેચ, સિરીઝ જીતવાનો પ્રયાસ કરશે ટીમ ઈન્ડિયા

હરારે : કેપ્ટન શ્રેયસ ઐયરની કેપ્ટનશિપ હેઠળ ભારત શનિવારે ઝિમ્બાબ્વે સામે બીજી ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમશે. ભારત આ મેચ જીતીને સિરીઝ જીતવાનો પ્રયાસ કરશે. ઝિમ્બાબ્વેના પ્રવાસે આવેલી યુવા ભારતીય ક્રિકેટ ટીમે પોતાના અભિયાનની મજબૂત શરૂઆત કરી છે. ત્રણ મેચની ટી૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણીની પહેલી મેચમાં શાનદાર જીત બાદ ભારતીય ટીમ હવે શ્રેણી જીતવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. પહેલી મેચ જીતીને ભારતે શ્રેણીમાં ૧-૦થી લીડ મેળવી લીધી છે. ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે શ્રેણીની બીજી ટી-૨૦ મેચ શનિવાર, ૨૫ જુલાઈના રોજ સાંજે સાડા ચાર વાગ્યે રમાશે.

યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીના ૧૯ બોલમાં ૫૦ રન અને મયંક યાદવની ધમાકેદાર બોલિંગ (ચાર ઓવરમાં ૨/૧૮) એ ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ઝિમ્બાબ્વેના ઘરઆંગણે તાજેતરના સારા પ્રદર્શનને ધ્યાનમાં રાખીને આ જીત પણ મહત્ત્વપૂર્ણ છે. સૂર્યવંશીની અડધી સદી, ઇશાન કિશનના ૩૫ અને કેપ્ટન ઐયરના અણનમ ૨૮ રનની મદદથી ભારતે સાત વિકેટ બાકી રહેતા ૧૨૬ રનનો લક્ષ્યાંક સરળતાથી હાંસલ કરી લીધો હતો. અભિષેક શર્માએ પ્રથમ મેચમાં સારું પ્રદર્શન કર્યું નહોતું. સૂર્યવંશીએ ટી૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં અડધી સદી ફટકારનાર સૌથી યુવા ખેલાડી બનવાનો રેકોર્ડ બનાવ્યો હતો. આ યુવા બેટ્સમેન માટે એક મોટી રાહત હશે, કારણ કે ઇંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન તે કાંઈ ખાસ કરી શક્યો નહોતો.

જોકે, ભારતીય ટીમ મેનેજમેન્ટ બેટિંગના પ્રભાવશાળી પ્રદર્શન કરતાં યુવા ઝડપી બોલિંગ આક્રમણના સામૂહિક પ્રયાસથી વધુ ખુશ થશે. વીવીએસ લક્ષ્મણ આ શ્રેણી માટે મુખ્ય કોચ તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે. ફાસ્ટ બોલર પ્રિન્સ યાદવે પણ આ મેચમાં સારું પ્રદર્શન કર્યું, ૨૯ રન આપીને બે વિકેટ લીધી હતી. અશોક શર્માએ પણ તેની ગતિથી પ્રભાવિત કર્યા પરંતુ વિકેટ મળી નહોતી.

પરંતુ સૌથી મોટી સિદ્ધિ જમણા હાથના ઝડપી બોલર મયંકની ક્રિકેટમાં સફળ વાપસી છે. તે ઈજાને કારણે લગભગ બે વર્ષ સુધી ક્રિકેટથી દૂર રહ્યો હતો. ઝિમ્બાબ્વેને પાવરપ્લેમાં ઘણી બધી વિકેટ ગુમાવવાનો અફસોસ થશે. ■

# એશિઝ ટેસ્ટ ભારતમાં યોજવા માગે છે ઑસ્ટ્રેલિયા

મેલબર્નઃ આ વર્ષના અંતમાં ચેન્નઈમાં બિગ બેશ લીગનું આયોજન કર્યા પછી ક્રિકેટ ઓસ્ટ્રેલિયા ભવિષ્યમાં ભારતમાં એશિઝ ટેસ્ટનું આયોજન કરવાનું વિચારી રહ્યું છે. જોકે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના ચીફ એક્ઝિક્યુટિવ ટોડ ગ્રીનબર્ગે હાલમાં કોઈપણ યોજનાનો ઇનકાર કર્યો હતો. ઓસ્ટ્રેલિયા ડિસેમ્બરમાં ચેન્નઈમાં બિગ બેશ લીગની પહેલી મેચનું આયોજન કરશે.

ગ્રીનબર્ગે કહ્યું હતું કે, ''અમારા ઇંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ અને બીસીસીઆઈ સાથે મજબૂત સંબંધો છે. સ્પષ્ટપણે કેટલાક અન્ય ક્ષેત્રોમાં ભારતમાં વધુ કન્ટેન્ટ લાવવાની જરૂર છે. હાલમાં કોઈ યોજના નથી પરંતુ તેના પર વિચાર કરી શકાય છે. ભારત, ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ ટીમ હજુ પણ ખૂબ મજબૂત છે. અમે તેને વધુ મજબૂત બનાવવા માટે કામ કરવાનું ચાલુ રાખીશું.''

ગ્રીનબર્ગે એમ પણ કહ્યું કે વ્યસ્ત ક્રિકેટ શેડ્યૂલ આ પ્રસ્તાવની વચ્ચે આવી શકે છે જેના માટે ત્રણેય સંસ્થાઓ વચ્ચે નોંધપાત્ર આયોજન સંબંધિત સંકલનની જરૂર પડશે. ■

# ભારતમાં ફૉર્મ્યુલા-વન રેસની વાપસીની તૈયારી

નવી દિલ્હીઃ રમતગમત મંત્રાલયે ફેડરેશન ઓફ મોટર સ્પોર્ટ્સ ક્લબ્સ ઓફ ઈન્ડિયા (એફએમએસસીઆઈ) ને નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન (એનએસએફ) તરીકે અસ્થાયી રીતે માન્યતા આપી છે, જે ફૉર્મ્યુલાવન રેસિંગને ભારતમાં પરત લાવવા માટે સરકાર સાથે કામ કરી રહેલી સંસ્થા છે. સરકાર ફૉર્મ્યુલાવનને ભારતમાં પરત લાવવા માટે પ્રયાસ કરી રહી છે અને આ પગલું મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. તે બંને સંસ્થાઓ વચ્ચે વધુ સારા સંકલનને પ્રોત્સાહન આપશે. એફએમએસસીઆઈએ આ વર્ષે ૧૧ જૂને માન્યતા માટે અરજી કરી હતી.

રમતગમત મંત્રાલયે ૨૩ જુલાઈના રોજ જાહેર કરાયેલા એક નિર્દેશમાં જણાવ્યું હતું કે, ''નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન (એનએસએફ) તરીકે અસ્થાયી માન્યતા માટે એફએમએસસીઆઈની વિનંતી પર વિચાર કર્યા પછી આ પત્ર જાહેર થયાની તારીખથી એફએમએસસીઆઈને એનએસએફ તરીકે અસ્થાયી રીતે માન્યતા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.''

મંત્રાલયે અરિંદમ ઘોષની અધ્યક્ષતા હેઠળના ચેન્નઈ સ્થિત એફએમએસસીઆઈને નેશનલ સ્પોર્ટ્સ એડમિનિસ્ટ્રેશન એક્ટ, ૨૦૨૫ અને તેની જોગવાઈઓ અનુસાર નિર્ધારિત સમયમર્યાદામાં તેના બંધારણમાં સુધારો કરવા જણાવ્યું છે.

૧૯૭૧માં રચાયેલી સંસ્થાને માન્યતા આપવા માટે સરકારે રાષ્ટ્રીય રમતગમત ફેડરેશનનો દરજ્જો પ્રાપ્ત કરવા માટે જરૂરી રાજ્ય એકમોની લઘુતમ સંખ્યા સંબંધિત કેટલાક માપદંડો હળવા કર્યા છે. મંત્રાલયે એમ પણ જણાવ્યું છે કે જો સંસ્થા નાણાકીય અખંડિતતા, ડોપિંગ વિરોધી પગલાં, શાસન માળખું અથવા અન્ય પરિબળો અંગેના તેના માર્ગદર્શિકાનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો તે તેની માન્યતા રદ કરશે. ■

# આઈએસએસએફ વર્લ્ડ કપઃ શૂટર સંયમનું શાનદાર પ્રદર્શન, ૧૦ મીટર એર પિસ્તોલ ઈવેન્ટમાં જીત્યો સિલ્વર મેડલ

હાંગઝોઉઃ ભારતીય મહિલા શૂટર સંયમે આઈએસએસએફ વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. તેણીએ મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ ઇવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો. આ મેડલથી વર્લ્ડ કપમાં ભારતનું ખાતું ખૂલ્યું હતું. સંયમે કુલ ૨૪૩.૪ સ્કોર સાથે મેડલ જીત્યો હતો. આ સંયમનો તેના કરિયરનો બીજો આઈએસએસએફ વર્લ્ડ કપ મેડલ છે. ક્વૉલિફિકેશન રાઉન્ડમાં તેનો સ્કોર ૫૭૯ હતો.

તેણીએ દિલ્હીમાં નેશનલ સિલેક્શન ટ્રાયલ્સમાં ૧૦ મીટર એર પિસ્તોલ ટ્રાયલ ટુમાં ૨૪૩.૧ સ્કોર કર્યો હતો. ચંડીગઢ શૂટર પહેલાથી જ જૂનિયર વર્લ્ડ કપમાં ગોલ્ડ મેડલ જીતી ચૂકી છે. ભારતની સુરુચી ઇન્દર સિંહ પણ આઠ મહિલાની ફાઇનલમાં પહોંચી અને ૧૩૭.૬ પોઇન્ટ સાથે સાતમા સ્થાને રહી હતી. ઓલિમ્પિક મેડલ વિજેતા મનુ ભાકરે ક્વૉલિફિકેશનમાં ૫૮૨ પોઇન્ટ મેળવ્યા હતા. તે આરપીઓ (માત્ર રેન્કિંગ પોઈન્ટ્સ) હેઠળ રમી રહી હતી. ઈશા સિંહ ૧૩મા ક્રમે રહી હતી, જ્યારે લક્ષિતાએ આરપીઓ હેઠળ ૫૭૨ પોઇન્ટ મેળવ્યા હતા. ■

# અમેરિકી ટેરિફ અને પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ વચ્ચે ઈક્વિટી માર્કેટમાં સતત પાંચમાં સત્રમાં પીછેહઠ, સેન્સેક્સમાં વધુ ૩૩૧ પૉઈન્ટનો ઘટાડો

## વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ₹ ૩૮૯૨.૭૭ કરોડની ચોખ્ખી વેચવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ વચ્ચે ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલા તેજીના વલણને કારણે ફુગાવામાં થનારા અપેક્ષિત વધારાની અને અમેરિકી ટૅરિફની નવેસરથી ઊભી થયેલી ચિંતા ઉપરાંત વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સતત પાંચમાં સત્રમાં ઑલ ફોલ ડાઉનનું વલણ જળવાઈ રહ્યું હતું. આજે બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ સત્ર દરમિયાન ૯૧૬.૯૬ પૉઈન્ટ ગબડ્યા બાદ અંતે ૩૩૧.૬૨ પૉઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બેન્ચમાર્ક નિફ્ટી સત્ર દરમિયાન ૨૬૩.૬૦ પૉઈન્ટ ઘટ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૦૨.૧૫ પૉઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે છેલ્લાં પાંચ સત્રમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૨૦૯૧.૬૮ પૉઈન્ટ અથવા તો ૨.૬૭ ટકાનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૫૬૬.૮૫ પૉઈન્ટ અથવા તો ૨.૩૨ ટકાનો કડાકો બોલાઈ ગયો છે.

વધુમાં એક્સચેન્જની આંકડાકીય માહિતી અનુસાર આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૧,૧૨૩.૮૬ કરોડની ખરીદી સામે રૂ. ૧૫,૦૧૬.૬૩ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૩૮૯૨.૭૭ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. જોકે, તેની સામે આજે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૮,૯૫૯.૪૩ કરોડની ખરીદી સામે રૂ. ૧૩,૫૦૫.૮૮ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૫૪૫૩.૫૫ કરોડની ચોખ્ખી ખરીદી રહી હોવાથી બૅન્ચમાર્ક ઈન્ડેક્સમાં ઘટાડો મર્યાદિત માત્રામાં નોંધાયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૬,૩૯૧.૩૯ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૭૫,૭૦૮.૧૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૫,૪૭૪.૪૩ અને ઉપરમાં ૭૬,૨૧૦.૯૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૪૩ ટકા અથવા તો ૩૩૧.૬૨ પૉઈન્ટ ઘટીને ૭૬,૦૫૯.૭૭ના મથાળે બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૩,૮૬૯.૬૦ના બંધ સામે ૨૩,૬૬૬.૩૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૩,૬૦૬.૩૦થી ૨૩,૮૨૩.૬૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૪૩ ટકા અથવા તો ૧૦૨.૧૫ પૉઈન્ટના ઘટાડા સાથે ૨૩,૭૬૭.૪૫ના મથાળે બંધ રહ્યો હતો.

પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ ઉપરાંત ફરીથી અમેરિકી ટૅરિફની ચિંતા સપાટી પર આવતા સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે નરમાઈ આગળ ધપી હતી. જોકે, આજે ક્રૂડતેલના ભાવમાં વધ્યા મથાળેથી સાધારણ નરમાઈ જોવા મળી હોવા છતાં એશિયન બજારોમાં પણ પીછેહઠ જોવા મળી હોવાથી બજારને કળ નહોતી વળી, એમ એનરીચ મનીનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડી આરએ જણાવ્યું હતું.

તે જ પ્રમાણે રેલિગેર બ્રોકિંગનાં સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું કે ભૂરાજકીય તણાવ, ક્રૂડતેલના વધતા ભાવ અને અમુક લાર્જકૅપ કંપનીઓનાં પરિણામો નિરાશાજનક આવ્યા હોવાથી ભારે ચંચળતાને અંતે સતત પાંચમાં સત્રમાં બજારમાં પીછેહઠ જોવા મળી હતી. પશ્ચિમ એશિયાના તણાવને કારણે વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ફરી બેરલદીઠ ૧૦૦ ડૉલરની સપાટી કુદાવી જતાં ફુગાવામાં વધારો થવાની ભીતિ હેઠળ રોકાણકારોનું માનસ ખરડાયેલુ રહ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું. જોકે, આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે ક્રૂડતેલના ભાવ ગઈકાલના બંધ સામે ૩.૬૬ ટકા ઘટીને બેરલદીઠ ૯૬.૯૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

હાલની વૈશ્વિક સ્થિતિને ધ્યાનમાં ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલા વધારાની સ્થાનિક આર્થિક સ્થિતિ પર માઠી અસર પડે તેમ હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન બજારમાં નકારાત્મક વલણ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતાં જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.ના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતાં ઉમર્યું હતું કે ભૂરાજકીય તણાવ ઉપરાંત અમેરિકામાં થતી આયાત સામે ટૅરિફની ચિંતા પણ સપાટી પર આવતા નિકાસલક્ષી અર્થતંત્રો પર માઠી અસર થવાની ભીતિને ધ્યાનમાં લેતા ટેક્નોલૉજી-હેવી માર્કેટો હવે ઊભરતી બજારો પર વિકેન્દ્રિત થાય તેવી શક્યતા જણાય છે.

આજે બીએસઈ ખાતે કુલ ૪૩૮૫ શૅરમાં કામકાજ થયા હતા. જેમાંથી ૧૯૯૯ શૅરના ભાવ વધીને, ૨૧૮૫ શૅરના ભાવ ઘટીને અને ૨૦૧ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ કુલ ૯૩ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૯૯ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. વધુમાં આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૦ શૅરના ભાવ વધીને અને ૨૦ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. આજે મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ એચસીએલ ટેક્નોલૉજીમાં ૨.૦૮ ટકાનો વધારો થયો હતો. ત્યાર બાદ અનુક્રમે આઈટીસીમાં ૦.૭૮ ટકાનો, ટ્રેન્ટમાં ૦.૬૦ ટકાનો, ટીસીએસમાં ૦.૫૨ ટકાનો, એક્સિસ બૅન્કમાં ૦.૪૨ ટકાનો અને ટેક મહિન્દ્રામાં ૦.૪૧ ટકાનો સુધારો આવ્યો હતો. આ સિવાય મુખ્ય ઘટનાર શૅરોમાં બજાજ ફાઈનાન્સમાં ૨.૫૮ ટકાનો, ઈટર્નલમાં ૨.૩૪ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૨.૧૦ ટકાનો, ભારતી એરટેલમાં ૧.૬૬ ટકાનો, એશિયન પેઈન્ટ્સમાં ૧.૧૫ ટકાનો અને ઈન્ફોસિસમાં ૧.૦૩ ટકાનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે બીએસઈ મિડૅપ ઈન્ડેક્સ ૦.૪૬ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૦૮ ટકાના સુધારા સાથે બંધ રહ્યો હતો. તેમ જ આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડાઈસીસમાં ઑટો ઈન્ડેક્સ ૦.૯૬ ટકા, ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સ ૦.૯૦ ટકા, પાવર ઈન્ડેક્સ ૦.૬૭ ટકા, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી અને ઑઈલ ઍન્ડ ગૅસ ઈન્ડેક્સ ૦.૬૫ ટકા, રિઅલ્ટી ઈન્ડેક્સ૦.૫૪ ટકા, મેટલ ઈન્ડેક્સ૦.૫૦ ટકા અને એનર્જી ઈન્ડેક્સ ૦.૩૯ ટકા ઘટીને બંધ રહ્યો હતો, જ્યારે ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સ ૧.૩૦ ટકા, આઈટી ઈન્ડેક્સ ૦.૬૬ ટકા, પીએસયુ બૅન્ક ઈન્ડેક્સ ૦.૬૫ ટકા, મિડસ્મોલ પ્રાઈવેટ બૅન્કસ ક્વૉલિટી ટિલ્ટ ઈન્ડેક્સ ૦.૪૬ ટકા, ઈન્સ્યોરન્સ ઈન્ડેક્સ ૦.૪૩ ટકા અને એફએમસીજી ઈન્ડેક્સ ૦.૨૦ ટકા વધીને બંધ રહ્યો હતો.

# સોનામાં ₹ ૮૨૪નો ઘટાડો, ચાંદી ₹ ૨૪૧ વધી

મુંબઈઃ આજે વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં વધ્યા મથાળેથી સાધારણ ઘટાડો જોવા મળ્યો હોવાથી લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોના અને ચાંદીના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક ઝવેરી બજારમાં પાંખાં કામકાજો વચ્ચે બન્ને કિંમતી ધાતુઓમાં સામસામા રાહ જોવા મળ્યા હતા, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૨૧થી ૮૨૪નો ઘટાડો આવ્યો હતો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૪૧નો ધીમો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં મુખ્યત્વે વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૪૧ના સાધારણ સુધારા સાથે રૂ. ૨,૨૨,૭૨૧ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને જ્વેલરી ઉત્પાદકોની ચાંદીમાં નિરસ માગ રહી હતી. વધુમાં આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૨૦ પૈસા સુધારો આવ્યો હોવાથી આયાત પડતરો ઘટવાથી હાજરમાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૮૨૧ ઘટીને રૂ. ૧,૪૩,૨૦૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૮૨૪ ઘટીને રૂ. ૧,૪૩,૭૮૧ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં પણ રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં એક તબક્કે સોનાના ભાવમાં ૦.૬ ટકાનો ઘટાડો આવ્યા બાદ ક્રૂડતેલમાં પીછેહઠ નોંધાતા ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૪૦૬૧.૩૬ ડૉલર આસપાસ અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ૪૦૬૩.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ પણ ૧.૩ ટકા વધીને ઔંસદીઠ ૫૮.૪૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે ક્રૂડતેલના ભાવમાં ઘટાડા સાથે આજે સોનાના ભાવ નકારાત્મક ઝોનમાંથી સકારાત્મક ઝોનમાં આવ્યા હોવાનું યુબીએસનાં વિશ્લેષક જિઓવન્ની સ્ટૂનોવોએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદર જાળવી રાખશે અને સોનાના ભાવને એકાદ મહિના સુધી ટેકો મળશે. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે હુથીએ રાતા સમુદ્રમાં સઉદી અરેબિયાના તેલના બે ટેન્કર પર હુમલો કર્યો હોવાના અહેવાલ સાથે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ સાત ટકા ઉછળીને બેરલદીઠ ૧૦૦ ડૉલરની સપાટી કુદાવી ગયા હતા.

# રિઝર્વ બૅન્કના સંભવિત હસ્તક્ષેપ વચ્ચે ડૉલર સામે રૂપિયામાં ૨૦ પૈસાનો સુધારો

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો ઈક્વિટીમાં બાહ્યપ્રવાહ, વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવે બેરલદીઠ ૧૦૦ ડૉલરની સપાટી કુદાવી હોવાના નિરુત્સાહી અહેવાલ છતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સંભવિતપણે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનો બજારમાં હસ્તક્ષેપ રહેતાં ડૉલર સામે રૂપિયો ૨૦ પૈસાના સુધારા સાથે ૯૬.૫૩ની સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૬.૭૩ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૬.૮૧ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૬.૮૧ અને ઉપરમાં ૯૬.૩૦ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૨૦ પૈસાના સુધારા સાથે ૯૬.૫૩ના મથાળે બંધ રહ્યો હતો. ગઈકાલે હુથીએ રાતા સમુદ્રમાં સઉદી અરેબિયાના તેલના બે ટેન્કર પર હુમલો કર્યો હોવાના અહેવાલ સાથે ક્રૂડતેલના ભાવે ૧૦૦ ડૉલરની સપાટી કુદાવતા ડૉલર સામે રૂપિયો ૨૦ પૈસા નબળો પડ્યો હતો.

એકંદરે આજે વૈશ્વિક બજારોના પ્રતિકૂળ અહેવાલો છતાં રિઝર્વ બૅન્કે રૂપિયાના ધોવાણને ખાળવા માટે બજારમાં હસ્તક્ષેપ કર્યો હોવાના અહેવાલ તેમ જ અમુક જાહેર ક્ષેત્રની બૅન્કોએ ડૉલરમાં વેચાણ કર્યું હોવાથી રૂપિયામાં સુધારો જોવા મળ્યો હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.ના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી કે વિજયકુમારે જણાવતાં ઉમેર્યું હતું કે આગામી સપ્તાહે ક્રૂડતેલના ભાવમાં ઘટાડો જોવા મળે તો રૂપિયાને સ્થિરિતામાં ટેકો મળશે.

# ખાંડમાં વધુ આઠથી 30નો ઘટાડો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રના ખાંડનાં મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૩૩૦થી ૪૩૭૦માં થયા હોવાના નિર્દેશો હતા. વધુમાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં મથકો પરના નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં રૂ. આઠથી ૧૦નો ઘટાડો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. આમ એકંદરે ખપપૂરતી માગ અને મથકો પરના નિરુત્સાહી અહેવાલે સ્થાનિકમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦ના ઘટાડા સાથે રૂ. ૪૪૭૨થી ૪૫૬૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૫૭૨થી ૪૬૪૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૩૯૫થી ૪૪૩૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૪૭૫થી ૪૫૫૫માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

**પશ્ચિમ રેલવે-રતલામ ડિવિઝન**

નં. EL-૨૦૨૬-૨૭-૧૧ તારીખ ૨૨.૦૭.૨૦૨૬

**ઈ-ટેન્ડરીંગ નોટીસ**

ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/પાવર) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી વેબસાઈટ **www.ireps.gov.in** પર ઈ-ટેન્ડર દ્વારા ''ઓપન ટેન્ડર'' મંગાવે છે. વિગતો નીચે મુજબ છે. ઈ-ટેન્ડર નં.:- EL ૨૦૨૬-૨૭-૧૧. કામનું નામઃ રતલામ ડિવિઝન કોન્ટ્રાક્ટર, નેચર્લ અર્થિંગ અને નેચર્લ સિગ્રેશન સાથે RCCB, RCBO, MMRની જોગવાઈ દ્વારા સુરક્ષામાં સુધારણા. અંદા. મૂલ્યઃ ₹ ૪,૪૫,૮૬,૭૦૧.૬૦. બારડીઃ ₹ ૮,૯૧,૭૦૦/- પૂર્ણતાનો સમયગાળોઃ ૧૨ મહિના. વેબસાઈટ પર અપલોડિંગની તારીખઃ ૨૧.૦૭.૨૦૨૬. ટેન્ડર ખોલવાની તારીખઃ ૧૮.૦૮.૨૦૨૬. વિગતવાર ટેન્ડર નોટીસ પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ **www.ireps.gov.in** પર ઉપલબ્ધ છે. ટેન્ડર ફોર્મની કિંમત NIL છે.

SPAN/7/1/170

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**મુંબઈ પોર્ટ ઓથોરિટી**

**હિતની અભિવ્યક્તિ**

મુંબઈ પોર્ટ ઓથોરિટી માનનીય બોમ્બે હાઇ કોર્ટ, મુંબઈની સિટી સિવિલ કોર્ટ સમક્ષના કે સોનું સંચાલન કરવા અને આર્બિટ્રેશન હાથ ધરવા માટે વકીલો/પેઢીઓની એમ્પેનલમેન્ટ માટે હિતની અભિવ્યક્તિ મંગાવે છે. રસ ધરાવતા વકીલો / પેઢીઓ વધુ વિગતો અને અરજી માટે અમારી વેબસાઈટ https://mumbaiport.gov.in/ની મુલાકાત લઈ શકે છે.

ચીફ લો ઓફિસર
મુંબઈ પોર્ટ ઓથોરિટી

**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

**પબ્લિક નોટીસ**

આથી ખબર આપવામાં આવે છે કે **શ્રી પંકજ અમૃતલાલ શેઠ** (''માલિક'') તમામ બોજાઓથી મુક્તપણે, અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ તેમની પ્રિમાઇસિસ, મારા અસિલને વેચવા, ટ્રાન્સફર અને એસાઈન કરવા માટે વાટાઘાટો કરી રહ્યા છે.

કોઈપણ શખ્સ જે અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વર્ણવેલ પ્રીમાઇસીસ કે તેના કોઈપણ ભાગ પર કે તેમાં વેચાણ, અદલાબદલી, ગીરો, ચાર્જ, ભેટ, ટ્રસ્ટ, વારસો, કબજો, લીઝ, સબ-લીઝ, એસાઈમેન્ટ, ટ્રાન્સફર, ટેનાન્સી, સબ-ટેનાન્સી, બિક્વેસ્ટ, સકસેશન, લાયસન્સ, જાળવણી, લીસ-પેન્ડન્સ, લોન, એડવાન્સીઝ, લીઅન, પ્લેજ, ઓર્ડર્સ, ચુકાદાઓ અથવા કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ અથવા ઈશ્યૂ કરાયેલ ડિક્રિસ, ટેકસ અથવા રેવેન્યૂ અથવા સ્ટેચ્યુટરી ઓથોરીટીઝ, જપ્તી, પતાવટ અથવા બીજી કોઈપણ રીતે કોઈપણ દાવો ધરાવતા હોય તો સદરની જાણ લેખિતમાં નીચે સહી કરનારને નીચે દર્શાવેલ સરનામે, આ તારીખથી ૧૪ દિવસમાં કરે, નહીંતર, એવું માનવામાં આવશે કે કોઈપણ દાવાઓ અસ્તિત્વમાં નથી અને સદર, જો કોઈ હોય તો, ત્યજી દીધેલ અથવા છોડી દીધેલ તરીકે ગણાશે અને મારા અસિલો પ્રિમાઇસિસની ખરીદી સાથેની આગળની કાર્યવાહી કરશે.

ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટઃ

(એ) ભારતીય ફ્રેન્ડ્સ કો-ઓપ. હા. સો. લિ. દ્વારા ઈશ્યૂ કરાયેલ, તા. ૧લી ડિસેમ્બર, ૧૯૫૪ના શેર સર્ટિફિકેટ નં. ૪૭ હેઠળ વિશિષ્ટ નંબરો ૪૬૧ થી ૪૭૦ (બંને સહિત) ધરાવતા, દરેક રૂ. ૧૦૦ના ૧૦ ફુલ્લી પેઈડ-અપ શેર્સ.

(બી) 'B' રોડ, ચર્ચગેટ, મુંબઈ-૨૦ ખાતે સ્થિત સહકાર બિલ્ડીંગના પહેલા માળ પર **ફ્લેટ નં. ૧૨** ભરતમાં ૧,૫૯૮.૨૫ ચો. ફૂટ (કાર્પેટ એરિયા).

(સી) 'B' રોડ, ચર્ચગેટ, મુંબઈ-૨૦ ખાતે સ્થિત ભારતીય ફ્રેન્ડ્સ કો-ઓ. હા. સો. લિ.ના કમ્પાઉન્ડમાં **ગેરેજ નં. ૧૩**, ભરતમાં ૧૫૫ ચો. ફૂટ.

જે ફોર્ટ ડીવીજનના C.S. નં. ૧૭૧૦ ધરાવતી જમીન પર ઉભેલ છે.

**સ્થળઃ** મુંબઈ
**તારીખઃ** ૨૫મી જુલાઈ, ૨૦૨૬.

**મૃગાક્ષી જોશી (Adv.)**
ફ્લેટ નં. ૧, ભોંયતળિયે, સાધના બિલ્ડીંગ, 'B' રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦.
mrugakshi.joshi@gmail.com

## સિટી ન્યૂઝ

# મુંબઈને મળશે પ્રથમ સ્ક્રેપિંગ સેન્ટર

મુંબઈઃ મુંબઈમાં હવે થોડા જ સમયમાં રજિસ્ટર્ડ વાહન સ્ક્રેપિંગ ફેસિલિટી સ્થાપિત કરવામાં આવશે. આ જાહેરાત આઇટી પ્રધાન અને મુંબઈ ઉપનગરના પાલક પ્રધાન આશિષ શેલારે કરી હતી. આ બેઠક દરમિયાન અધિકારીઓને નિર્દેશ આપતા પાલક પ્રધાને કહ્યું હતું કે મુંબઈ પરિવહનની ભીડને ઓછી કરવા માટે બિનઅધિકૃત અને સમયગાળો પૂર્ણ કરી ચૂકેલાં વાહનોનો વૈજ્ઞાનિક રીતે નાશ ને સુનિશ્ચિત કરવા અને રાષ્ટ્રીય વાહનની સ્ક્રેપ નીતિ અસરકારક રીતે લાગુ કરવા માટે આરવીએસએફ સ્થાપિત કરવાના તાત્કાલિક પગલાં ભરવા માટે નિર્દેશ આપવામાં આવ્યો છે.

હાલમાં જાલના, તલોજા, ધારા શિવ, પાલઘર, ભિવંડી અને ખાલાપુરમાં આરવીએસએફ કેન્દ્ર કામ કરી રહ્યાં છે. પરંતુ મુંબઈમાં કોઈ અધિકૃત કેન્દ્ર નથી. પાલક પ્રધાન આશિષ શેલારે જણાવ્યું હતું કે મુંબઈમાં દેશમાં માર્ગના ગુણોત્તરમાં સૌથી વધારે વાહનો છે, જેથી ભારે ટ્રાફિક જામ અને પાર્કિંગની અછત ઊભી થાય છે. આ વાહન સ્ક્રેપિંગ સેન્ટર જાહેર અને અંગત ભાગીદારી અંતર્ગત બીએમસી કે રાજ્ય સરકારની લગભગ પાંચ એકર જમીન પર તૈયાર કરવામાં આવશે. એક અધિકૃત સ્ક્રેપિંગ સેન્ટર બનવાથી સમગ્ર શહેરમાં ફેલાયેલા અનધિકૃત અને બેકાર વાહનોનું વૈજ્ઞાનિક અને પર્યાવરણીય રીતથી નાશ શક્ય બનાવવામાં આવશે. ■

# મૅગીથી ભરેલી ટ્રક નદીમાં પડીઃ ડ્રાઈવરનું મોત

મુંબઈઃ મૅગી નૂડલ્સનું કન્સાઈન્મેન્ટ લઈ જતી ટ્રક ધોધમાર વરસાદને કારણે બે કાંઠે વહેતી રત્નાગિરિની જગબુડી નદીમાં પડતાં ડ્રાઈવરે જીવ ગુમાવ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના બુધવારની સાંજે બની હતી. છેલ્લા અમુક દિવસથી પડતા અનરાધાર વરસાદે રાજ્યના અનેક ભાગોને ધમરોળી નાખ્યા છે, જેને કારણે નદીઓમાં પૂર આવ્યાં છે.

અધિકારીએ જણાવ્યું હતું કે ટ્રક બ્રિજ પરથી આશરે ૧૦૦ ફૂટ નીચે નદીના પાણીમાં પડી હતી. પાણીનો પ્રવાહ વેગીલો હોવાથી ટ્રક ૪૦૦ મીટર સુધી તણાઈ ગઈ હતી અને ડ્રાઈવર અંદર જ ફસાઈ ગયો હતો.

બચાવ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું, પરંતુ પાણીનું વહેણ જોરદાર હતું અને ઊંડું હતું. વળી, ટ્રકની સ્થિતિ એવી અગવડપૂર્ણ હતી કે ડ્રાઈવર સુધી સહેલાઈથી પહોંચી શકાયું નહોતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

કલાકોની જહેમત બાદ બચાવ કામગીરીમાં જોડાયેલાઓ ડૂબી ગયેલી ટ્રકમાંથી ડ્રાઈવરનો મૃતદેહ બહાર કાઢી શક્યા હતા. મૃતકની ઓળખ મેળવવાના પ્રયાસ ચાલી રહ્યા છે. અકસ્માત ચોક્કસ કઈ રીતે થયો તેની તપાસ પોલીસ કરી રહી છે. ■

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

AE/E/૭૬૦૭/SWM/ તા. ૨૪.૦૭.૨૦૨૬

બૃહન્મુંબઈના મ્યુનિસિપલ કમિશનર લાયક બીડરો પાસેથી આઈટમ રેટ ધોરણે નીચેના કામો માટે ઓનલાઈન ઈ-ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ & સમય ટેન્ડર સેક્શન હેઠળ BMC વેબસાઈટ http://mahatenders.gov.in પર વિગતવાર ટેન્ડર નોટિસમાં ઉલ્લેખેલ છે.

**ઈ-ટેન્ડર**

| | |
|---|---|
| વિભાગ : | આસી. એન્જિ. (SWM) E વોર્ડ |
| વિષય : | E વોર્ડમાં SWD મેનહોલ કવર્સ માટે પ્રોટેક્ટિવ સેફ્ટી ગ્રીલ્સની સપ્લાય અને ઈન્સ્ટોલેશન |
| બિડ નં. : | ૨૦૨૬_MCGM_૧૩૨૧૨૦૩ |
| ટેન્ડર ફી : | રૂ. ૩૯૯૩ + ૧૮% GST= (રૂ. ૪૨૮૪) |
| બીડ પ્રારંભ : | તા. ૨૫/૦૭/૨૦૨૬ સ. - બ. ૧૩.૦૦ |
| બીડ અંતિમ : | તા. ૩૧/૦૭/૨૦૨૬ સ. - સાં. ૧૮.૦૦ |
| BMC પોર્ટલ : | http://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ : | A.E. (SWM) E વોર્ડ |
| a) નામ : | શ્રી સંજય એસ. ગવળી |
| b) સંપર્ક નં. (ઓફિસ): | ૮૦૮૯૨૮૯૨૪૦ |
| c) ઇ-મેલ સરનામું : | ae01e.swm@mcgm.gov.in |

ઈચ્છુક ઈ-ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે http://mahatenders.gov.in પર મહાટેન્ડર વેબસાઈટની મુલાકાત લેવી.

ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ/કુરીયર દ્વારા ઈશ્યૂ કે પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

સહી/-
આસી. એન્જિ. (SWM) E વોર્ડ

PRO/908/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**પબ્લિક નોટીસ**

અમારા અસીલોની સૂચનાઓ હેઠળ **આથી ખબર આપવામાં આવે છે કે** અમો અહીં પાછળથી વર્ણવેલ મિલકતમાં મુંબઈના ભારતીય રહેવાસી, **પ્રદીપ ધર્મપાલ મેહરા** (''સદર માલિક'')ના ટાઈટલની તપાસ કરી રહ્યા છીએ.

**આથી વધુ સૂચના આપવામાં આવે** છે કે સદર માલિકે અમારા અસીલો સાથે વિકાસ કરાર કર્યો છે અને અમારા અસીલોની માર્કેટેબલ ટાઈટલ સાથે બોજાઓથી મુક્તપણે ખાલી કબજા સાથે અહીં પાછળથી વર્ણવેલ મિલકતના ડેવલપર્સ તરીકે નિમણૂંક કરેલ છે.

**મિલકતનું વર્ણન**

તેના પર ઉભેલ સ્ટ્રક્ચર સાથે મુંબઈ પરાં જિલ્લાના નોંધણી પેટા- જિલ્લામાં ગામ મોહિલી, કુર્લા અંધેરી રોડ, સાકી નાકા, મુંબઈ- ૪૦૦૦૭૨ ખાતે આવેલ સંબંધિત સિટી સર્વે નં. ૬૯૧A (ભાગ) ૬૯૧/૧A, ૬૯૧/૫ થી ૭, ૬૯૧/૮A, ૬૯૧/૯ થી ૧૧ તથા સર્વે નં. ૧૫, હિસ્સા નં. ૯, ૧૦, ૧૧, ૧૨ અને ૧૩ (ભાગ) અને સર્વે નં. ૫૨, હિસ્સા નં. ૧૭ (ભાગ) ધરાવતા ભરતમાં અંદાજે ૪૫૯૭.૭૦ ચો.મી. વિશાળ જમીનોમાંથી ભરતમાં ૨૫૫૦ ચો.મી. કે તે સુમારે જમીન અથવા મેદાનનો તે **તમામ** ટુકડો અથવા કકડો.

તમામ શખ્સો જે સદર મિલકત કે તેના કોઈપણ ભાગ પર કે તેમાં કે તેની સામે વારસો, કરાર, કોન્ટ્રાક્ટ, વેચાણ, ગીરો, કબજો, ભેટ, લીઝ, લીઅન, ચાર્જ, ટ્રસ્ટ, જાળવણી, ઈઝમેન્ટ અથવા બીજી કોઈપણ રીતે કોઈપણ દાવો ધરાવતા હોય તો, આથી સદરની જાણ લેખિતમાં સમર્થનમાં દસ્તાવેજી પુરાવા સાથે નીચે સહી કરનારને રૂસ્તમ બિલ્ડિંગ, ૧લો માળ, ૨૯, વીર નરીમન રોડ, ફોર્ટ, મુંબઈ-૨૩ ખાતે તેમની ઓફિસ ધરાવનારને આ છપાયાની તારીખથી ૧૪ દિવસમાં કરે, અન્યથા એવું માનવામાં આવશે કે ત્યાં કોઈ દાવાઓ નથી અને/ અથવા સદરને ત્યજી દિધેલ તરીકે ગણાશે.

આજ તારીખ ૨૩મી જુલાઈ, ૨૦૨૬.

સહી/-
**મે. પરિમલ કે. શ્રોફ & કું. માટે, પ્રોપરાઈટર**
વિકાસકારોના એડવોકેટ્સ, & સોલીસિટર્સ
રૂસ્તમ બિલ્ડિંગ, ૧લો માળ, ૨૯, વીર નરીમન રોડ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૩.

# નીટ સહિત પરીક્ષામાં ગેરરીતિના કેસોની ઝડપી સુનાવણી માટે મહારાષ્ટ્રમાં બે વિશેષ કોર્ટની નિયુક્તિ

મુંબઈ : મહારાષ્ટ્રમાં NEET સહિત જાહેર પરીક્ષાઓમાં ગેરરીતિ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સંબંધિત કેસોની ઝડપી સુનાવણી માટે બોમ્બે હાઈ કોર્ટે નાગપુર અને છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં એક-એક એમ બે વિશેષ કોર્ટને નિયુક્ત કરી છે. આ નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા પરીક્ષામાં ગેરરીતિના કેસો માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના કરવાની ખાતરી આપ્યાના એક દિવસ બાદ લેવામાં આવ્યો છે.

બોમ્બે હાઈ કોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ રવિન્દ્ર ઘુગેએ છત્રપતિ સંભાજીનગરના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એસ.વી. પવાર અને નાગપુરના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ગુલશન કોલતેને આ પ્રકારના કેસોની સુનાવણી માટે નિયુક્ત કર્યા છે.

હાઈ કોર્ટના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્ર સરકારના નિર્દેશ બાદ આ નિર્ણય લેવાયો છે. કેન્દ્રે ઓછામાં ઓછા બે મોટા જિલ્લાઓમાં જાહેર પરીક્ષા (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) અધિનિયમ ૨૦૨૪ તેમજ ભારતીય ન્યાય સંહિતા (BNS) હેઠળ નોંધાયેલા ગુનાઓની ટ્રાયલ માટે વિશેષ કોર્ટ નિયુક્ત કરવા સૂચના આપી હતી.

૨૦૨૪ના આ અધિનિયમ હેઠળ આ પ્રકારના કેસોની ટ્રાયલ ત્રણ મહિનાની અંદર પૂર્ણ કરવાની જોગવાઈ છે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે મે મહિનામાં NEET-UG પરીક્ષામાં કથિત પેપર લીક અને અન્ય ગેરરીતિઓને લઈને વિદ્યાર્થીઓ અને સામાજિક કાર્યકરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પરીક્ષામાં થયેલી ગેરરીતિઓ બદલ કાર્યવાહીની માગ ઊઠી રહી છે.

દરમિયાન, શિક્ષણ ક્ષેત્રમાં સુધારા અને પરીક્ષા ગેરરીતિઓ અંગે સરકાર પાસે કાર્યવાહીની માગ સાથે જૂનના અંતથી દિલ્હીના જંતર-મંતર ખાતે વિદ્યાર્થીઓના નેતૃત્વમાં વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે. દિલ્હીના આંદોલનના સમર્થનમાં દેશના વિવિધ ભાગોમાં વિદ્યાર્થી સંગઠનો, કાર્યકરો અને સામાન્ય નાગરિકો દ્વારા પણ મોટાપાયે વિરોધ પ્રદર્શન કરાઈ રહ્યા છે. ■

# મહારાષ્ટ્રમાં પોલીસ રાજ, ફડણવીસ દુર્યોધનની જેમ વર્તે છેઃ સપકાલ

મુંબઈ : મહારાષ્ટ્ર કૉંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાલે શુક્રવારે આક્ષેપ કર્યો હતો કે ભાજપના નેતૃત્વવાળી વર્તમાન 'મહાયુતિ' સરકાર હેઠળનું 'પોલીસ રાજ' રાજ્ય માટે એક કલંક સમાન છે અને તેમણે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પર 'દુર્યોધન'ની જેમ વર્તવાનો આરોપ મૂક્યો હતો.

તેમણે મુંબઈના પોલીસકર્મીને સસ્પેન્ડ કરવાની પણ માગ કરી, જેણે કથિત રીતે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે ડ્રગ્સના ખોટા કેસ દાખલ કરવાની ધમકી આપી હતી. હવે વધુ એક વીડિયો સામે આવ્યો છે, જેમાં મધ્ય મુંબઈના દાદરમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન સાદા વેશમાં રહેલો એક પોલીસકર્મી મહિલા પ્રદર્શનકારીને પકડીને તેની સાથે ગેરવર્તણૂક કરતો જોવા મળે છે.

કૉંગ્રેસના રાજ્ય મુખ્યાલય 'તિલક ભવન' ખાતે પત્રકારો સાથે વાતચીત કરતા સપકાલે કહ્યું કે 'પોલીસ રાજ' મહારાષ્ટ્ર પર એક કલંક છે. માત્ર દેખાવ પૂરતી કાર્યવાહી પૂરતી નથી; જે પોલીસકર્મીએ વિદ્યાર્થીઓને ધમકી આપી હતી તેને ફરજ પરથી મુક્ત કરવા જ જોઈએ. 'જ્યારે પોલીસ આપણી દીકરીઓ પર હાથ ઉપાડે ત્યારે જો મુખ્ય પ્રધાનને ગુસ્સો કે શરમ ન આવતી હોય, તો તે રાજ્યનું દુર્ભાગ્ય છે. વિદ્યાર્થીઓ પર કથિત અત્યાચાર મામલે પોલીસ દ્વારા આપવામાં આવતી સ્પષ્ટતા શરમજનક છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તમામ સંવેદનશીલતા ગુમાવી દીધી છે,' તેવો તેમણે આક્ષેપ કર્યો.

**ધી બોમ્બે મારકેટ આર્ટ સિલ્ક કો-ઓપરેટીવ (શોપ્સ એન્ડ વેર હાઉસીઝ) સોસાયટી લીમીટેડ**
ઉમરવાડા, સુરત-૩૯૫૦૧૦.

**જાહેર નોટીસ**

સર્વે સભાસદોને જાણ કરવામાં આવે છે કે **તા.૧૮-૦૭-૨૦૨૬** ના રોજ યોજાયેલ સોસાયટીની ચૂંટણી દરમિયાન મતગણતરી પ્રક્રિયામાં અપેક્ષા કરતા વધુ સમય લાગવાને કારણે તે દિવસે યોજાનારી **૫૫મી (પંચાવનમી) વાર્ષિક સામાન્ય સભા** મુલતવી રાખવામાં આવી હતી.

આથી સર્વે સભાસદોને જાણ કરવામાં આવે છે કે સોસાયટીની **૫૫મી (પંચાવનમી) વાર્ષિક સામાન્ય સભા હવે નીચે મુજબ યોજવામાં આવશે.**

**તારીખઃ શુક્રવાર, તા.૦૭ ઓગષ્ટ ૨૦૨૬**
**સમયઃ સાંજે ૪.૦૦ વાગ્યે**
**સ્થળઃ કોન્ફરન્સ હોલ, બોમ્બે માર્કેટ રજિસ્ટર્ડ ઓફિસ, સુરત.**

**નોંધઃ-**
૧. અગાઉ જાહેર કરાયેલ એજન્ડા યથાવત રહેશે.
૨. વાર્ષિક સામાન્ય સભામાં માત્ર સોસાયટીના સભાસદોને જ હાજરી આપવાની રહેશે.
૩. પ્રોકસી (Proxy) અથવા પાવર ઓફ એટોર્ની (Power of Attorney) ધારકને સભામાં હાજરી આપવા અથવા ભાગ લેવાની મંજૂરી આપવામાં આવશે નહીં.
૪. જો નિયત સમયે સભા માટે જરૂરી કોરમ (Quorum) પૂર્ણ નહીં થાય, તો સભા ૩૦ (ત્રીસ) મિનિટ માટે મુલતવી રાખવામાં આવશે અને ત્યારબાદ તે જ દિવસે, તે જ સ્થળે ફરીથી યોજવામાં આવશે. ત્યારબાદ યોજાનારી સભામાં હાજર રહેલા સભાસદો દ્વારા લાગુ પડતા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, નિયમો તથા સોસાયટીના ઉપવિધિઓ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

આથી સર્વે સભાસદોને સમયસર હાજર રહી સભાની કાર્યવાહી માં ભાગ લેવા વિનંતી કરવામાં આવે છે.

**મેનેજર**
**શ્રી ચેતન વાય. મહેતા**

## મુંબઈમાં વરસાદથી થોડી રાહત

# વીકએન્ડમાં યલો અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ: મુંબઈમાં ઘણા દિવસોથી પડી રહેલા વરસાદનું જોર શુક્રવારે થોડું હળવું થયું હતું. શહેરના મોટાભાગના વિસ્તારોમાં હળવો વરસાદ નોંધાયો હતો. જોકે ભારતીય હવામાન વિભાગ સપ્તાહના અંતે ફરી વરસાદની આગાહી કરી છે અને મુંબઈ માટે યલો એલર્ટ જારી કર્યું છે, જેમાં અલગ અલગ સ્થળોએ ૫૦-૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ભારે પવન ફૂંકાઈને વરસાદની આગાહી કરવામાં આવી છે.

મુંબઈમાં છેલ્લા ચાર-પાંચ દિવસથી સતત વરસાદ પડી રહ્યો છે, જેમાં શુક્રવાર વરસાદે વિરામ લીધો હતો. દિવસ દરમ્યાન ઝરમર (જુઓ પાનું ૪)

### પવના ડેમ ૯૫ ટકા ભરાયો

પુણે: પિંપરી-ચિંચવડ અને આસપાસના વિસ્તારોના રહીશો માટે પીવાના પાણીને લઈને મોટા અને રાહતના સમાચાર સામે આવ્યા છે. માવળ ખાતે આવેલો અને શહેરની લાઈફલાઈન ગણાતો પાવના ડેમ ભારે વરસાદને કારણે પોતાની જળસંગ્રહ ક્ષમતાના ૯૪.૯૮ ટકા એટલે કે આશરે ૯૫ ટકા સુધી ભરાઈ ગયો છે. આ સાથે જ પિંપરી-ચિંચવડવાસીઓ માથેથી (જુઓ પાનું ૪)

### જળાશયોમાં ૭૭.૬૨ ટકા પાણી જમા: ૧૦ ટકા પાણીકાપ ચાલુ રહેશે

તાજેતરના વરસાદને પગલે શહેરને પાણીપુરવઠો કરનારા જળાશયોની સપાટીમાં નોંધપાત્ર વધારો થયો છે. શુક્રવારે મુંબઈને પાણી પૂરું પાડતા સાત તળાવોમાં સંયુક્ત પાણીનો જથ્થો ૧૧.૨૩ લાખ મિલ્યન લિટરને વટાવી ગયો હતો, જે કુલ જરૂરી ક્ષમતાના ૭૭.૬૨ ટકા સુધી પહોંચી ગયો હતો, જે એક દિવસ પહેલા ૬૯.૭૪ ટકા હતો. અત્યાર સુધીમાં, તુલસી, વિહાર, તાનસા અને મોડક સાગર તળાવો આ (જુઓ પાનું ૪)

### ધૂળેમાં નદીમાં વૃદ્ધ મહિલા અને પુરુષ તણાઈ ગયાં

ધુળે જિલ્લામાં શુક્રવારે ભારે વરસાદ દરમ્યાન અલગ અલગ ઘટનામાં એક ૬૫ વર્ષીય મહિલા અને એક ૪૦ વર્ષીય પુરુષ તણાઈ ગયા હતા. શુક્રવારે બપોરે લગભગ ૧.૩૦ વાગ્યે માંજરી તાલુકાના રહેવાસી જેઠીબાઈ કુવર સાકરીમાં પૂરગ્રસ્ત પાંજરા નદીમાં ડૂબી ગયા હતા. અન્ય એક ઘટનામાં ભરત માલી બલ્હાણે ગામમાં ગટખલ નદીમાં તણાઈ ગયા હતા. છેલ્લા બે દિવસમાં ભારે વરસાદને કારણે પાંજરા નદી પરનો પાંજરા મધ્યમ પ્રોજેક્ટ સંપૂર્ણ ક્ષમતા પર પહોંચી ગયો હતો અને પાંજરા નદીમાં પૂરથી ભરાયેલા મધ્યમ પ્રોજેક્ટમાંથી પાણી છોડવું પડ્યું, જેના કારણે પાંજરા નદીમાં પાણી ભરાઈ ગયું હતું. ■

## પાલઘરમાં બચાવ કામગીરી પૂર્ણ

## બે દિવસમાં ૧,૧૦૦થી વધુ લોકોનું સ્થળાંતર, મૃત્યુઆંક ત્રણ થયો

પાલઘર: પાલઘર જિલ્લામાં છેલ્લા બે દિવસમાં ભારે વરસાદને કારણે ઓછોમાં ઓછા બે લોકોનાં મોત થયા છે. ભારે વરસાદને પગલે અનેક ગામો સાથેનો સંપર્ક કપાઈ ગયો છે. સ્થાનિક વહીવટીતંત્ર અને બે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ) ટીમે રાતોરાત બચાવ કામગીરી હાથ ધરીને પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી ૧,૧૫૫થી વધુ લોકોનું સ્થળાંતર કરીને તેમને બચાવ્યા હોવાનું અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું. સુરક્ષાનાં કારણોસર જિલ્લાની શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓને શુક્રવારે પણ બંધ રાખવામાં આવી હતી. ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના વડા વિવેકાનંદ કદમે જણાવ્યું હતું કે મલ્ટી-ઍજન્સી બચાવ અને રાહત કામગીરી સવારે પાંચ વાગ્યાની (જુઓ પાનું ૪)

### વિહારમાં યુવક ડૂબી ગયો

પવઈમાં આવેલા વિહાર તળાવમાં ગુરુવારે ફિલ્ટર પાડા, બાંગુરગાવનો ૧૯ વર્ષનો યુવક તરવા ગયો હતો, જેમાં પાણીનો સ્તર વધુ હોવાથી તે ડૂબી ગયો હતો. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ તેનો મૃતદેહ ભારે જહેમત બાદ શુક્રવારે બપોરના ૨.૧૫ વાગ્યાની આસપાસ મળી આવ્યો હતો. મૃતકનું નામ કૈલાણ સોમન હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■




## મુંબઈમાં પોલીસે મહિલા પ્રદર્શનકારી સાથે ગેરવર્તણૂક કર્યાનો વીડિયો વાઈરલ

મુંબઈ: મુંબઈમાં નીટ પેપર લીક સામેના વિરોધ પ્રદર્શન દરમિયાન એક પોલીસકર્મી દ્વારા મહિલા પ્રદર્શનકારી સાથે કથિત રીતે ગેરવર્તણૂક (ધક્કામુક્કી) કરવામાં આવી હોવાનો વીડિયો વિવાદનું કારણ બન્યો છે. વિપક્ષી નેતાઓએ તે પોલીસકર્મી સામે કડક કાર્યવાહીની માગ કરી છે.

મધ્ય મુંબઈના દાદરમાં થયેલા વિરોધ પ્રદર્શનના એક વાઇરલ વીડિયો અંગે વિપક્ષે રોષ વ્યક્ત કર્યો છે. આ વીડિયોમાં સાદા વેશમાં રહેલા એક પોલીસકર્મીને વિરોધ કરી રહેલા એક પુરુષને પકડતા અને સાથે જ બચાવ કરવા વચ્ચે આવતી એક મહિલાને પણ પકડતા જોઈ શકાય છે.

મુંબઈ કૉંગ્રેસના વડા વર્ષા ગાયકવાડે 'એક્સ' પર વિરોધ પ્રદર્શનનો વીડિયો શેર કરતા દાવો કર્યો હતો કે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને ધમકાવવામાં આવી રહ્યા છે અને તેમની સામે ખોટા કેસ દાખલ કરવામાં આવી રહ્યા છે. દિવસ દરમિયાન અગાઉની અન્ય એક પોસ્ટમાં, તેમણે પોલીસ કર્મચારીઓના વર્તન પર સવાલ ઉઠાવ્યા હતા. એનસીપી (એસપી) ના ધારાસભ્ય રોહિત પવારે, પણ વિરોધ પ્રદર્શનનો એ જ વીડિયો શેર (જુઓ પાનું ૪)

### પોલીસ આંદોલનકારીને રોકવાનો પ્રયાસ કરી રહી હતી, મહિલા વચ્ચે આવી ગઇ

#### વાઈરલ થયેલા વીડિયો પર મુંબઈ પોલીસની સ્પષ્ટતા

મુંબઈ: મુંબઈમાં આંદોલન દરમિયાન પોલીસ કર્મચારી એક મહિલા આંદોલનકારી સાથે કથિત રીતે ગેરવર્તન કરતો હોવાનો વીડિયો વાઇરલ થયા બાદ પોલીસની આકરી ટીકા થઇ હતી. આ સામે હવે મુંબઈ પોલીસે શુક્રવારે સ્પષ્ટતા કરી હતી કે ઘટનાનું ખોટું અર્થઘટન કરવામાં આવી છે. સાદાવેશમાં તે પોલીસ કર્મચારી પુરુષ આંદોલનકારીને રોકવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે મહિલા વચ્ચે આવી ગઇ હતી.કૉંગ્રેસનાં સાંસદ વર્ષા ગાયકવાડે એક્સ પર વીડિયો શૅર કર્યો ત્યારે વિપક્ષ દ્વારા આકરી ટીકા કરાઇ હતી, જ્યારે રાષ્ટ્રવાદી (એસપી)ના નેતા રોહિત પવારે ક્લિપમાં દેખાતાં (જુઓ પાનું ૪)

## મહારાષ્ટ્ર સરકારે એમબીબીએસ સ્નાતકો માટે ફરજિયાત એક વર્ષના સર્વિસ બોન્ડની શરત રદ કરી

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે રાજ્યની મેડિકલ કોલેજોના એમબીબીએસ વિદ્યાર્થીઓ માટે ફરજિયાત એક વર્ષના સર્વિસ બોન્ડની શરત રદ કરી છે.

આ નિર્ણયથી સરકારી, અનુદાનિત અને મ્યુનિસિપલ મેડિકલ કોલેજો તેમજ ખાનગી બિન-અનુદાનિત કોલેજોના સ્નાતકોને લાભ થશે. ૨૩ જુલાઈના સરકારી ઠરાવ (જીઆર) મુજબ, બોન્ડની શરત માત્ર એવા જ સ્નાતકોને લાગુ પડશે જેમણે આ ઠરાવ પહેલાં જ તેમને ફાળવવામાં આવેલી બોન્ડ-સર્વિસની જગ્યાએ ફરજ સંભાળી લીધી હોય. જેમને કોઈ પદ ફાળવવામાં આવ્યું નહોતું અથવા ફાળવવામાં (જુઓ પાનું ૪)

## તમારા હાથમાં બંદૂકો-ડંડા, અમારા હાથમાં તિરંગો: ઉદ્ધવ ઠાકરે

મુંબઈ: કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા માટે કોક્રોચ જનતા પાર્ટી દિલ્હીના જંતર મંતર પર વિરોધ પ્રદર્શન કરી રહી છે. મહારાષ્ટ્રમાં પણ જોરદાર વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. શુક્રવારે શિવાજી પાર્ક ખાતે ફરી એકવાર વિદ્યાર્થીઓ વિશાળ સંખ્યામાં ઊમટી પડ્યા હતા. શિવસેના ઠાકરે જૂથ દ્વારા તિરંગા મોરચો કાઢવામાં આવ્યો હતો. આ મોરચાને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો. શિવાજી પાર્ક ખાતે યુવાનો એકઠા થયા. મોરચાને સંબોધિત કરતી વખતે શિવસેના પક્ષના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ ફરી એકવાર ભાજપને પડકાર ફેંક્યો હતો.

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે 'આ તિરંગા સામે લડવાની હિંમત આજ સુધી કોઈએ કરી નથી. તમે લાકડીઓ લઈને આવો, તમે (જુઓ પાનું ૪)

## મુંબઈમાં ઠાકરે બંધુઓના મહામોરચામાં કૉંગ્રેસ પણ જોડાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રમાં વિદ્યાર્થીઓના મુદ્દે રાજકીય વાતાવરણ ગરમાઈ રહ્યું છે ત્યારે વિદ્યાર્થીઓના પ્રશ્નોને લઈને શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે અને મનસે પ્રમુખ રાજ ઠાકરે દ્વારા ૨૬ જુલાઈએ મુંબઈમાં યોજાનારા મહામોરચામાં કૉંગ્રેસ પણ જોડાઈ તેવા સંકેત આપવામાં આવ્યા છે. મહારાષ્ટ્ર કૉંગ્રેસના અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળે જણાવ્યું કે વિદ્યાર્થીઓના મુદ્દે જો તમામ પક્ષો એકસાથે આવી રહ્યા હોય તો કૉંગ્રેસને તેમાં કોઈ વાંધો નથી. આ અંગે રવિવારના મોર્ચાની રણનીતિ નક્કી કરવા મહાવિકાસ આઘાડીની બેઠક યોજાવાની છે. રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેએ ૨૩ જુલાઈએ સંયુક્ત પત્રકાર પરિષદ યોજીને વિદ્યાર્થીઓની માગણીઓના સમર્થનમાં મહામોરચાની જાહેરાત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓ, વાલીઓ અને અન્ય રાજકીય પક્ષોને પણ મોરચામાં જોડાવાની (જુઓ પાનું ૪)

## બાન્દ્રામાં સ્ટેટ ઈલેક્ટ્રિસિટીના મુખ્યાલયમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બાન્દ્રા પૂર્વમાં આવેલા મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રીબ્યુશન કંપની લિમિટેડનું મુખ્યાલય પ્રકાશગઢમાં શુક્રવારે બપોરના આગ ફાટી નીકળી હતી, જેના કારણે કર્મચારીઓમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. આગને કારણે આખી ઇમારત ખાલી કરાવવામાં આવી હતી. આગને કારણે ત્રણ કર્મચારીઓને ગૂંગળામણ થતા તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પ્રાથમિક માહિતી અનુસાર શુક્રવારે બપોરના મુખ્યાલયની બિલ્ડિંગના છઠ્ઠા માળે આગ લાગી હતી. છઠ્ઠા માળેથી ગાઢ ધુમાડો નીકળવા લાગ્યો હતો, તેની સાથે તીવ્ર સળગતી ગંધ પણ આવવા માંડી હતી, જેના કારણે કર્મચારીઓમાં ગભરાટ ફેલાયો હતો. બિલ્ડિંગના કેટલાક ભાગોમાં ધુમાડો ફેલાતાં અધિકારીઓએ તાત્કાલિક સ્થળાંતર શરૂ કર્યું હતું અને સાવચેતીનાં પગલાં તરીકે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

ઘટનાની માહિતી મળતાં જ મુંબઈ ફાયર બ્રિગેડ પાંચ ફાયર એન્જિન સાથે ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આગને કાબૂમાં લેવા અને તેને ઇમારતના અન્ય ભાગોમાં ફેલાતી અટકાવવા માટે ફાયર ફાઇટરોએ કામગીરી શરૂ કરી હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. અધિકારીઓએ શોર્ટ સર્કિટની શક્યતા વ્યક્ત કરી હતી. જોકે આગ સંપૂર્ણપણે (જુઓ પાનું ૪)

## સચિન આહિરના વરલીના ઘરમાંથી ૨.૬૫ કરોડ રૂપિયાની મતાની ચોરીના કેસમાં નોકર ઝડપાયો

મુંબઈ: શિવસેનાના વરિષ્ઠ નેતા અને મહારાષ્ટ્ર વિધાન પરિષદના ઉપાધ્યક્ષ સચિન આહિરના વરલી સ્થિત નિવાસસ્થાને રોકડ અને ઘરેણાં સહિત ૨.૬૫ કરોડ રૂપિયાની મતાની ચોરીના કેસમાં ક્રાઇમ બ્રાન્ચે નોકરની ધરપકડ કરી હતી.

નોકરની ઓળખ પ્રવીણ સોલંકી (૪૫) તરીકે થઇ હોઇ તે છેલ્લા બે દાયકાથી ત્યાં કામ કરતો હતો. પોલીસ હવે આહિરને ત્યાં ઘરકામ કરનારા અન્ય ત્રણ જણની તપાસ કરી રહી છે.

સચિન આહિરના પુત્ર કૃષ્ણ આહિરે આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે છેલ્લાં ત્રણ વર્ષથી તેમના ઘરમાંથી કીમતી મતા ચોરાઇ હતી, જેમાં સોના-હીરા જડિત દાગીના, ચાંદીનાં વાસણો અને રોકડનો સમાવેશ હતો.

ચોરીમાં ચાર ઘરનોકરની સંડોવણીની શંકા વ્યક્ત કરવામાં આવી હતી. આ પ્રકરણે ગુનો (જુઓ પાનું ૪)

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**